Wednesday, 19 August 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥



મહાન સપના જોવા વાળાના મહાન સપના હંમેશા પુરા થાય છે.
- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૪૪ ● સંવત-૨૦૮૨ શ્રાવણ સુદ સાતમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD


### દમણ કોસ્ટગાર્ડ એરસ્ટેશનનું સફળ ઓપરેશન

## નવસારીના કૃષ્ણપુરથી વલસાડ તરફ જતી ‘જયમાલા’ બોટમાં ખામી સર્જાતા ૯ વ્યક્તિઓનું સફળ રેસ્ક્યૂ કરાયું

### નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીની સૂચનાથી વહીવટી તંત્રની ત્વરિત કામગીરી : દમણ કોસ્ટગાર્ડ હેલિકોપ્ટરથી ૯ લોકોને બચાવાયા











### ધોલાઈ બંદરથી ૨.૫ નોટિકલ માઈલ દૂર બોટનું એન્જિન બંધ થતાં રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી, દમણ, તા.૧૮**

નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના કૃષ્ણપુર ખાતેથી ‘જયમાલા’ નામની બોટ આજે માલિક શ્રી દીપકભાઈ ટંડેલ સહિત કુલ ૯ વ્યક્તિઓને લઈને વલસાડ તરફ જવા રવાના થઈ હતી. ધોલાઈ બંદરથી આશરે ૨.૫ નોટિકલ માઈલ દૂર પહોંચતા બોટમાં ટેકનિકલ ખામી સર્જાતા તેનું એન્જિન બંધ થઈ ગયું હતું, જેના કારણે બોટમાં સવાર વ્યક્તિઓ દ્વારા રેસ્ક્યુ માટે કોલ કરવામાં આવ્યો હતો.

રેસ્ક્યુ કોલ મળતાં જ નવસારી જિલ્લા કલેક્ટર શ્રી મનીષ ગુરવાનીની સૂચના અને માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક તબક્કે એનડીઆરએફની ટીમને ધોલાઈ બંદર ખાતે રવાના કરવામાં આવી હતી. દરમિયાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતા બોટમાં સવાર વ્યક્તિઓનું હેલિકોપ્ટર મારફતે રેસ્ક્યુ કરવું જરૂરી જણાતા જિલ્લા કલેક્ટર શ્રી મનીષ ગુરવાનીએ દમણ કોસ્ટગાર્ડના ડી.આઈ.જી. સાથે તાત્કાલિક સંપર્ક કરી હેલિકોપ્ટરની વ્યવસ્થા કરાવી હતી. જલાલપોરના મામલતદાર દ્વારા દમણ કોસ્ટગાર્ડના કમાન્ડન્ટશ્રી સાથે સતત સંકલન રાખીને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

દમણ કોસ્ટગાર્ડના ‘ચેતક’ હેલિકોપ્ટર દ્વારા બોટમાં સવાર તમામ ૯ વ્યક્તિઓનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. રેસ્ક્યુ કરાયેલા પૈકી ૩ વ્યક્તિઓને વલસાડ જિલ્લાના દાંડી ખાતે તથા ૬ વ્યક્તિઓને વલસાડ જિલ્લાના ભાગળ ખાતે સલામત રીતે પહોંચાડવામાં આવ્યા હતા. જેમાં ૩ માછીમારોને સામાન્ય ઈજા થઈ હતી તેમને કોસ્ટગાર્ડ એરસ્ટેશન દમણ ખાતે લાવી પ્રાથમિક ઉપચાર કર્યા બાદ વધુ સારી આરોગ્ય સુવિધા માટે સરકારી હોસ્પિટલ મોકલાયા હતા.

નવસારી જિલ્લા વહીવટી તંત્ર, એનડીઆરએફ અને દમણ કોસ્ટગાર્ડ વચ્ચેના અસરકારક સંકલન અને ઝડપી કામગીરીના પરિણામે બોટમાં સવાર તમામ ૯ વ્યક્તિઓને સમયસર સલામત સ્થળે પહોંચાડી રેસ્ક્યુ ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

અત્રે યાદ રહે કે, દમણ કોસ્ટગાર્ડની ઝડપી અને સંકલિત કાર્યવાહીએ એક સંભવિત દુર્ઘટનાને ટાળી દીધી હતી અને સમુદ્ર જીવનની રક્ષા તથા માછીમારો અને નાવિકોની સુરક્ષા પ્રત્યે પોતાની અતૂટ પ્રતિબદ્ધતાને ફરી એકવાર કોસ્ટગાર્ડે પ્રમાણિત કરી છે.

## દેશના ૩૨૬ સાંસદો સામે ફોજદારી કેસઃ પેન્ડિંગ કેસોના ઝડપી નિકાલ માટે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું

### દેશમાં રાજકારણના અપરાધીકરણ અંગે સુપ્રીમ કોર્ટમાં રજૂ થયેલો એક મહત્ત્વનો અહેવાલ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવી દિલ્હી, તા.૧૮**

દેશમાં રાજકારણના અપરાધીકરણ અંગે સુપ્રીમ કોર્ટમાં એક મહત્ત્વનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટમાં રજૂ કરાયેલા રાજકારણના અપરાધીકરણ અંગેના અહેવાલમાં જણાવાયું છે કે લોકસભાના ૫૪૩ સભ્યમાંથી ૨૫૧ સભ્ય અને રાજ્યસભાના ૨૩૩ સભ્યમાંથી ૭૫ સાંસદ સામે ફોજદારી કેસ છે.

સાંસદો અને ધારાસભ્યો સામે ફોજદારી કેસોનો ઝડપી નિકાલ લાવવાની માંગ કરતી પીઆઈએલમાં એમિકસ ક્યુરી તરીકે નિયુક્ત થયેલા વરિષ્ઠ વકીલ વિજય હંસારિયા દ્વારા સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરાયેલ સોગંદનામામાં કહેવામાં આવ્યું છે કે સંસદસભ્યો અને ધારાસભ્યો સામે ૪,૦૦૦થી વધુ ફોજદારી કેસ છે.

**રાજ્યસભામાં ૩૩ ટકા સભ્ય સામે ફોજદારી કેસ**

રાજ્યસભામાં ૨૩૩ સભ્યમાંથી ૭૫ (૩૩ ટકા) સભ્ય સામે ફોજદારી કેસ છે, જેમાંથી ૪૦ (૧૮ ટકા) કેસ ગંભીર ફોજદારી કેસ છે (પાંચ વર્ષ કેતેથી વધુ કેદની સજાપાત્ર છે), તેવું એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ દ્વારા પ્રકાશિત અહેવાલનો ઉલ્લેખ કરતી વખતે સોગંદનામામાં જણાવાયું છે.

સાંસદ/ધારાસભ્યો સામેના ફોજદારી કેસોના ઝડપી નિકાલ માટે ટોચની અદાલત દ્વારા દેખરેખ રાખવાની જરૂર છે તે ભારપૂર્વક જણાવતા, મિત્રાએ નિર્દેશો માંગ્યા છે કે સ્પેશિયલ કોર્ટ એમપી/ધારાસભ્યો તરીકે નિયુક્ત અદાલતો ફક્ત સાંસદ/ધારાસભ્યો સામે ટ્રાયલ ચલાવે; અને જયારે આ કેસોની ટ્રાયલ પૂર્ણ થશે, ત્યારે જ અન્ય કેસ હાથ ધરવામાં આવશે.

**કેસના નિકાલ માટે ખાસ બેન્ચની સ્થાપના કરવાનો નિર્દેશ**

વરિષ્ઠ વકીલે એવી પણ વિનંતી કરી કે હાઈ કોર્ટ્સ કેસોનું માઈક્રોમોનિટરિંગ કરે અને દરેક કેસમાં અસરકારક આદેશો પસાર કરે, જ્યાં આવા કેસ ત્રણ વર્ષથી વધુ સમયથી પેન્ડિંગ હોય. હંસરિયા કાયદા નિર્માતાઓ સામેના કેસના ઝડપી નિકાલ માટે અશ્વિની ઉપાધ્યાય દ્વારા દાખલ કરાયેલી પીઆઈએલમાં કોર્ટને મદદ કરી રહ્યા છે.

નવ નવેમ્બર, ૨૦૨૩ના સાંસદો સામેના ૫,૦૦૦થી વધુ ફોજદારી કેસોમાં ટ્રાયલ ફાસ્ટટ્રેક કરવાના હેતુથી એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે ઉચ્ચ અદાલતોને તેમના ઝડપી નિકાલ માટે કેસોની દેખરેખ માટે એક ખાસ બેન્ચની સ્થાપના કરવાનો નિર્દેશ આપ્યો હતો.

**ફોજદારી કેસોને પ્રાથમિકતાઆપવામાં આવે**

તેણે ખાસ અદાલતોને ‘દુર્લભ અને અનિવાર્ય કારણોસર’ સિવાય આવા કેસોમાં કાર્યવાહી મુલતવી ન રાખવા જણાવ્યું હતું. ઉચ્ચ અદાલતો, જિલ્લા ન્યાયાધીશો અને કાયદા ઘડનારાઓ સંબંધિત કેસોની સુનાવણી માટે નિયુક્ત વિશેષ અદાલતોને અનેક નિર્દેશો જારી કરીને, સર્વોચ્ચ અદાલતે નિર્દેશ આપ્યો હતો કે સંસદ, વિધાનસભાઓ અને વિધાનસભા પરિષદોના સભ્યો સામેના ફોજદારી કેસોને પ્રાથમિકતા આપવામાં આવે.

## જુલાઈમાં દાનહમાં વરસેલા ભારે વરસાદ અને પૂરના કારણે અસરગ્રસ્ત નાગરિકોને વળતર આપવા સેલવાસ ન.પા.કાઉન્સિલર સુમનભાઈપટેલની જિલ્લા કલેક્ટરને રજૂઆત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૮**

દાનહ અને સેલવાસ નગરપાલિકા વિસ્તારમાં ગત ૨૨,૨૩ જુલાઈના રોજ રાત્રીના સમયે પડેલ ભારે વરસાદને કારણે થયેલ નુકસાનના સર્વેના આધારે પ્રભાવિત લોકોને થયેલ નુકસાન અનુસાર જલ્દી વળતર આપવા પાલિકા સભ્ય સુમનભાઈ પટેલ દ્વારા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે. ગત ૨૨ અને ૨૩ જુલાઈના રોજ રાત્રે થયેલ ભારે વરસાદના કારણે આખા દાદરા નગર હવેલીમાં પુર જેવી સ્થિતિ ઉત્પન્ન થઇ હતી. જેના કારણે કેટલાક વિસ્તારના લોકોના ઘરોમાં પાણી ભરાઈ જવાને કારણે ઘરલું સામાન અને અન્ય સંપત્તિઆને ભારે નુકસાન થયેલ છે. આ પરિસ્થિતિમાં દાનહના વિવિધ વિસ્તારો અને વિશેષરૂપે સેલવાસ પાલિકા વિસ્તારમાં ૧૨૦૦થી વધુ પરિવારો પ્રભાવિત થયા હતા.

વોર્ડ નંબર ૩, ૪, ૧૩ અને ૧૫ બાલદેવી, બાવીસા ફળિયા, ડોકમરડી અને આજુબાજુના અન્ય વિસ્તારોમાં પણ ભારે વરસાદને કારણે પાણી ભરાવાના કારણે લોકોને ઘણું નુકસાન થયેલ છે. આ વિસ્તારોમાં અંદાજીત ૪૨૫થી વધુ ઘરો અને રૂમમાં પાણી ભરાઈ જવાને કારણે લોકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. એમા કેટલાક આદિવાસી પરિવારના કાચા મકાનો હોવાને કારણે એમના મકાનો અને ઘરેલું સામાનને વધુ નુકસાન થયું છે. આ આખી સ્થિતિથી પ્રશાસનની ટીમ અવગત છે. સાથે આ દુઃખની ઘડીમા પ્રશાસનના દરેક નાના કર્મચારીઓ, દરેક અધિકારીઓ, ચૂંટાયેલ જનપ્રતિનિધિઓ અને અગ્રણીઓ રાતદિવસ લોકોને સુવિધા અને સહાયતા માટે સરાહનીય કાર્ય કરેલ, એના માટે પ્રશાસન પ્રત્યે હાર્દિક આભાર અને ધન્યવાદ વ્યક્ત કરીએ છીએ. ઉક્ત નુકસાનના સંબંધમાં પ્રશાસનની ટીમ દ્વારા પાલિકાના પ્રભાવિત વિસ્તારમાં જઈ આધારકાર્ડ, ફોટો અને અન્ય આવશ્યક જાણકારી પ્રાપ્ત કરી સર્વેની કાર્યવાહી કરવામા આવી છે. સાથે પ્રભાવિત લોકોના બેંક ખાતાની જાણકારી પણ પ્રાપ્ત કરેલ છે. જેથી પ્રભાવિત લોકોના સર્વેની કાર્ય પૂર્ણ થઇ ચૂકેલ છે અને નુકસાન સબંધિત જાણકારી પ્રશાસનના રેકોડમાં ઉપલબ્ધ છે. સર્વે દરમિયાન કેટલાક લોકોને ઓછુ નુકસાન થયેલ અને કેટલાકને ઘણું નુકસાન થયેલ છે. જેથી જે લોકાને જેટલું નુકસાન થયેલ એના અનુસાર નુકસાનના ઉચિત આકલન કરી તેઓને તાત્કાલિક ઉચિત વળતર એમના બેંક ખાતામાં જમા કરાવવામા આવે, જેથી પ્રભાવિત પરિવારોને થયેલ નુકસાનથી રાહત મળી શકે



અને તેઓ પોતાના ઘરો અને ઘરેલું સામાનને પુનઃવ્યવસ્થિત કરી શકે. જેથી સર્વેની કામગીરી પૂર્ણ થઇ ગયેલ હોવાને કારણે જે તે નુકસાન થયેલ હોય તેવાને તાત્કાલિક વળતર આપવામા આવે એવી માંગ કરી છે.

## દાનહ અને દમણ-દીવ પ્રશાસન દ્વારા નકલી પનીર પર મોટું એક્શન, એનલોગ પનીર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ/સેલવાસ, તા.૧૮**

દાનહ અને દમણ-દીવ પ્રશાસન દ્વારા પ્રજાના સ્વાસ્થ્ય સાથે રમત રમનાર ભેળસેળીયાઓ સામે કાર્યવાહી શરૂ કરી છે. ખાદ્ય સુરક્ષા આયુક્ત દ્વારા જારી કરવામાં આવેલ આદેશ અનુસાર દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં એનલોગ પનીરના નિર્માણ, સંગ્રહ, વિતરણ અને વેચાણ પર તાત્કાલિક પ્રભાવથી એક વર્ષ માટે પૂર્ણ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

પ્રશાસન અનુસાર એનલોગ પનીર અસલી પનીર ડેરી જેવું જ દેખાય છે. પરંતુ એને દુધની મલાઈની જગ્યાએ વનસ્પતિ તેલ અથવા વનસ્પતિ ફેટ મેળવીને તૈયાર કરવામાં આવે છે. બજારમાં કેટલીક હોટલ, રેસ્ટોરન્ટ અને મીઠાઈ વિક્રેતા ગ્રાહકોને જણાવ્યા વગર એને અસલી પનીરના નામે વેચી રહ્યા છે. આ નકલી પનીરમાં ના તો કોઈ પોષણ હોય છે કે એના માટે કોઈ સુરક્ષિત નિયમો લાગુ છે. જેથી આ સેહત માટે હાનિકારક છે.

આ નાનો કેન્દ્ર શાસિત હોવાને કારણે અહીં વેચાતુ વધુ પડતુ પનીર ગુજરાત અને મહારાષ્ટ્ર જેવા પાડોશી રાજયામાંથી આવે છે. હાલમાં જ મહારાષ્ટ્ર ૩૦ જુલાઈ અને ગુજરાત ૦૫ ઓગસ્ટના રોજ સરકાર દ્વારા આ નકલી પનીર પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. એવામાં અહીંના સ્થાનીય પ્રશાસનને પણ સમય ગુમાવ્યા વગર સ્થાનિક જનતા, પર્યટકો અને પ્રવાસી મજુરોના સ્વાસ્થ્યની રક્ષા માટે આ સખ્ત પગલાં લીધા છે. નો મેન્યૂ ફ્રોડ કોઈપણ હોટલ, ઢાબા અથવા કેટરર પોતાના ખાવાની કોઈપણ ડિશમાં એનલોગ પનીરના ઉપયોગ નહિ કરી શકશે. એને અસલી પનીરની જેમ પિરસવુ કાનૂની અપરાધ માનવામાં આવશે.

પેકેજીંગ નિયમ ફક્ત અસલી અને ફુલ-ફેટ પનીર જ ખુલ્લુ વેચી શકાશે. મીડીયમ અને લો ફેટ પનીર ફક્ત સીલબંધ પેકેટમાં જ વેચવું પડશે. જેના પર દરેક જાણકારીઓ લખેલ હોવી જોઈએ. પ્રશાસન દ્વારા આ આદેશનો ઉલ્લંઘન કરનારને ખાદ્ય ઓપરેટર વિરુદ્ધ ખાદ્ય સુરક્ષા અને માનક અધિનિયમ ૨૦૦૬ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. દોષી જણાતા સામગ્રીને જપ્ત કરી નષ્ટ કરવામા આવશે. સાથે ભારે દંડ અને જેલની સજા પણ થઇ શકે છે.

## દાનહના ખાનવેલની મરાઠી માધ્યમ સરકારી શાળામાં આંતરવર્ગીય ફૂટબોલ સ્પર્ધા યોજાઈ

### ધોરણ ૧૧-સીના વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ સામે ૩-૨ગોલ અંતરથી મેળવેલી જીત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૮**

દાદરા નગર હવેલીના ખાનવેલ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા મરાઠી મીડીયમમાં આંતરવર્ગીય ફુટબોલ હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય સલીમ દિગનકરના નિર્દેશથી શાળાના સ્પોર્ટસ ટીચર સુરેશ રમેશ ઈશી પીજીટી, ફિજીકલ એજ્યુકેશનના માર્ગદર્શનમાં ઉચ્ચતર વિભાગના દરેક ધોરણે ભાગ લીધો હતો. ધોરણ ૧૧ અને ૧૨ના ગ્રુપે ટોપ કર્યુ હતું અને અંતિમ મુકાબલામાં પ્રવેશ કર્યો હતો. અંતિમ મુકાબલો ઘણો રોમાંચક રહ્યો હતો. ધોરણ ૧૧ સીના વિદ્યાર્થીઓએ ૩-૨ના ગોલ અંતરથી સ્પર્ધા જીતી લીધી હતી.

આ અવસરે શ્રી સુરેશ ઈશી, શ્રી જયસન ચૌધરી, શ્રી વિજય માહલા, શ્રી અભિષેક ઘુટે, શ્રી અજીત વાઘ અને શ્રી સમીર સહિત શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.





## ભાજપ મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા વનાથી શ્રીનિવાસને દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પૂર્વ અધ્યક્ષા સિમ્પલબેન કાટેલાનો વિશેષ પત્ર લખીને માનેલો આભાર

### દાનહ અને દમણ-દીવમાં મહિલા મોરચાના અધ્યક્ષા તરીકે સિમ્પલબેન કાટેલાએ પોતાના કુશળ નેતૃત્વ અને જમીની સ્તરના પ્રયાસોથી પ્રદેશના સંગઠનને પ્રભાવશાળી બનાવવા મેળવેલી સફળતા



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવી દિલ્હી, તા.૧૮**

ભારતીય જનતા પાર્ટીના મહિલા મોરચાની રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી વનાથી શ્રીનિવાસને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ મહિલા મોરચાની પૂર્વ અધ્યક્ષા શ્રીમતી સિમ્પલબેન કાટેલાને વિશેષ

- (વધુ પાના નં.૨ પર)






## સુવિચાર - સદ્‌વિચાર

ગમ તું ના રાખ, ગમતું રાખ, આ જીવન છે, આજીવન નથી

## કવિતા

### એક ચા મંગાવ

અફવાથી છાપું ભરવાનું ચાલ, નયન એક ચા મંગાવ,
આજ નથી કંઈ પણ બનવાનું ચાલ, નયન એક ચા મંગાવ

એક નદી તરસી હાલતમાં ઉમ્બરલગ આવી શું કામ?
પંચ નથી કોઈ નીમવાનું ચાલ, નયન એક ચા મંગાવ

હાથ સૂરજનો બારીના સળિયા પાછળ કે, સાંજ પડી,
દિનભરના તડકા ભૂલવાનું ચાલ, નયન એક ચા મંગાવ

શહેર છે આખું મૂર્છિત હાલતમાં ગંદી કોઈ નાળીમાં
બોમ્બ ફૂટ્યાવીણ એ ઊઠવા ચાલ, નયન એક ચા મંગાવ

આમ સતત પડછાયામાં વહેંચાઈ જવાનો મતલબ બોલ!
કેમ દીવાલોમાં ઊગવાનું, ચાલ, નયન એક ચા મંગાવ

ક્યાંકથી ચડ્ડી-બનિયનધારીઓનું કોઈ ટોળું આવે
તોય નથી પીડા લૂંટવાનું ચાલ, નયન એક ચા મંગાવ.

- નયન હ. દેસાઈ

## આજની જોક

પત્ની : તમારી સાથે જીવવા કરતાં તો મોત આવે તો સારૂ !
પતિ: મનેય એવું જ થાય છે કે આનાં કરતાં તો મરી જાઉં તો સારૂં.
પત્ની: તો તો ભૈ સાબ મારે મરવુંય નથી.




## કબીર વાણી

**જો તોકુ કાંટા બુવે, તામિ બુલ બોલ કમાલ;**
**તેકુ કાંટા બુવૈ, તૈકુ ફૂલ કે ફૂલ.**

**-અર્થાત-**

જો કોઈ તમારા રસ્તામાં કાંટા વવે (નુકસાન કરે), તો પણ તમે તેના બદલામાં તેને ફૂલ જ આપો. તમારૂં ભલું જ કરો, કેમ કે તમારા માટે ફૂલ છે અને તેના માટે કાંટા જ છે.



## ચાણક્ય ઉવાચ

**આતુરે વ્યસને પ્રાપ્તે દુર્ભિક્ષે શત્રુસંકટે,**
**રાજદ્વારે શ્મશાને ચ યાતિષ્ટતિ ચ બાંધવ:**

**-અર્થાત-**

જ્યારે કોઈ બિમાર હોય, અચાનક શત્રુથી ઘેરાયેલ હોય ત્યારે, રાજકાર્યમાં સહાયક બનનાર, મૃત્યુ સમયે સ્મશાન લઈ જનાર જ સાચો મિત્ર હોય છે.

## આજનો દિન વિશેષ

### સુધા મૂર્તિ

સુધા મૂર્તિ (ઉર્ફે કુલકર્ણી; જન્મ ૧૯ ઓગસ્ટ ૧૯૫૦) એક ભારતીય શિક્ષિકા, લેખિકા અને પરોપકારી છે. તેઓ બિન-લાભકારી ચેરિટેબલ સંસ્થા ઈન્ફોસિસ ફાઉન્ડેશનના સ્થાપક-અધ્યક્ષ છે. તેમના લગ્ન ઈન્ફોસિસના સહ-સ્થાપક એન.આર.નારાયણ મૂર્તિ સાથે થયા છે. સામાજિક કાર્ય અને શિક્ષણમાં યોગદાન બદલ મૂર્તિને ૮ માર્ચ ૨૦૨૪ ના રોજ રાજ્યસભાના સંસદ સભ્ય તરીકે નામાંકિત કરવામાં આવ્યા હતા. ૨૦૦૬ માં ભારત સરકાર દ્વારા સામાજિક કાર્ય માટે મૂર્તિને ભારતમાં ચોથા સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા. ૨૦૨૩ માં, તેમને ભારતમાં ત્રીજા સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા.

સુધા મૂર્તિએ કમ્પ્યુટર વિજ્ઞાન અને એન્જિનિયરિંગમાં તેમની વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કરી હતી. તેઓ ગેટ્સ ફાઉન્ડેશનના જાહેર આરોગ્ય સંભાળ પહેલના સભ્ય છે. તેણીએ અનેક અનાથાશ્રમોની સ્થાપના કરી છે, ગ્રામીણ વિકાસના પ્રયાસોમાં ભાગ લીધો છે, કર્ણાટકની તમામ સરકારી શાળાઓને કમ્પ્યુટર અને પુસ્તકાલય સુવિધાઓ પૂરી પાડવાના આંદોલનને ટેકો આપ્યો છે, અને હાર્વર્ડ યુનિવર્સિટીમાં મૂર્તિ ક્લાસિકલ લાઈબ્રેરી ઓફ ઈન્ડિયાની સ્થાપના કરી છે.

મૂર્તિ તેમના પરોપકાર અને કન્નડ અને અંગ્રેજી સાહિત્યમાં તેમના યોગદાન માટે જાણીતા છે. ડોલર બહુ (ડોલર ડોટર-ઈન-લો), એક નવલકથા જે મૂળ રૂપે તેમના દ્વારા કન્નડમાં લખાયેલી અને બાદમાં અંગ્રેજીમાં ડોલર બહુ તરીકે અનુવાદિત કરવામાં આવી હતી, તેને ૨૦૦૧માં ઝી ટીવી દ્વારા ટેલિવિઝન નાટક શ્રેણી તરીકે રૂપાંતરિત કરવામાં આવી હતી. સુધા મૂર્તિની વાર્તા રૂના (ડેટ)ને દિગ્દર્શક નીતિશ ભારદ્વાજ દ્વારા મરાઠી ફિલ્મ, પિતૃરૂણ તરીકે રૂપાંતરિત કરવામાં આવી હતી. સુધા મૂર્તિએ ફિલ્મ તેમજ કન્નડ ફિલ્મ પ્રાર્થનામાં પણ અભિનય કર્યો છે.

પ્રારંભિક જીવન અને શિક્ષણ : સુધા મૂર્તિનો જન્મ ૧૯ ઓગસ્ટ ૧૯૫૦ના રોજ મૈસુર રાજ્ય (હાલના કર્ણાટક) ના હાવેરી જિલ્લાના શિગગાંવમાં કન્નડ ભાષી પરિવારમાં થયો હતો. તેઓ સર્જન આર.એચ.કુલકર્ણી અને તેમની પત્ની વિમલા કુલકર્ણી, એક શાળા શિક્ષિકાની પુત્રી હતા. તેમનો ઉછેર તેમના માતાપિતા અને દાદા-દાદી દ્વારા થયો હતો. બાળપણના આ અનુભવો તેમના પ્રથમ નોંધપાત્ર કાર્ય 'હાઉ આઈ ટોટ માય ગ્રાન્ડમધર ટુ રીડ, વાઈઝ એન્ડ અધરાઈઝ એન્ડ અધર સ્ટોરીઝ' માટે ઐતિહાસિક આધાર બનાવે છે. મૂર્તિએ બી.વી.બી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (હવે કેએલઈ ટેકનોલોજીકલ યુનિવર્સિટી તરીકે ઓળખાય છે)માંથી ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગમાં બેંગ અને પછી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સમાંથી કમ્પ્યુટર સાયન્સમાં મેંગની ડિગ્રી મેળવી.

## બ્યુટી ટીપ્સ: વાળનો વિકાસ

**વાળના વિકાસ માટે ઘરેલું ઉપચાર :**

**લવિંગ** : ખરતા વાળ, ડેન્ડ્રફ અને અકાળે સફેદ વાળ જેવી પરેશાની લગભગ દરેક વ્યક્તિને થાય છે. આ પરેશાનીઓને દૂર કરવા માટે આપણે મોંઘાદાટ પ્રોડક્ટ્સથી લઈ ઘરેલું નુસખાઓ પણ અજમાવતા હોઈએ છીએ. જે ઘણીવાર કારગત નિવડે છે તો કેટલાંક પ્રોડક્ટ્સ કે ઉપાય મનપસંદ રિઝલ્ટ નથી આપતા.

**તૈયાર કરવાની વિધિ :** આ નુસખાને તૈયાર કરવા માટે એક પેનમાં પાણીને ગરમ કરી લો. હવે મેથી દાણા, લવિંગ અને આદુને પાણીમાં નાખી દો. આ દરેક ચીજને યોગ્ય રીતે ઉકાળી લેવાની છે, જ્યાં સુધી તેના જરૂરી પોષક તત્વો પાણીમાં ભળી ના જાય. આખરે આ પાણીને ગાળીને એક સ્પ્રે બોટલમાં ભરી લો. આ સ્પ્રેનો ઉપયોગ ૪૦ દિવસ સુધી દરરોજ કરવાનો છે, જેની મદદથી તમારાં વાળ ઝડપથી લાંબા અને ઘટ્ટ બનશે.

<u>સોનિયા ગાંધીની મુશ્કેલી વધી</u>

# વંદે માતરમ્ વિવાદ મામલે ગાજિયાબાદ કોર્ટમાં ફરિયાદ

## કોર્ટે અરજી સ્વીકારી ૮ સપ્ટેમ્બરે સુનાવણી નક્કી કરી છે, જેનાથી સોનિયા ગાંધીની મુશ્કેલીઓ વધી છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૧૮**

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી વિરુદ્ધ વંદે માતરમના ગીતમાં કથિત રીતે અવરોધ ઊભો કરવાના મામલે ગાજિયાબાદની કોર્ટમાં ગુનાહિત ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

આ મામલે કોર્ટે અરજી સ્વીકારી લીધી છે, જેના કારણે સોનિયા ગાંધીની મુશ્કેલીઓમાં વધારો થયો છે.હિન્દુ સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ વિષ્ણુ ગુપ્તાએ ગાજિયાબાદની MP/MLA કોર્ટમાં સોનિયા ગાંધી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં આક્ષેપ કરાયો છે કે, ૧૫ ઓગસ્ટના કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રીય ગીત વંદે માતરમના ગાનમાં અવરોધ ઊભો કરવામાં આવ્યો હતો.

આ સાથે જ કોર્ટ સમક્ષ ૧૫ ઓગસ્ટના કાર્યક્રમનો વીડિયો પુરાવા તરીકે રજૂ કરવાની માગણી પણ કરવામાં આવી છે. કોર્ટે આ અરજી સ્વીકારીને કેસની આગામી સુનાવણી માટે ૮ સપ્ટેમ્બરની તારીખ નક્કી કરી છે.

૧૫ ઓગસ્ટના રોજ કોંગ્રેસ મુખ્યાલય ખાતે આયોજિત સ્વતંત્રતા દિવસના કાર્યક્રમ દરમિયાન વંદે માતરમનું ગીત ગવાઈ રહ્યું હતું. તે સમયે સોનિયા ગાંધી કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે વાતચીત કરતા અને ઈશારો કરતા જોવા મળ્યા હતા. ભાજપે આક્ષેપ કર્યો હતો કે, તેમણે વંદે માતરમ ગાનને અધવચ્ચે રોકવા માટે ઈશારો કર્યો હતો, જે રાષ્ટ્રીય ગીતનું અપમાન છે.

ભાજપના આક્ષેપોને નકારી કાઢતાં કોંગ્રેસે સ્પષ્ટતા કરી હતી કે, સોનિયા ગાંધી ગીત અટકાવવા માટે નહીં, પરંતુ ઘણા સમયથી ઊભેલા ખડગે માટે ખુરશી મંગાવવાનો ઈશારો કરી રહ્યા હતા. આ મુદ્દે હાલ બંને પક્ષો વચ્ચે ભારે રાજકીય ઘમાસાણ ચાલી રહ્યું છે.



# નવસારીના ઉત્કર્ષ મંડળ તેમજ રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે સફળતાપૂર્વક રક્તદાન શિબિરનું આયોજન કરાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૧૮**

નવસારીના ઉત્કર્ષ મંડળના પ્રમુખ હરેશ વશીના દીકરાના અવસાનની ૨૨મી પુણ્યતિથિએ સ્વર્ગસ્થ જીગર વશીની સ્મરણાંજલિ નિમિત્તે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ૧૫મી ઓગસ્ટના રોજ એમના પરિવારે મોટા પાયે રક્તદાન શિબિર, પ્રાઈમરી મેડિકલ તપાસ તેમજ ઔષધિ શાકભાજીના છોડનું વિતરણનું આયોજન કરી મૃત્યુના પ્રસંગને મહોત્સવમાં રૂપાંતર કરી માનવ સેવાનો નવો રાહ ચીંધેલ જોવા મળ્યો. આ રક્તદાન શિબિરમાં ૭૯ ઉપરાંત જેટલું યુનિટ રક્ત એકત્રિત થયું. તે ઉપરાંત શિબિરમાં આવેલ ૧૫૦ જેટલા સભ્યોની બ્લડપ્રેશર, ડાયાબિટીસની ચકાસણી પણ વ્યવસ્થિત રીતે કરવામાં આવી. એમના પરિવારના હેમલતાબેન વશી, સંદીપ વશી, સુહાની વશી, સ્વરા વશી, માનવી વશી અને એમના કુટુંબીજનો મિત્રો સગા સંબંધી ઉત્કર્ષ મંડળના સભ્યો તેમજ બીજા મંડળ, રેડક્રોસ સોસાયટીના સભ્યોનો અભૂતપૂર્વ અને અતૂટ સહકાર અને ઝીણવટ ભરી કામગીરીથી શિબિર સરસ રીતે સફળ રહી. શિબિરમાં અભૂતપૂર્વ માનવ મેહરામણ ઉમટ્યો હતો. તમામે સ્મરણાંજલિના મહોત્સવને મનસભર માણી તમામ રીતે સહયોગ કર્યો હતો.

આ પ્રસંગે રેડક્રોસના પ્રમુખ તુષારભાઈ દેસાઈ, નિમેષ ઈલેક્ટ્રિકલના અશોકભાઈ પટેલ, જશુભાઈ નાયક, દિનેશભાઈ મિસ્ત્રી, નિશા પ્રજાપતિએ સુંદર મનનીય ૧૫મી ઓગસ્ટ તેમજ ચિરંજીવ જીગરની પુણ્યતિથિ નિમિત્તે અનન્ય પ્રવૃત્તિ અને ભારત દેશની સંસ્કૃતિની છણાવટ કરી હતી. તેમજ દેશભક્તિના ગીતોની રજૂઆતથી રાષ્ટ્રભક્તિનો માહોલ સર્જ્યો હતો.

આ પ્રસંગે રેલગ્રસ્તો મદદરૂપે કપડાં, વાસણ, કુકર, ચટ્ટાઈ, ખુરશી વગેરેનો જરૂરિયાતમંદોને વિતરણ કરવામાં આવેલ અને આ પ્રસંગે ખાસ જરૂરિયાતમંદ એવા કુટુંબને મહાનુભવોના હસ્તે તાડપત્રીનું પણ વિતરણ કરવામાં આવ્યું તેમજ શિબિરમાં જિલ્લા લેવલે બોક્સિંગમાં ગોલ્ડ મેડલ મેળવનાર સોલ કર સૃષ્ટિ પ્રમોદભાઈનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

આ પર્વ નિમિત્તે રેડક્રોસના તમામ સ્ટાફ અને રક્તદાતાનું ચકલી ઘર રુપી મોમેન્ટો તેમજ નોટબુક વગેરે આપી સન્માન કરવામાં આવ્યું હતું.

ઉત્કર્ષ મંડળ અને હરેશ વશી ફેમિલીએ માનવસેવા એજ પરમ ધર્મનો સ્વર્ગસ્થ જીગર વશીએ બતાવેલ રસ્તે ચાલી સમાજને ઉપયોગી અનેક પ્રવૃત્તિઓ કરતી આવેલ છે આ રક્તદાન શિબિરમાં ઉત્કર્ષ મંડળના સભ્યો જનક દેસાઈ, વિક્રમ દેસાઈ, નિલેશ દેસાઈ, વસંત પટેલ, સંજીવ ભટ્ટ, નીરા પંડ્યા, સુભાષભાઈ દેસાઈ, મિત્રો, સગાસંબંધી જેવા અનેક મહાનુભાવોથી આશાબાગ હોલમાં સુંદર રીતે અને વ્યવસ્થિત રીતે માનવ સેવાનો પર્વ સફળ રીતે સંપન્ન થયો હતો.

# નવસારી ઉત્કર્ષ મંડળ દ્વારા બોક્સિંગમાં ગોલ્ડ મેડલ વિજેતાનું સન્માન કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૧૮**

જિલ્લા કક્ષાની બોક્સિંગ સ્પર્ધામાં નવસારીનું ગૌરવ એચ.સી. પારેખ નવસારી દીનભાઈ દાબુ લો કોલેજ ગ્રાઉન્ડ ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી, નવસારી દ્વારા આયોજિત ૭૦મી અખિલ ભારતીય રમતોની સ્પર્ધામાં નવસારી શેઠ એચ.સી.પારેખ હાઈસ્કૂલના વિદ્યાર્થી સૃષ્ટિ પ્રમોદકુમાર સોનકરે અંડર-૧૭ એજ ગ્રૂપ અને ૪૨ કે.જી. વેઈટ ગ્રૂપમાં જિલ્લાકક્ષાની બોક્સિંગમાં સ્પર્ધામાં પ્રથમ (ગોલ્ડ મેડલ) ક્રમ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. હવે પછી વિદ્યાર્થિની સૃષ્ટિ રાજ્યકક્ષાની સ્પર્ધામાં શાળાનું અને નવસારી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. ૧૫ મી ઓગસ્ટ નિમિત્તે સોનકર સૃષ્ટિને પ્રોત્સાહન ઈનામ આપી ઉત્કર્ષ મંડળના પ્રમુખ તેમજ સભ્યશ્રીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

*<u>'નશાને કહો ના, જીવનને કહો હા, ઉઠો જાગો અને જગતને નશામુક્ત બનાવો'ના સંદેશ સાથે</u>*

# દીવની હાયર સેકન્ડરી સ્કૂલોમાં નશામુક્ત ભારત અભિયાનનો એજ્યુકેશન ઓફિસર અરવિંદભાઈની ઉપસ્થિતિમાં શુભારંભ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૮**

નશામુક્ત ભારતના નિર્માણના સંકલ્પ સાથે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સેવાકેન્દ્ર દ્વારા જિલ્લામાં આવેલ હાયર સેકન્ડરી સ્કૂલોમાં નશામુક્ત ભારત અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ યુવા પેઢીને નશાના પ્રભાવથી જાગૃત કરી સ્વસ્થ, સંયમિત અને મૂલ્યનિષ્ઠ જીવન તરફ પ્રેરિત કરવાનો છે.

કાર્યક્રમ દરમિયાન પ્રિન્સિપાલ શ્રી વિજયભાઈએ શાબ્દિક સ્વાગત કર્યું. બ્રહ્માકુમારી ગીતાબેને વિદ્યાર્થીઓને તમાકુ, ગુટખા, સિગારેટ દારૂ, મોબાઈલનો અતિ ઉપયોગ તથા અન્ય નશીલા પદાર્થોથી થતા શારીરિક, માનસિક, સામાજિક અને આર્થિક નુકસાન અંગે માર્ગદર્શન આપ્યું.

આ પ્રસંગે 'ઉઠો જગત કે વાસ્તે એક હૈ હમના પ્રેરણાદાયી સંદેશ સાથે વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું કે સાચી યુવા શક્તિ નશામાં નહીં પરંતુ સ્વસ્થ વિચાર, આત્મવિશ્વાસ, સંયમ, સકારાત્મકતા અને આધ્યાત્મિક શક્તિમાં છે વિદ્યાર્થીઓને તથા શિક્ષક ગણને મેડીટેશન શીખવા માટે પણ પ્રેરણા આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને નશા મુક્તિ માટે પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પોતે નશાથી દૂર રહેવા તેમજ પરિવાર અને સમાજમાં નશામુક્તિનો સંદેશ ફેલાવવાનો સંકલ્પ કર્યો.

બ્રહ્માકુમારી ગીતાબેને જણાવ્યું કે, જો યુવાનો નશા મુક્ત બનશે, સશક્ત બનશે તો જ એક સશક્ત સુખી અને નશામુક્ત ભારતનું નિર્માણ શક્ય બનશે.

એજ્યુકેશન ઓફિસર શ્રી અરવિંદભાઈના માર્ગદર્શનમાં દીવની ત્રણ શાળાઓ ગવર્મેન્ટ હાયર સેકન્ડરી સ્કુલ દીવ, ગવર્મેન્ટ હાયર સેકન્ડરી સ્કૂલ ઘોઘલા અને જેઠીબાઈ સ્કૂલ, ઘોઘલા ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

એજ્યુકેશન ઓફિસર શ્રી અરવિંદભાઈએ પોતાના અનુભવયુક્ત વિચારો વ્યક્ત કરીને વિદ્યાર્થીઓમાં ઉમંગ ઉત્સાહ ભર્યો અને બધાનો આભાર વ્યક્ત કર્યો. અભિયાન અંતર્ગત દીવ જિલ્લાની બધી જ હાયર સેકન્ડરી સ્કૂલોમાં પણ જાગૃતિ કાર્યક્રમનો સંકલ્પ અને નશામુક્તિ અંગેના પ્રેરણાત્મક સત્ર યોજવામાં આવશે. 'નશાને કહો ના, જીવનને કહો હા, ઉઠો જાગો અને જગતને નશામુક્ત બનાવો'નો સંદેશ આપવામાં આવ્યો હતો.

# કેર હેલ્થ ઈન્શ્યોરન્સે મચ્છરજન્ય રોગો પર જાહેર સ્વાસ્થ્ય સલાહ ઈશ્યૂ કરી

care HEALTH INSURANCE

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૧૮**

ચોમાસાની સાથે મચ્છરજન્ય રોગો જેમ કે ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયાનું જોખમ વધવાની સાથે કેર હેલ્થકેર ઈન્શ્યોરન્સે જાહેર જનતા માટે સ્વાસ્થ્ય માટે સલાહ જાહેર કરીને નાગરિકોને સતર્ક રહેવાની, મચ્છરનો ઉપદ્રવ રોકવા વિવિધ પગલાં લેવા અને સમયસર સ્વાસ્થ્ય પર ધ્યાન દેવાની સલાહ આપી છે. કેર હેલ્થ ઈન્શ્યોરન્સ નિવારણાત્મક હેલ્થકેર અને સમયસર કામગીરીને પ્રોત્સાહન આપવા કટિબદ્ધ રહેશે.

કેર હેલ્થ ઈન્શ્યોરન્સ નીચેના પ્રીવેન્ટિવ પગલાં લેવા વ્યક્તિઓને સલાહ આપે છે 'તમારા ઘર અને આસપાસ કૂલર, બકેટ, ફલાવરપોટ, ટાયર, ઓવરહેડ ટાંકો તથા મચ્છરનો ઉપદ્રવ થઈ શકે એવા અન્ય પાત્રોમાં લાંબો સમય રહેલાં પાણીને દૂર કરો. મોસ્કિટો રિપેલ્લન્ટનો ઉપયોગ કરો, ફૂલ-સ્લીવ વસ્ત્રો પહેરો, જો સતત તાવ રહે, માથું અતિશય દુ:ખે, શરીર તૂટે, થાક લાગે કે મચ્છરજન્ય રોગો સાથે સંબંધિત ચિહ્નો જોવા મળે, તો ડૉક્ટરની સલાહ લો. પુષ્કળ પાણી પીવો, સારવારના ગાળામાં તમારા ડૉક્ટરની સલાહને અનુસરો.

તબીબી સારવાર અને હોસ્પિટલમાં સારસંભાળમાંથી ઊભુ થતું નાણાંકીય ભારણ ઘટાડવામાં મદદ મેળવવા તમારા હેલ્થ વીમાકવચની સમીક્ષા નિયમિત રીતે કરો. હાલ મોટા ભાગની પોલિસીઓ 'ડોક્ટર ઓન કોલ' જેવી વર્ચ્યુઅલ કન્સલ્ટેશન સર્વિસ પ્રદાન કરે છે, તેમાંથી ઘણી બીમારીઓની સારવાર ડૉક્ટરની સલાહ, દવા અને સારવારની સલાહનું ઉચિત પાલન કરવાથી ઘરે થઈ શકે છે.

# ગોંડલના ભોજપરામાં ખાદ્ય તેલમાં ભેળસેળ કરતી ફેક્ટરી ઝડપાઈ: શુદ્ધ તેલના નામે ભેળસેળનો ખેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**રાજકોટ,તા.૧૮**

ગોંડલ તાલુકાના ભોજપરા ગામની સીમમાં આવેલી એક ફેક્ટરીમાં ચાલતા ખાદ્ય તેલમાં ભેળસેળના મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. રાજકોટ ગ્રામ્ય પોલીસે 'મુરલીધર પ્રોટીન્સ' નામના શેડમાં દરોડો પાડીને શુદ્ધ તેલના નામે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતી પ્રવૃત્તિ ઝડપી પાડી છે. આ કાર્યવાહી બાદ સમગ્ર પંથકમાં ભારે ચર્ચા જાગી છે. મળતી માહિતી અનુસાર, ભોજપરા ગામની સીમમાં આવેલ કારખાનામાં શુદ્ધ ખાદ્ય તેલ તરીકે ભેળસેળયુક્ત તેલ તૈયાર કરીને વેચવામાં આવતું હોવાની ચોક્કસ આશંકા અને બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ફેક્ટરીમાંથી મોટી માત્રામાં શંકાસ્પદ તેલનો જથ્થો મળી આવતાં પોલીસે તેને જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી ૨૬૯૫ કિલોગ્રામ જેટલો શંકાસ્પદ ખાદ્ય તેલનો જથ્થો જપ્ત કર્યો હતો, જેમાં સન ગોલ્ડ સનફ્લાવર તેલ, કીંગ સનફ્લાવર તેલ, મહારાણી કપાસીયા તેલ અને સોયાબીન તેલનો સમાવેશ થાય છે. આ મામલે પોલીસે વેપાર કરતા આરોપી જયદેવ ડાંગર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હાલ પોલીસ દ્વારા આ મામલે સઘન તપાસ ચલાવવામાં આવી રહી છે. આ કારખાનામાં કેટલા સમયથી આ કાળો કારોબાર ચાલતો હતો, અત્યાર સુધીમાં કેટલો ભેળસેળયુક્ત તેલનો જથ્થો બજારમાં સપ્લાય થઈ ચૂક્યો છે અને આ કૌભાંડમાં અન્ય કોઈ વ્યક્તિઓની સંડોવણી છે કે કેમ તે તમામ દિશાઓમાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

**(પહેલાં પાનાનું ચાલુ) ભાજપ મહિલા મોરચાના...**

(પહેલાં પાનાનું ચાલુ)

પત્ર લખીને તેમનો વિશેષ આભાર માન્યો હતો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચાની રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી વનાથી શ્રીનિવાસને પોતાના ૬ વર્ષના સફળ કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે નિમિત્તે દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ મહિલા મોરચાની પૂર્વ અધ્યક્ષા શ્રીમતી સિમ્પલબેન કાટેલાને એક વિશેષ પત્ર લખીને પાર્ટીના વિકાસ માટે તેમના અમૂલ્ય યોગદાન, કાર્યકુશળતા અને નિષ્ઠા માટે ધન્યવાદ આપ્યા હતા અને આભાર માન્યો હતો.

શ્રીમતી વનથી શ્રીનિવાસને જણાવ્યું હતું કે, છેલ્લા છ વર્ષોમાં, ભાજપ મહિલા મોરચાએ દેશભરમાં મહિલાઓને સશક્તિકરણ અને તેમને સંગઠન સાથે જોડવાની ઐતિહાસિક યાત્રા શરૂ કરી છે. દાદરા નગર હવેલી અને દમણ-દીવ ક્ષેત્રમાં શ્રીમતી સિમ્પલબેન કાટેલાના કુશળ નેતૃત્વ અને જમીની સ્તરના પ્રયાસોએ આ યાત્રાને વધુ પ્રભાવશાળી બનાવી છે. તેમણે પત્રમાં જણાવ્યું છે કે, ''રાષ્ટ્રીય પ્રમુખ તરીકેનો મારો કાર્યકાળ તમારા બધા કાર્યકરોના અતૂટ સમર્થન અને સમર્પણને કારણે યાદગાર રહ્યો છે. દાદરા નગર હવેલી અને દમણ- દીવમાં પાયાના સ્તરે મહિલા સંગઠનને મજબૂત બનાવવા બદલ હું શ્રીમતી સિમ્પલબેન કાટેલા અને તેમની સમગ્ર ટીમનો હૃદયપૂર્વક આભાર માનું છું.''

અસાધારણ હિંમત અને સુઝબુઝથી પૂરમાં અનેક લોકોના જીવ બચાવનાર

# વલસાડ જિલ્લાના ૧૦ પોલીસ જવાનોને મંત્રી નરેશભાઈ પટેલ સહિત મહાનુભાવોના હસ્તે સન્માનિત કરાયા

**કાયદો વ્યવસ્થાની જાળવણી માટે પણ સુંદર કામગીરી કરનાર પોલીસ જવાનોનું સન્માન કરાયું**









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૮**

વલસાડ જિલ્લાના નાનાપોંઢા ખાતે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે મંત્રીશ્રી નરેશભાઈ પટેલ સહિત મહાનુભાવોના હસ્તે તાજેતરમા વલસાડ જિલ્લામાં આવેલા પૂરની સ્થિતિમાં લોકોના જાન માલને બચાવનાર અને ગુના નિવારણ અંગે શ્રેષ્ઠ કામગીરી કરનાર ૧૦ પોલીસ જવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ સન્માનિત પોલીસ જવાનોમાં (૧) નાનાપોંઢા પીઆઈ એમ.એન. કાતરીયાએ તા.૨૩ જુલાઈ ૨૦૨૬ના રોજ જિલ્લામાં ભારે વરસાદને કારણે આવેલા પૂરમાં કોપરલી અંભેટી રોડ ઉપર ફસાયેલી ખાનગી ટ્રાવેલ્સ બસમાં ૩૯ લોકોના જીવ બચાવ્યા હતા. (૨) ડુંગરા પોલીસ મથકના પી.આઈ. બી.એન.ગોહિલે તા.૨૩ જુલાઈના રોજ કોલક ખાડીમાં પૂરની સ્થિતિમાં આલોક કંપનીમાં કામ કરતો મકસુદન યાદવ ખાડી કિનારે આવેલા પાણીના સંપ ઉપર પાણીના પ્રચંડ પ્રવાહમાં ફસાયેલો હતો જેને બચાવવા માટે પીઆઈ ગોહિલે પાણી વચ્ચે આવેલા વીજ પોલ પર ચઢી છેલ્લા ૧૪ કલાકથી પૂરમાં ફસાયેલા મકસુદનને બચાવી કોસ્ટ ગાર્ડના હેલિકોપ્ટર મારફત એરલીફટ કરી રેસ્કયૂ કર્યું હતું. (૩) અ.પો.કો. રાકેશ ભગુભાઈ, નાનાપોંઢા પોલીસ સ્ટેશને કોપરલી અંભેટી રોડ પર ખાનગી બસમાં ફસાયેલા ૩૯ લોકોને બચાવવા ૩ રસ્સા લઈ બસ સુધી પહોંચી રસ્સા બાંધી ૩૯ લોકોને ૨૦ થી ૨૫ ફૂટ ઉંડા પાણીમાંથી ૧૫૦ મીટર લાંબુ રેસ્કયૂ કર્યું હતું. (૪) વલસાડ પેરોલ ફર્લો સ્કવોડના પો.કો. પંકજ રૂપાભાઈ દેગામાએ છેતરપિંડી, લૂંટ અને ગેરકાયદેસર હથિયારના ગંભીર ગુનામાં બે નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યા હતા. (૫) સરીગામ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. મયુરભાઈ લક્ષ્મણભાઈ અને (૬) પો.કો. ભારતસિંહ જાદવભાઈએ તા.૧ જુલાઈ ૨૦૨૬ના રોજ સરીગામથી ૯ વર્ષીય બાળક ગુમ થયો હતો જેને ગણતરીના કલાકમાં શોધી પરિવારને સુપરત કર્યો હતો. (૭) ભીલાડ પોલીસ સ્ટેશનના હે.કો. કાશીરામ મગનભાઈ અને (૮) પો.કો. હિરાભાઈ લક્ષુભાઈએ અતિભારે વરસાદને કારણે ભીલાડ ધોડીપાડા ને.હા.નં. ૪૮ ઉપર પાણી ફરી વળતા ટેન્કર તણાઈ ગયું હતું. જેના ચાલક નાગરાજ યુવરાજ ચૌહાણ જીવ બચાવવા ઝાડ પર ચઢી ગયો હતો. ૨૦ કલાક સુધી ઝાડ પર રહ્યો હતો આ દરમિયાન કાશીરામ અને હિરાભાઈએ તેનો અવાજ સાંભળતા તેને રેસ્કયૂ કર્યો હતો. (૯) ઉમરગામ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. રાકેશ મહાદેવ માંગેલા અને (૧૦) લોકરક્ષક દળ દિલીપકુમાર લખમણભાઈ પરમારે તા.૨૨ જુલાઈના રોજ ઉમરગામમાં અતિભારે વરસાદને કારણે કરમબેલી-કાચપાડા ગામમાં એક વાડીમાં પશુધન તણાઈ જાય તેવી હાલતમાં પશુઓનું રેસ્કયૂ કરી બહાર આવતા હતા ત્યારે પાણીમાં ફસાઈ જતા ૨૪ કલાક બાદ પાણી ઓસર્યા બાદ બહાર આવ્યા હતા.

આમ, વલસાડ જિલ્લાના પોલીસ જવાનોએ પોતાના જીવની પરવા કર્યા વિના અસાધારણ હિંમત, કૌશલ્ય અને સુઝબુઝથી અનેક લોકોના જીવ બચાવી માનવ સેવા એ જ પ્રભુ સેવાની ઉક્તિ ખરા અર્થમાં ચરિતાર્થ કરી હતી.

આદિવાસી વાદ્ય તારપાનું જતન અને સંવર્ધન કરનાર

# રંજન કાકાનું નાનાપોંઢા ખાતે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સન્માન કરાયું

**આદિવાસી સંસ્કૃતિ અને પહેરવેશમાં રંજન કાકા તારપુ વગાડતા આવી પહોંચતા લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યાઃ રંજન કાકા તારપા લઈને વલસાડ, નવસારી, સોનગઢ અને વ્યારાથી લઈને અમદાવાદ સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈ આદિવાસી સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૮**





રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિનની વલસાડ જિલ્લાના નવરચિત નાનાપોંઢા તાલુકામાં હર્ષોલ્લાસભેર ઉજવણી થઈ હતી. જેમાં કલા અને સાંસ્કૃતિક ક્ષેત્રે નામના મેળવનાર વ્યક્તિ વિશેષનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં સૌથી વિશેષ અને લોકોનું ધ્યાન ખેંચી લે તેવું સન્માન રંજનભાઈ નંદુભાઈ બિરારીનું થયું હતું.

સ્ટેજ પર આવતાની સાથે જ તેમની એન્ટ્રી સૌનું ધ્યાન ખેંચી લે તેવી હતી. રંજન કાકા અસ્સલ આદિવાસી પહેરવેશમાં ગામઠી સ્ટાઈલમાં હાથમાં તારપુ લઈ વગાડતા વગાડતા સ્ટેજ પર આવી પહોંચતા લોકોએ તાળીના ગડગડાટ સાથે તેમનું સ્વાગત કરી તેમની કલાને બિરદાવી હતી. મંત્રીશ્રી સહિતના મહાનુભાવો સ્ટેજ પર હતા ત્યારે પણે તેમણે આદિવાસી સંસ્કૃતિ અને વારસાને જાળવી રાખ્યો હતો જે બદલ મંત્રીશ્રી નરેશભાઈ પટેલે તેમને બિરદાવ્યા પણ હતા અને તેમની કલા વિશે ઉપસ્થિત મહાનુભાવોને પણ માર્ગદર્શિત કર્યા હતા. મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં વલસાડ જિલ્લા પ્રાયોજના વહીવટદાર શ્રીમતી આસ્થા સોલંકીના હસ્તે રંજન કાકાનું સન્માન કરવામાં આવ્યું હતું.

સાંસ્કૃતિક ક્ષેત્રે વિશેષ યોગદાન આપનાર રંજન કાકા વર્ષોથી આદિવાસી વાદ્ય તારપાનું જતન અને સંવર્ધન કરી રહ્યા છે. તેઓ તારપા વાદ્ય સાથે વલસાડ, નવસારી, સોનગઢ અને વ્યારાથી લઈને અમદાવાદ સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈ આદિવાસી સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કર્યું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા થયેલું આ સન્માને સમસ્ત આદિવાસી સમાજને ગૌરવ અપાવ્યું હતું. તમામ મહાનુભાવોએ પણ કલાકાર રંજન કાકાને અભિનંદન આપ્યા હતા.

# વાપી સ્થિત સમર્પણ જ્ઞાન સ્કૂલમાં ઈન્વેસ્ટિચર સેરેમની યોજાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

વાપી સ્થિત સમર્પણ જ્ઞાન સ્કૂલ ખાતે શૈક્ષણિક વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓમાં નેતૃત્ત્વ, જવાબદારી અને શિસ્તના ગુણોનો વિકાસ થાય તે હેતુથી ઈન્વેસ્ટિચર સેરેમનીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ હોદ્દા માટે ચૂંટાયેલા વિદ્યાર્થી પ્રતિનિધિઓને બેજ પહેરાવી શપથ લેવડાવવામાં આવી હતી.

ઈન્વેસ્ટિચર સેરેમનીના એક અઠવાડિયા અગાઉ શાળામાં વિવિધ હોદ્દાઓ માટે વિદ્યાર્થીઓનું મતદાન યોજવામાં આવ્યું હતું. ચૂંટણી ઉમેદવારોએ શાળાના વિદ્યાર્થીઓ સમક્ષ પોતાના હોદ્દાની જવાબદારી સ્વીકારીને તેઓ ચૂંટાયા બાદ શાળાના વિકાસ અને શિસ્ત માટે શું કામગીરી કરશે તે અંગે પ્રચાર-પ્રસાર (કેન્વાસિંગ) પણ કર્યું હતું. વિદ્યાર્થીઓએ ઉમેદવારોના વિચારો અને કામગીરીના આયોજનને ધ્યાનમાં રાખીને મતદાન કર્યું હતું.

આ પ્રસંગે હાર્દ પટેલને હેડ બોય અને એની આહીરને હેડ ગર્લ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. હાઉસ કેપ્ટન તરીકે ટેરા હાઉસના કેપ્ટન ગોવિંદસિંહ ભાયલ તથા વાઈસ કેપ્ટન ક્રિષા પટેલ, એકવા હાઉસના કેપ્ટન એલી પટેલ તથા વાઈસ કેપ્ટન કુંજ પટેલ, ફલોરા હાઉસના કેપ્ટન સંજના ચૌહાણ તથા વાઈસ કેપ્ટન રાશી ભટ્ટ તેમજ ફૌના હાઉસના કેપ્ટન ત્રિશા પટેલ તથા વાઈસ કેપ્ટન કલ્પ પટેલની નિમણૂંક કરવામાં આવી હતી.

શાળાના વિવિધ વિભાગોની જવાબદારી હેઠળ જીત પટેલને સ્પોર્ટસ સેક્રેટરી, દિવ્યાંશી પટેલને કલ્ચરલ સેક્રેટરી, કૃશા આહીરને ડિસિપ્લિન સેક્રેટરી, હની પરમારને લિટરેચર સેક્રેટરી, ધ્રુવ પટેલને વોલન્ટિયર સેક્રેટરી, સૃષ્ટિ પટેલને ટુરિઝમ સેક્રેટરી અને મન આહીરને ઈકો કલબ સેક્રેટરી તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી. ચૂંટાયેલા વિદ્યાર્થી પ્રતિનિધિઓને બેજ તથા સેશ પહેરાવી તેમના હોદ્દાની સ્કૂલ ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મૂકેશ પટેલ દ્વારા શપથ લેવડાવવામાં આવી હતી. શાળા પરિવાર દ્વારા તમામ વિદ્યાર્થી પ્રતિનિધિઓને અભિનંદન પાઠવી તેઓ પોતાના હોદ્દાની જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવી શાળાનું ગૌરવ વધારશે તેવી શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી હતી.

# સાંસદ ધવલભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વલસાડ મ્યુનિસિપલ હોસ્પિટલમાં પાંડે પરિવાર દ્વારા રૂ.૨૧ લાખની જીવનરક્ષક દવા અને સર્જીકલ સાધનોનો વિતરણ કાર્યક્રમ યોજાયો

**એમપી ફંડમાંથી પાલિકા સંચાલિત હોસ્પિટલ માટે સોલાર આર.ઓ.પ્લાન્ટ ફાળવાયો**







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

વલસાડ-ડાંગના સાંસદ અને લોકસભાના દંડક શ્રી ધવલભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને વલસાડના પાંડે પરિવાર દ્વારા સ્વ.માતૃશ્રી મીનાબેન પાંડેની પુણ્યતિથિ નિમિત્તે સ્વ.પિતાશ્રી કૈલાશનાથ પાંડે દ્વારા શરૂ કરવામાં આવેલા ‘સેવા યજ્ઞ’ અંતર્ગત સતત ૧૭માં વર્ષે વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે આવતા જરૂરીયાતમંદ લોકોને સહાયરૂપ થવાના શુભ આશય સાથે જીવનરક્ષક દવાઓ, વિવિધ પ્રકારની ગ્લુકોઝની બોટલો અને વિવિધ સર્જીકલ સાધનો મળી કુલ રૂ.૨૧ લાખની દવા અને સાધનાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાંસદશ્રી ધવલભાઈ પટેલે જણાવ્યું કે, પાંડે પરિવારે વલસાડને પોતાનું ઘર બનાવી સેવાકીય પ્રવૃત્તિની શરૂઆત કરી હતી. એમના પિતાશ્રી સ્વ. કૈલાશનાથ પાંડેએ શરૂ કરેલી આ સેવા યાત્રાને દિવ્યેશભાઈ પાંડે અને એમનો પરિવાર આગળ વધારી રહ્યો છે. આજે એમના પરિવાર દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવાર માટે રૂા. ૨૧ લાખની દવા અને સાધનોનું વિતરણ કરાય છે. તે ખૂબ મોટી વાત છે. હાલમાં જ મારા એમપી ફંડમાંથી આ હોસ્પિટલ માટે સોલાર આર.ઓ.પ્લાન્ટ ફાળવ્યો છે. આ સિવાય પણ હોસ્પિટલમાં વધારાની જે પણ જરૂરિયાત હોય તે પુરી પાડવા પ્રયાસ કરીશું એવી ખાતરી સાંસદશ્રીએ આપી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન જે. પટેલે જણાવ્યું હતું કે, માતાનું ઋણ જીવનમાં કદી ચૂકવાતું નથી. પરંતુ પાંડે પરિવારના પુત્રો માતૃ વંદના દ્વારા આ સેવાયજ્ઞ કરી રહ્યા છે, જે અન્યો માટે પ્રેરણાદાયી છે.

વલસાડ પાલિકાના પૂર્વ પ્રમુખ અને પ્રદેશ સંગઠનના મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની હેલ્થ સિસ્ટમ ટોચના સ્થાને પહોંચી છે. પહેલા નાના નાના કેમ્પથી શરૂઆત કરી હતી. ખાનગી કંપનીઓ પાસે સીએસઆર અંતર્ગત ડોનેશન મેળવી આ હોસ્પિટલની શરૂઆત કરી હતી. કોરોના કાળમાં પણ આ હોસ્પિટલ ખુબ જ ઉપયોગી બની હતી, દાખલ થયેલા એક પણ વ્યક્તિનું મૃત્યુ થયું ન હતું. માત્ર ૨૦ રૂપિયામાં અહીં લોકોને સારવાર મળી રહી છે. આ હોસ્પિટલની ક્ષમતા ખૂબ જ છે, જેને પાંડે પરિવાર દ્વારા સંપૂર્ણ સહયોગ મળતા દર્દીઓને બહેતર સુવિધા મળી રહી છે. તેઓ આ સેવા કાર્ય આગળ વધારતા રહે એવી શુભેચ્છા પાઠવું છું.

આ પ્રસંગે જાણીતા કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લાએ આશીર્વચન આપતા જણાવ્યું કે, ગત રોજ સ્વતંત્રતા પર્વે વંદે માતરમનો નાદ કરી ધ્વજવંદન કરવામાં આવ્યું ત્યારે મને લાગ્યું કે, હવે ખરા અર્થમાં બિનસાંપ્રદાયિકતા શરૂ થઈ છે. આ નવા ભારતમાં સ્વ.કૈલાસનાથ પાંડએ શરૂ કરેલો સેવા યજ્ઞ તેમનો પરિવાર ખરા અર્થમાં ચરિતાર્થ કરી રહ્યો છે. ભવિષ્યમાં પણ તેઓ સેવા યજ્ઞની ધૂણી ધખતી રાખે એવી આશા રાખું છું.

વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ, ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ, વલસાડ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી માલતીબેન ટંડેલ અને હોસ્પિટલ કમિટીના ચેરમેન ઉર્વશી પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. હોસ્પિટલના ડો.રોહન પટેલે દાનમાં મળેલી દવા અને સાધનોની વિગત આપી હતી.

સ્વાગત પ્રવચન પાંડે પરિવારના શ્રી દિવ્યેશ પાંડેએ કર્યું હતું. જ્યારે આભારવિધિ શ્રી પ્રજ્ઞેશ પાંડેએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મેઘા પાંડેએ કર્યું હતું.

આ પ્રસંગે વલસાડ તાલુકા પંચાયત પ્રમુખશ્રી કિશોર મહેવાલા, પારડી સાંઢપોરના સરપંચશ્રી ભોલાભાઈ પટેલ, આરટીઓ ઈન્સ્પેક્ટર શ્રી રામભાઈ, જિલ્લા સંગઠન પ્રભારીશ્રી વિનય શુક્લા, જિલ્લા સંગઠન મહામંત્રીશ્રી નિખીલ ચોકસી અને શ્રી કમલેશ પટેલ, પ્રદેશ સંગઠન યુવા મોરચા કોષાધ્યક્ષ શ્રી ધ્રુવિન પટેલ, લઘુમતી મોરચા ઉપપ્રમુખશ્રી ઈલિયાસ મલેક, સંગઠન અગ્રણી શ્રી શિલ્પેશ દેસાઈ, વલસાડ મુસ્લિમ સમાજના પ્રમુખશ્રી ઝાહિર દરિયાઈ, ડો. નિશિથ પટેલ, ડો. હેતલ પટેલ અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડના અટાર ખાતે પી.કે.ડી. વિદ્યાલયમાં સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી કરાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૮**

વલસાડ જિલ્લાના નવસર્જન કેળવણી મંડળ સંચાલિત પી.કે.ડી. વિદ્યાલય, અટાર ખાતે ભારતના ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અતુલ લિમિટેડના જનરલ મેનેજર ગૌતમભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ દાતાશ્રી અને નવસર્જન કેળવણી મંડળના પ્રમુખ ભીખુભાઈ દેસાઈના ભાઈ આઝાદભાઈ દેસાઈ, મંડળના પ્રમુખ ભીખુભાઈ દેસાઈ, ઉપપ્રમુખ બળવંતભાઈ, મનીષાબેન દેસાઈ તથા કમિટી સભ્યોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

કાર્યક્રમની શરૂઆત મુખ્ય મહેમાન ગૌતમભાઈ દેસાઈના હસ્તે ધ્વજવંદન દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય જીતેન્દ્ર ટંડેલ, વિદ્યાર્થીની દિયા નાયકા, દાતાશ્રી આઝાદભાઈ દેસાઈ, પ્રમુખ ભીખુભાઈ દેસાઈ તથા મુખ્ય મહેમાન ગૌતમભાઈ દેસાઈએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં વીર શહીદોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સાથે જ વિદ્યાર્થીઓને સ્વચ્છતા, પ્રામાણિકતા, જ્ઞાનપ્રાપ્તિ, ધ્યેયસિદ્ધિ માટેની અથાગ મહેનત અને રાષ્ટ્રપ્રેમ જેવા મૂલ્યો અપનાવી દેશના આદર્શ નાગરિક બની રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા પ્રેરણા આપી હતી.

મંડળના પ્રમુખ ભીખુભાઈ દેસાઈ દ્વારા સ્વાગત ગીત રજૂ કરનાર વિદ્યાર્થીનીઓ તથા પ્રાસંગિક વક્તવ્ય આપનાર વિદ્યાર્થીની દિયા નાયકાને રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતે શાળાના શિક્ષક ધીરુભાઈ સોલંકીએ આભારવિધિ કરી હતી. સંચાલન શાળાના શિક્ષક નિનાદ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

સુરત શહેરમાં પાર્લે પોઈન્ટ - વિજયરામચન્દ્રસૂરિ આરાધનાભવન ખાતે

# આજથી પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પરમાત્માના નિર્વાણકલ્યાણક નિમિત્તે “કહું છું શંખેશ્વરની વારતા” વિષયક વિશેષ પ્રવચન પ્રારંભ થશે

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

સુરત શહેરના હાર્ટ સમા પાર્લે પોઈન્ટ વિસ્તારમાં વિજયરામચન્દ્રસૂરિ આરાધનાભવન ખાતે ચાતુર્માસ બિરાજમાન સુપ્રસિદ્ધ જૈનાચાર્યશ્રી વિજયમુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્યરત્ન યુવા પ્રવચનકાર જૈનાચાર્યશ્રી વિજયપુણ્યરક્ષિતસૂરિજી મહારાજની નિશ્રામાં પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પરમાત્માના શ્રાવણ સુદ-૮ ના નિર્વાણકલ્યાણક નિમિત્તે આજરોજ તા.૧૯ ઓગસ્ટથી પરમસમાધિફળદાયક-પ્રગટપ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પરમાત્માની આરાધના સ્વરૂપે સમૂહ અઠ્ઠમતપની ભવ્ય આરાધના પ્રારંભ થશે.

તા.૧૯, ૨૦, ૨૧ ઓગસ્ટના પ્રવચન દરમ્યાન જૈનાચાર્યશ્રી “શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાનો મહિમા” વિષય પર વિશેષ પ્રવચન આપશે. જેમાં પાર્શ્વનાથ પરમાત્માનો સ્વભાવ અને પ્રભાવ શું છે? પાર્શ્વનાથ પરમાત્માના ૧૦૮ નામો પ્રસિદ્ધ કેમ થયા? પાર્શ્વનાથ પરમાત્માની આગળ પુરુષાદાનીય વિશેષણ શા માટે? તેમજ શંખેશ્વર પાશ્વનાથ પરમાત્માની નિષ્કામ ભક્તિ દ્વારા કેવા કેવા ચમત્કારો સર્જાયા છે? તે બધી જ વાતો પ્રાચિન-અર્વાચિન દૃષ્ટાંતો દ્વારા સમજાવશે. સમસ્ત સુરત શહેરના ધર્મપ્રેમી શ્રાવક શ્રાવિકાઓને આ પ્રભુપાર્શ્વભક્તિમય પ્રવચનમાં લાભ લેવા જણાવાયું છે. પ્રતિદિન પ્રવચન સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ રહેશે. પ્રતિક્રમણ સાંજે ૭:૩૦ કલાકે રહેશે. તપસ્યાનો સુંદર માહોલ જામશે.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# અમેરિકાની નજર ભારતના કૃષિ અને ડેરી ઉદ્યોગમાં પગપેસારો કરવા પર

રશિયા પાસેથી તેલ, ગેસ ખરીદતા પાંચ દેશ ચીન, સ્લોવાકિયા, અઝરબૈજાન, હંગેરી તથા ભારત પર ૧૦૦ ટકા ટ્રમ્પ ટેરિફ લાગુ કરવાનો ખરડો અમેરિકાની સેનેટમાં ૮૬ વિરુદ્ધ ૧૧ મતોથી પસાર થતાં ફરી એકવાર ભારત-અમેરિકા વેપારી અને રાજદ્વારી સંબંધોમાં ફરી તણાખ સર્જાયો છે. જો કે, આ ખરડો યુ.એસ. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં પસાર થાય અને એ પછી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેના પર હસ્તાક્ષર કરે ત્યારે તે કાયદો બનશે. એવું થાય એ પછી ટ્રમ્પના હાથમાં રશિયા પાસેથી તેલ ખરીદનારા દેશો પર વધારાનો ટેરિફ નાખવાની સત્તા આવશે. ભારતને રશિયા પાસેથી સસ્તું ક્રૂડ મળે છે એનાથી અમેરિકાના પેટમાં કડકડતું તેલ રેડાય છે. આ પહેલાં પણ ટ્રમ્પે ટેરિફનું શસ્ત્ર ઉગામ્યું હતું અને ચાલુ વર્ષે માર્ચમાં ૩૦ દિવસ માટે રશિયન ઓઈલ પર ભારતને ટેરિફમાં રાહત આપી હતી અને બે એક્સ્ટેન્શન આપી ડેડલાઈન સત્તરમી જૂન સુધી વધારી હતી. જૂન મહિનામાં ભારતની કુલ ક્રૂડ તેલ આયાતમાંથી ૪૮ ટકા હિસ્સો રશિયન તેલનો હતો. આ પગલું ભારત પર વ્યૂહાત્મક દબાણ લાવવા માટે હોવા છતાં નિષ્ણાતોનું માનવું છે કે, રશિયન ક્રૂડ પર ભારતનો મદાર દેખાય છે એટલો એકતરફી નથી. વળી, વિશ્વમાં ક્રૂડ તેલની તંગી નથી અને ભારતે આ પહેલાં પણ અન્ય દેશો પાસેથી ક્રૂડની ખરીદી કરી ટ્રમ્પ ટેરિફને ચકમો આપ્યો હતો. જો કે, ૧૦૦ ટકા ટેરિફની અસર કાપડ, એન્જિનીયરિંગ ગૂડ્સ, દવાઓ અને હીરાદાગીનાં જેવાં ક્ષેત્રો પર પડી શકે છે. જો કે, આનાં કારણે અમેરિકન નાગરિકો માટે પણ આ વસ્તુઓ મોંઘી થશે. રશિયા-યુક્રેન યુદ્ધ પહેલાં ભારત-રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદતું નહોતું. રશિયા પાસેથી ખરીદી કરવાનું સૌથી મોટું કારણ ઓછો ભાવ અને વધુ ઉપલબ્ધિ હતી. આપણી પાસે સપ્લાયરોની કમી નથી અને બજારમાં ક્રૂડની તંગી પણ નથી. હા, રશિયાને બદલે અન્યત્રથી ખરીદી કરવામાં વધારે ભાવ આપવા ઉપરાંત ક્રૂડ લાવવાનું નૂર ભાડું વધી શકે છે અને ક્રૂડના બ્લેન્ડિંગમાં ફરકને કારણે રિફાઈનરીઓના નફાના ગાળા પર અસર પડી શકે છે. જો કે, સારી વાત એ છે કે, આપણી રિફાઈનરીઓ વિશ્વના વિવિધ ક્રૂડ ગ્રેડ્સ પર પ્રક્રિયા કરવા માટે સજ્જ છે. અમેરિકાની નજર ભારતના કૃષિ અને ડેરી ઉદ્યોગમાં પગપેસારો કરવા પર છે, જેમાં અમેરિકન કંપનીઓને પૂર્ણ પ્રવેશની છૂટ નવી દિલ્હી આપી રહી નથી, (આપવી પણ નહિ જોઈએ) આથી ટ્રમ્પ વારંવાર ભુરાટા થાય છે. ભારત અને ચીન રશિયન ક્રૂડ ખરીદવાનું બંધ કરે તો એની અસર યુરોપિયન માર્કેટ પર થઈ શકે છે, જે રશિયન ક્રૂડમાંથી આ બે દેશોની રિફાઈનરીઝમાં બનેલાં પેટ્રોલિયમ ઉત્પાદનો પર મદાર રાખે છે. શક્યતા એવી છે કે, શિયાળામાં યુરોપને ડીઝલની તંગીનો સામનો કરવાનો આવી શકે છે. ટૂંકમાં, અમેરિકાનો દાવ ભારતનું નાક દબાવવાનો છે, પણ એમાં યુરોપનો શ્વાસ અદ્ધર થઈ શકે છે અને એની અમેરિકન ગ્રાહકોને પણ પેટ્રોલિયમ પેદાશોની વધતી કિંમતોની ઝાળ લાગી શકે છે.

# ૧૯ ઓગસ્ટ 'વિશ્વ માનવતાવાદી દિવસ': માનવતાને મહેકાવતો દિવસ

**હું માનવી માનવ થાઉં તો ઘણું**

૧૯૮૦નાં દાયકાથી 'વિશ્વ માનવતાવાદી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. 'આંતરરાષ્ટ્રીય માનવતાવાદી દિવસ' એ જે માનવતાવાદી કર્મચારીઓએ માનવતાવાદી કારણોસર પોતાનું જીવન ગુમાવ્યું હોય તેમને સમર્પિત છે. તેનો મુખ્ય ઉદ્દેશ વિશ્વમાં હ્યુમનિસ્ટ્સને ધ્યાનમાં રાખીને, વિશ્વમાં હકારાત્મકતા લાવવા માટે માનવતાવાદ વિશેની સભાનતા પ્રગટાવવાનો છે. યુનાઈટેડ નેશન્સના બગદાદના મુખ્ય મથક પર બોમ્બ ધડાકામાં વિએરા ડી મેલો અને તેના ૨૧ સાથી એવા માનવતા ચિકિત્સકોનાં મોતને યાદ કરવા માટે સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા ૧૯મી ઓગસ્ટનાં દિવસે 'વિશ્વ માનવતાવાદી દિવસ' ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. વિશ્વનાં ઘણા લોકો ભૂખમરો અને રોગગ્રસ્ત સ્થળોએ જીવન જીવનારા લોકો માટે સમાજમાં વધુ સારું સ્થાન બનાવવા માટે કાર્ય કરે છે, હ્યુમનિટેરિયન ડે એવા જ માનવતાવાદી કામદારોને શ્રદ્ધાંજલિ આપવાનો એક પ્રસંગ છે જે વિશ્વભરમાં યુદ્ધો અને કુદરતી આફતોનાં ભોગ બનેલા લોકોને મદદ કરવા તેમના જીવનને જોખમમાં નાખે છે. જેણે જીવનમાં ઓછામાં ઓછો એક વાર દરેક જરૂરિયાતમંદોને મદદ કરી છે.



કોઈપણ દેશમાં કોઈપણ ધર્મમાં કોઈપણ વિદ્યામાં, ચિકિત્સા શાસ્ત્રોમાં માનવ/મનુષ્ય એ જ મુખ્ય કેન્દ્રમાં છે અને માનવતા એ જ મોટો ધર્મ છે. દરેક વિજ્ઞાન, ચિકિત્સા શાસ્ત્રો, રાજકીય સ્થિતિ વગેરેનું કેન્દ્ર માનવ જીવન અને તેને જીવન સારી રીતે જીવવાની દૃષ્ટિ વગેરે માનવની સુખ-શાંતિ માટે જ છે. એ માનવને માનવતા શીખવવા તેનાં સ્વાસ્થ્યની રક્ષા કરવા તેના માનસને સાત્વિક બનાવવા ધર્મશાસ્ત્રો ચિકિત્સા રોગો અન્ય તમામ વિજ્ઞાન વગેરેનું સર્જન થયેલ છે. દરેક કાર્યોમાં માનવ જ મુખ્ય છે. તેના આધારે જ જગતમાં ધાર્મિકતા, સત્યતા, સદ્ભાવના, સૃષ્ટિનો વિકાસ, સૃષ્ટિનું બંધારણ સહયોગ બની રહ્યો છે.

'પરસ્પર દેવોભવ' માનવ-માનવ માનવતા રાખી એકબીજામાં દેવના દર્શન કરે તો પ્રભુપરમાત્મા રાજી રહે. અખા ભગત કહેતા કે, 'તું જ તારો ગુરૂ થા.' ભગવાન પ્રિય માનવની શોધમાં જ્યારે નરેન્દ્ર નાથે શ્રી રામકૃષ્ણ પરમહંસને પૂછયું કે 'તમે ભગવાનને જોયા છે? ત્યારે પરમહંસે 'હા' કહી તે વખતે નરેન્દ્ર નાથે પૂછયું કેવી રીતે?, 'જેવી રીતે તને જોઉ છું તે રીતે.' રામકૃષ્ણ દેવનાં આ શબ્દોમાં માનવતાનાં અનુભવનો રણકો હતો. તેથી નરેન્દ્ર નાથ પીગળી ગયા અને સ્વામી વિવેકાનંદ પ્રગટી ગયા. ભગવત ગીતાનું એક સૂત્ર આપણે સહુને હૈયામાં રાખવા જેવું છે કે, 'ઈશ્વર સર્વભૂતના હૃદયે અર્જુન તિષ્ઠતિ' ઈશ્વર દરેક માનવની માનવતાનાં હૃદયમાં રહેલો છે. આમ દરેક દેશ-વિદેશમાં દરેક ધાર્મિકતામાં, દરેક શાસ્ત્રોમાં, દરેક વિજ્ઞાનમાં માનવ જ મુખ્ય છે અને માનવતા એ તેનો મુખ્યધર્મ છે.

એક માણસ અન્ય માણસ પ્રત્યે માનવતા દાખવે એ તો પાયાની જરૂરિયાત છે, પણ માણસને હવે પર્યાવરણ અને જીવસૃષ્ટિ પ્રત્યે પણ માનવતા રાખવી અત્યંત જરૂરી બની ગઈ છે. પોતાની અંગત જરૂરિયાતો માટે માણસે જીવસૃષ્ટિને સમગ્રપણે પ્રદુષિત કર્યું છે, સૃષ્ટિનું બેલેન્સ ખોરવાયું છે એટલે જ મનુષ્યને સામાન્ય જીવન જીવવામાં પણ તકલીફો પડે છે. 'જીવો અને જીવવા દો'નું સિદ્ધાંત માણસ ભૂલ્યો છે અને હવે તેને ફરી યાદ કરવાનો જ નહિ, પરંતુ અમલમાં મુકવાનો પણ સમય પાકી ગયો છે. જીવસૃષ્ટિ પ્રત્યે કરુણા અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ જ માણસને આવનારી આફતોમાંથી નીકળવાનો રસ્તો સરળ કરી આપશે.

**- મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## આજે 'વર્લ્ડ ફોટોગ્રાફી દિવસ'

# તસવીર હવે માત્ર સ્મૃતિનું માધ્યમ નહીં, પરંતુ કલા, સંશોધન, શિક્ષણ અને આરોગ્યસેવાનું મહત્ત્વપૂર્ણ સાધન છે

દર વર્ષે ૧૯ ઓગસ્ટે વર્લ્ડ ફોટોગ્રાફી દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ માત્ર કેમેરાથી સુંદર તસવીરો લેવાની કળાની ઉજવણી નથી, પરંતુ ફોટોગ્રાફીના વૈજ્ઞાનિક, ઐતિહાસિક, સામાજિક અને સર્જનાત્મક મહત્ત્વને યાદ કરવાનો અવસર છે. ૧૯ ઓગસ્ટ, ૧૮૩૯ના રોજ ફ્રાન્સમાં લુઈ ડાગેરના 'ડાગેરિયો ટાઈપ' ફોટોગ્રાફિક પ્રોસેસની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. આ ઘટનાને આધુનિક ફોટોગ્રાફીના વિકાસમાં એક ઐતિહાસિક સીમાચિહ્ન માનવામાં આવે છે, જેના પછી જ્યોર્જ ઈસ્ટમેન એ ૧૯મી સદીમાં 'કોડેક' કંપનીની સ્થાપના કરી, રોલ કેમેરા દ્વારા દુનિયાભરમાં ફોટોગ્રાફીને સામાન્ય લોકો સુધી પહોંચાડી. આજે ફોટોગ્રાફી ટેક્નોલોજીના અદ્ભૂત પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે. ડી.એસ.એલ.આર અને મિરરલેસ કેમેરા સાથે સ્માર્ટફોન ફોટોગ્રાફી, કમ્પ્યુટેશનલ ફોટોગ્રાફી, મલ્ટીકેમેરા સિસ્ટમ, 3ડી ઈમેજિંગ અને આર્ટીફિશીયલ ઈન્ટેલિજેન્સ (એ.આઈ.) આધારિત ફોટો પ્રોસેસિંગે તસવીરો સર્જવાની રીત બદલી નાખી છે. ૨૦૨૬માં એ.આઈ. આધારિત ઈમેજ પ્રોસેસિંગ અને સ્માર્ટફોન ઈમેજિંગ ફોટોગ્રાફીના મહત્ત્વના પ્રવાહોમાં સામેલ છે. સાથે જ, અત્યંત 'પરફેક્ટ' ઈમેજ કરતાં કુદરતી, ઓથેન્ટિક અને વ્યક્તિગત વિઝ્યુઅલસ્ટાઈલ તરફ પણ નવો રસ જોવા મળી રહ્યો છે. ફોટોગ્રાફીનું મહત્ત્વ હેલ્થકેર ક્ષેત્રમાં પણ ઝડપથી વધી રહ્યું છે. ક્લિનિકલ ફોટોગ્રાફી દર્દીનું ફોટોગ્રામમેટ્રિક ટેક્નિકથી પોશ્ચરનું દસ્તાવેજીકરણ, સારવાર પહેલાં અને પછીના ફેરફારોની સરખામણી, વુન્ડ કેર, રીહેબિલિટેશન, શિક્ષણ અને સંશોધનમાં ઉપયોગી બની શકે છે. યોગ્ય રીતે લેવામાં આવેલી તસવીરો વિવિધ આરોગ્ય નિષ્ણાતો વચ્ચે સંવાદ અને અનુસરણને સરળ બનાવી શકે છે. ખાસ કરીને ફિઝીકલ રીહેબિલિટેશન જેવા ક્ષેત્રોમાં પોશ્ચર, ગેટ ટ્રેનિંગ, જોઈન્ટ મુવમેન્ટ, ફંક્શનલ મૂવમેન્ટ તથા રીહેબિલિટેશન પહેલાં અને પછીના ફેરફારોનું પ્રમાણભૂત ફોટોગ્રાફિક દસ્તાવેજીકરણ ક્લિનીકલ ઓબઝર્વેશનને વધુ સ્પષ્ટ બનાવી શકે છે. ટેલીરીહેબ અને રિમોટ ફોલોઅપમાં વુન્ડ અથવા અન્ય દૃશ્યમાન સ્થિતિની તસવીરો પણ ઉપયોગી બની શકે છે, જોકે તેને ક્લિનીકલ એક્ઝામિનેશનનું સંપૂર્ણ વિકલ્પ માનવું યોગ્ય નથી. આ સંદર્ભમાં ડૉ. અમિત એમ. પટેલ (પી.એચ.ડી), સીનીયર ઓર્થોરિહેબ પ્રોફેશનલ અને છેલ્લા ૧૯ વર્ષથી હોબીયિસ્ટ ફોટોગ્રાફર તરીકે કાર્યરત, ફોટોગ્રાફીને કળા અને આરોગ્યવિજ્ઞાન વચ્ચેના સેતુ તરીકે જોવે છે. ગુજરાતના આ ફોટોગ્રાફરે વિવિધ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારો મેળવ્યા છે, તેમજ ઓસ્ટ્રિયા અને નેધરલેન્ડની ફોટોગ્રાફી કાઉન્સિસ તરફથી ફેલોશીપ્સ પ્રાપ્ત કરી છે. તેમના મતે, એક સારી તસવીર માત્ર દૃશ્યને કેદ કરતી નથી; તે માહિતી, લાગણી અને સમયનો સંદર્ભ પણ સાચવી રાખે છે. આજના યુગમાં એ.આઈ. ફોટોગ્રાફીના સર્જનાત્મક અને વૈજ્ઞાનિક ક્ષેત્રોને નવી દિશા આપી રહ્યું છે, પરંતુ ડૉ. પટેલ જેવા ફોટોગ્રાફરો માટે ટેક્નોલોજી કરતાં નિરીક્ષણ, પ્રકાશની સમજ, યોગ્ય ક્ષણ અને માનવીય સંવેદનશીલતા હજુ પણ ફોટોગ્રાફીની આત્મા છે. ખાસ કરીને હેલ્થકેરમાં પ્રાઈવસી, ઈન્ફોર્મ્ડ કન્સેન્ટ, યોગ્ય ફ્રેમિંગ, એક્યુરેટ રિપ્રેઝન્ટેશન અને સીક્યોર સ્ટોરેજ જેવા નૈતિક મુદ્દાઓનું પાલન પણ અત્યંત જરૂરી છે. અંતે, વર્લ્ડ ફોટોગ્રાફી દિવસ આપણને યાદ અપાવે છે કે તસવીર માત્ર 'ક્લિક' નથી તે ઈતિહાસનો દસ્તાવેજ, કળાનું માધ્યમ, સંશોધનનું સાધન, સંવાદનું ભાષા માધ્યમ અને માનવસેવામાં ઉપયોગી ટેક્નોલોજી બની શકે છે. તેથી આ 'વર્લ્ડ ફોટોગ્રાફી ડે'એ માત્ર તસવીર ખેંચીએ નહીં, પરંતુ તસવીર દ્વારા વિશ્વને વધુ સારી રીતે જોઈએ, સમજીએ અને સાચવીએ. તસવીર હવે માત્ર સ્મૃતિનું માધ્યમ નહીં, પરંતુ કલા, સંશોધન, શિક્ષણ અને આરોગ્યસેવાનું મહત્ત્વપૂર્ણ સાધન છે.



-ડૉ. અમિત એમ. પટેલ (પી.એચ.ડી.)
(સીનિયર ઓર્થોરીહેબ પ્રોફેશનલ અને એકેડીમીશિયન તથા સ્પેશિયલ ઓલિલ્પિક્સ કમિટી સભ્ય)



# સમાવિષ્ટ, ટકાઉ અને રોજગારલક્ષી આર્થિક વિકાસ પ્રાપ્ત કરવા માટે એક મજબૂત MSME ક્ષેત્ર આવશ્યક

સંસદના બંને ગૃહોમાં તાજેતરમાં પસાર થયેલ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિકાસ (સુધારા) બિલ, ૨૦૨૬, એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ પરિવર્તન છે. દેશના વિકાસમાં MSMEs મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, MSME ક્ષેત્રે વૃદ્ધિના નવા સીમાચિહ્નો હાંસલ કર્યા છે. આજે, ઉદ્યોગ નોંધણી પોર્ટલ પર ૯ કરોડથી વધુ MSME નોંધાયેલા છે, જે ૪૦ કરોડ લોકોને રોજગારી પૂરી પાડે છે. MSMEs આપણા અર્થતંત્રમાં ૩૧% અને નિકાસમાં ૫૦% ફાળો આપે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવામાં MSME ક્ષેત્ર મુખ્ય ભૂમિકા ભજવે છે. MSMEs ભારતના વિકાસ પાછળનું પ્રેરક બળ છે. તાજેતરના વર્ષોમાં MSME ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ જોઈ છે, જે ઉદ્યમ પર નોંધાયેલા સાહસોની સંખ્યા દ્વારા પુરાવા મળે છે, જે ૧ એપ્રિલ, ૨૦૨૩ સુધીમાં ૧ કરોડ ૬૫ લાખથી વધીને ૯ કરોડથી વધુ થઈ ગઈ છે.

૨૦૨૦માં ઉત્પાદન અને સેવાઓ વચ્ચેના ભેદને દૂર કરીને સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોનું વર્ગીકરણ વધુ વ્યાપક અને સમાવિષ્ટ બનાવવામાં આવ્યું. ટર્નઓવર અને રોકાણ બંને પર આધારિત એક વ્યાપક માપદંડ વિકસાવવામાં આવ્યો. ત્યારબાદ, ૨૦૨૫ સુધીમાં, સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો માટે રોકાણ મર્યાદા અઢી ગણી વધારીને અનુક્રમે ₹૨.૫ કરોડ, ₹૨૫ કરોડ અને ₹૧૨૫ કરોડ કરવામાં આવી, અને ટર્નઓવર બમણું કરીને અનુક્રમે ₹૧૦ કરોડ, ₹૧૦૦ કરોડ અને ₹૫૦૦ કરોડ કરવામાં આવ્યું, જેનાથી આ સાહસોને મૂડી રોકાણ વધારવા, વિકાસ કરવા અને ટેક્નોલોજી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

MSME ક્ષેત્રના વિકાસ માટે ફાઈનાન્સની પહોંચ એક મુખ્ય ઘટક છે. મંત્રાલય MSME ક્ષેત્રને બેંક ક્રેડિટની ઉપલબ્ધતા વધારવા માટે સતત પ્રયાસ કરી રહ્યું છે, અને આના નોંધપાત્ર પરિણામો મળી રહ્યા છે. MSMEsને બાકી રહેલું ધિરાણ ૨૦૧૪-૨૦૧૫માં ₹૧૦ લાખ કરોડથી વધીને ₹૩૮.૩૫ લાખ કરોડથી વધુ થયું છે. ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટ ફોર માઈક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઈઝીસ (CGTMSE)એ માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝીસને લોન પર ગેરંટી પૂરી પાડે છે. ૨૦૦૦થી ૨૦૨૨ની વચ્ચે, માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝીસને આપવામાં આવતી ક્રેડિટ ગેરંટી ₹૩.૧૪ લાખ કરોડ હતી, જે ૨૦૨૨-૨૩ થી ૨૦૨૫-૨૬ સુધી છેલ્લા ચાર વર્ષમાં વધીને ₹૧૦.૪૩ લાખ કરોડથી વધુ થઈ ગઈ છે. પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (PMEGP) હેઠળ, નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી લગભગ ૮ લાખ ૩૪ હજાર માઈક્રો એન્ટરપ્રાઈઝીસને ૨૪,૯૦૩ કરોડ રૂપિયાની માર્જિન મની સબસિડી આપવામાં આવી છે, જેનાથી અંદાજે ૭૫ લાખ લોકો માટે રોજગારીની તકો ઉભી થઈ છે.

MSME મંત્રાલયની સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો માટેની જાહેર ખરીદી નીતિ-૨૦૧૨ હેઠળ, કેન્દ્રીય મંત્રાલયો/વિભાગો/કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસો (CPSEs) માટે વાર્ષિક ધોરણે સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો પાસેથી તેમની કુલ ખરીદીના ૨૫% ખરીદી કરવી ફરજિયાત છે; આમાં મહિલા ઉદ્યોગસાહસિકોની માલિકીના સૂક્ષ્મ અને નાના ઉદ્યોગોમાંથી 3% અને SC/ST ઉદ્યોગસાહસિકોની માલિકીના સૂક્ષ્મ અને નાના ઉદ્યોગોમાંથી ૪% ખરીદીનો સમાવેશ થાય છે. વર્ષોથી સૂક્ષ્મ અને નાના ઉદ્યોગોમાંથી ખરીદીમાં સતત વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં, સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો પાસેથી જાહેર ખરીદીનું મૂલ્ય ₹૪૦,૭૧૭ કરોડ હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં વધીને ₹૧,૧૫,૮૦૧ કરોડ થયું, જે CPSEs દ્વારા ખરીદી માટેના ૨૫% લક્ષ્ય કરતાં ૪૯% વધુ છે. આમાંથી, ₹૩,૯૮૪ કરોડ SC/ST ઉદ્યોગસાહસિકોની માલિકીના સાહસોમાંથી અને ₹૯,૦૫૯ કરોડ મહિલા ઉદ્યોગસાહસિકોની માલિકીના સાહસોમાંથી ખરીદવામાં આવ્યા હતા.

મંત્રાલયે TREDS સહિત MSMEsને સમયસર ચુકવણી સુનિશ્ચિત કરવા માટે ઘણા મહત્ત્વપૂર્ણ પ્રયાસો કર્યા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા નિયંત્રિત આ ડિજિટલ પ્લેટફોર્મ ૨૦૧૭માં ભારતમાં MSMEs સંબંધિત પડકારો અને કાર્યકારી મૂડીની જરૂરિયાતોને

**MSMEને મજબૂત બનાવવા માટે સુધારાનો આગામી તબક્કો**



લેખક:
**- સુશ્રી શોભા કરંદલાજે**
(સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય અને શ્રમ અને રોજગાર મંત્રાલયમાં કેન્દ્રીય રાજ્યમંત્રી)

પહોંચી વળવા માટે શરૂ કરવામાં આવ્યું હતું. TREDS પ્લેટફોર્મે માર્ચ ૨૦૨૬ સુધીમાં ₹૮,૭૧,૦૦૦ કરોડના ઈન્વોઈસ ડિસ્કાઉન્ટિંગ દ્વારા MSME ક્ષેત્રને સમયસર ચુકવણી સક્ષમ બનાવી છે. TREDS પ્લેટફોર્મ પર MSMEની સંખ્યા એપ્રિલ-૨૦૨૨માં ૩૪,૪૩૦થી વધીને માર્ચ ૨૦૨૬ સુધીમાં ૨,૫૫,૦૦૦થી વધુ થઈ ગઈ છે. MSME માટે ઈન્વોઈસ ડિસ્કાઉન્ટિંગની રકમ ૨૦૨૧-૨૨માં ₹૪૦,૦૦૦ કરોડથી વધીને ૨૦૨૫-૨૬માં ₹૩,૪૭,૦૦૦ કરોડથી વધુ થઈ ગઈ છે. વેપાર પર ઈન્વોઈસ ડિસ્કાઉન્ટિંગનો વધતો જતો ટ્રેન્ડ MSMEsને સમયસર ચુકવણી કરવા માટે ભારત સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

આ હેતુ માટે, વિલંબિત ચુકવણીઓ અને સંબંધિત વિવાદોને ઉકેલવા માટે દેશભરમાં ૧૬૧ સૂક્ષ્મ અને નાના ઉદ્યોગ સુવિધા પરિષદો (MSEFCs)ની સ્થાપના કરવામાં આવી છે. આ સુધારા રાજ્યોને MSEFCsનું માળખું નક્કી કરવા સક્ષમ બનાવે છે, જેનાથી જરૂર મુજબ વધુ MSEFCsની રચના શક્ય બને છે. પક્ષકારો વચ્ચે વાટાઘાટો દ્વારા પર્યાપ્ત વિવાદ નિવારણ પદ્ધતિઓ સ્થાપિત કરવામાં આવી છે. આ સુધારા બિલ પક્ષકારો દ્વારા વિવાદોના સમયસર અને ખર્ચ-અસરકારક નિરાકરણની ખાતરી કરવા માટે ઓનલાઈન વિવાદ નિવારણ (ODR)ને સક્ષમ અને મજબૂત બનાવે છે.

MSME મંત્રાલય મહિલા ઉદ્યોગસાહસિકોના વિકાસને પ્રોત્સાહન આપવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. મંત્રાલયની ઘણી યોજનાઓમાં મહિલાઓ માટે ખાસ જોગવાઈઓ છે. આજે, ઉદ્યોગ પોર્ટલ પર ૩૯% થી વધુ MSME મહિલાઓની માલિકીના છે, જે મહિલાઓની માલિકીના આશરે ૩.૩૮ કરોડ MSMEનું પ્રતિનિધિત્વ કરે છે, અને આ સંખ્યા સતત વધી રહી છે. ક્રેડિટ ગેરંટી યોજના હેઠળ, મહિલાઓ માટે ગેરંટી કવરેજ ૯૦% સુધી છે, અને વાર્ષિક ગેરંટી ફી પર ૧૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. પ્રાપ્તિ અને માર્કેટિંગ સહાય યોજના હેઠળ, મહિલા ઉદ્યોગસાહસિકો માટે વેપાર મેળાઓમાં ભાગ લેવા માટે ૧૦૦% સબસિડી આપવામાં આવે છે, જ્યારે અન્ય ઉદ્યોગસાહસિકો માટે ૮૦% સબસિડી આપવામાં આવે છે. PMEGP ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ માટે ૩૫% અને શહેરી વિસ્તારોમાં મહિલાઓ માટે ૨૫% સબસિડી પૂરી પાડે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો વિકાસ મંત્રાલય માટે પ્રાથમિકતા છે. આજે, ઉદ્યોગ પર ૧.૨૪ કરોડથી વધુ MSME SC/ST ઉદ્યોગસાહસિકોની માલિકીના છે. MSME મંત્રાલયની કેન્દ્રીય ક્ષેત્ર યોજના, રાષ્ટ્રીય SC-ST હબ યોજના, વડાપ્રધાન દ્વારા ૨૦૧૬માં શરૂ કરવામાં આવી હતી. આ યોજનાનો ઉદ્દેશ SC-ST ઉદ્યોગસાહસિકોની ક્ષમતા વધારવાનો અને તેમનામાં 'ઉદ્યોગસાહસિક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો છે.

મંત્રાલયની આ નિરંતર પહેલ અને પ્રયાસોને વધુ મજબૂત બનાવવા માટે, MSME વિકાસ સુધારા બિલ, ૨૦૨૬ પસાર કરવામાં આવ્યું છે. તેનો ઉદ્દેશ્ય MSME ક્ષેત્ર સામેના વર્તમાન પડકારોનો સામનો કરવાનો, વહીવટી માળખામાં સુધારો કરવાનો અને વ્યવસાય કરવાની સરળતા અને નિયમોનું પાલન પ્રોત્સાહન આપવાનો છે. તેના મુખ્ય ઘટકો છે.

⇒ સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોના મફત અને સ્વૈચ્છિક નોંધણી માટે રાષ્ટ્રીય ડિજિટલ પ્લેટફોર્મની સૂચના પૂરી પાડવી. ટર્નઓવર અને રોકાણ-આધારિત ત્રણ વર્ગીકરણને કાયદેસર બનાવવું.

⇒ એમએસએમઈની નાણાંની ઉપલબ્ધતા સાથે જોડાયેલી સમસ્યાઓનું નિરાકરણ કરવું. તમામ કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસો (CPSEs)ને MSMEs પાસેથી વેપાર દ્વારા ખરીદી માટે ઈન્વોઈસ ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો છે. રાજ્ય સરકારોને પણ તેમના જાહેર ક્ષેત્રના સાહસો માટે સમાન જોગવાઈઓ અપનાવવાની સત્તા આપવામાં આવી છે;

⇒ સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગ સુવિધા પરિષદ (MSEFC)ના માળખાને તર્કસંગત બનાવીને રાજ્ય સરકારો દ્વારા વધુ MSEFCની સ્થાપનાને સરળ બનાવવી;

⇒ સૂક્ષ્મ અને નાના ઉદ્યોગોને વિલંબિત ચુકવણી સંબંધિત વિવાદોના ઝડપી નિરાકરણ માટે સમય મર્યાદા નક્કી કરવી;

⇒ જમીન મહેસૂલના બાકી તરીકે મધ્યસ્થી સમાધાન અથવા મધ્યસ્થી ચુકાદાની વસૂલાત માટે જોગવાઈ કરવી;

⇒ જો હુકમનામું, ચુકાદો અથવા હુકમ રદ્ કરવાની અરજી છ મહિનાથી વધુ સમયથી પેન્ડિંગ હોય તો સૂક્ષ્મ અને નાના ઉદ્યોગોના સપ્લાયર્સને આપવામાં આવેલી રકમના ઓછામાં ઓછા પચાસ ટકા ચૂકવવાનો આદેશ આપવા માટે અદાલતોને સત્તા આપવી;

⇒ ચોક્કસ જોગવાઈઓના ઉલ્લંઘનને ગુનાહિત જાહેર કરવું (ડિક્રિમિનલાઈઝ કરવા)અને દોષિત ઠેરવવામાં આવેલા દંડને વિવિધ સ્તરના દંડથી બદલવો, જેમાં પ્રથમ ઉલ્લંઘન માટે ચેતવણીઓનો સમાવેશ થાય છે.

⇒ આ સુધારાઓ હિતધારકો સાથે વ્યાપક પરામર્શ અને સંબંધિત મુદ્દાઓની કાળજીપૂર્વક તપાસ કર્યા પછી કરવામાં આવ્યા છે. સમાવિષ્ટ, ટકાઉ અને રોજગારલક્ષી આર્થિક વિકાસ પ્રાપ્ત કરવા માટે એક મજબૂત MSME ક્ષેત્ર આવશ્યક છે. આ સુધારાઓ 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝન પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા સાથે સુસંગત છે. આ સાહસોના ઔપચારિકરણને પ્રોત્સાહન આપશે, તેમના વિસ્તરણ માટે માર્ગ મોકળો કરશે અને તેમને વિકાસના 'ચેમ્પિયન' બનવા સક્ષમ બનાવશે.

દેશમાં અમલમાં રહેલી ફાંસીની પ્રક્રિયા બંધારણીય રીતે માન્ય છે

# મૃત્યુદંડ માટે ફાંસીની જગ્યાએ મોતનું ઈન્જેક્શન આપવાની માગ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી

**અરજદારે ફાંસીને ક્રૂર ગણાવી સન્માનજનક મોતની દલીલ કરી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૮**

સુપ્રીમ કોર્ટે ભારતમાં ફાંસીની જગ્યાએ 'લીથલ ઈંજેક્શન' (ઝેરી ઈંજેક્શન) જેવી ઓછી દર્દનાક પદ્ધતિઓથી મૃત્યુદંડ આપવાની માંગ કરતી જાહેર હિતની અરજી ફગાવી દીધી છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેંચે ચુકાદો આપતાં સ્પષ્ટ કર્યું કે, દેશમાં હાલમાં અમલમાં રહેલી ફાંસીની પ્રક્રિયા જ બંધારણીય રીતે માન્ય અને અસરકારક છે.

આ ઉપરાંત, અદાલતે આ વિષય સાથે જોડાયેલા જૂના ચુકાદાઓની પુનઃસમીક્ષા માટે આ મામલાને મોટી બેંચ પાસે મોકલવાની માંગને પણ કોઈ મજબૂત આધાર ન હોવાનું જણાવીને રદ કરી દીધી છે.

સિનિયર વકીલ ઋષિ મલ્હોત્રા દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં BNSSની કલમ ૩૯૩(૫)ની બંધારણીયતાને પડકારવામાં આવી હતી. અરજદારની દલીલ હતી કે ફાંસી દ્વારા અપાતો મૃત્યુદંડ અત્યંત દર્દનાક, ક્રૂર અને અમાનવીય છે, જ્યારે બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ સન્માનજનક મોતનો અધિકાર મળવો જોઈએ. અરજીમાં જણાવાયું હતું કે ફાંસી આપ્યા બાદ કેદીને મૃત જાહેર કરવામાં આશરે ૪૦ મિનિટ લાગે છે, જ્યારે ઝેરી ઈંજેક્શન કે અન્ય પદ્ધતિઓમાં ૫ મિનિટમાં જ મોત થઈ જાય છે. આ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્ર (UN)ના પ્રસ્તાવનો પણ હવાલો આપવામાં આવ્યો હતો.

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, અરજી રદ કરવાનો અર્થ એ નથી કે ભવિષ્ય માટે તમામ દરવાજા બંધ થઈ ગયા છે. જો આગામી સમયમાં કોઈ નક્કર વૈજ્ઞાનિક કે મેડિકલ પુરાવા સામે આવશે, તો આ પદ્ધતિની બંધારણીય સમીક્ષા ફરીથી કરી શકાશે. અદાલતે એવું પણ સૂચન કર્યું હતું કે કેન્દ્ર સરકાર ઈચ્છે તો કાયદા, ફોરેન્સિક મેડિસિન અને ન્યુરોસાયન્સના નિષ્ણાતોની એક સમિતિ બનાવીને ફાંસી સિવાયના અન્ય વિકલ્પો પર ઊંડાણપૂર્વક અભ્યાસ કરી શકે છે.

અગાઉ એટર્ની જનરલ આર. વેંકટરામણીએ કોર્ટને જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર આ વિષય પર ગંભીરતાથી વિચાર કરી રહી છે.

જો કે, કેદીઓને ફાંસી અથવા ઝેરી ઈંજેક્શનમાંથી કોઈ એક પસંદ કરવાનો વિકલ્પ આપવાની વાત પર કેન્દ્ર સરકારે તેને વ્યાવહારિક રીતે અશક્ય ગણાવ્યું હતું. બીજી તરફ, અન્ય કાનૂની નિષ્ણાતોએ અમેરિકામાં લીથલ ઈંજેકશન નિષ્ફળ ગયાની ઘટનાઓનો હવાલો આપતાં ફાંસીને જ સૌથી સુરક્ષિત અને ઝડપી પદ્ધતિ ગણાવી હતી.

# UGC-NETમાં ગેરરીતિ બાદ NTAની મોટી કાર્યવાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૮**

જૂન ૨૦૨૬ની UGC-NET પરીક્ષામાં પ્રશ્નપત્ર સંબંધિત ગેરરીતિઓ સામે આવ્યા બાદ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા મોટો વહીવટી ફેરફાર કરવામાં આવ્યો છે. શિક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર પરીક્ષા પ્રક્રિયાને વધુ સુરક્ષિત, પારદર્શક અને વિશ્વસનીય બનાવવા માટે NTAએ ૫૦થી વધુ કર્મચારીઓ સામે કાર્યવાહી કરીને તેમને સંસ્થામાંથી હટાવ્યા છે. આ ઉપરાંત પરીક્ષા વ્યવસ્થાના મહત્વના ક્ષેત્રોમાં ૧૦ નવા વ્યાવસાયિકોની ભરતી શરૂ કરવામાં આવી છે.

જૂન ૨૦૨૬ની UGC-NET પરીક્ષા દરમિયાન પ્રશ્નપત્ર સંબંધિત ખામીઓ સામે આવ્યા બાદ NTAની કાર્યપ્રણાલી સામે સવાલો ઊઠ્યા હતા. વિદ્યાર્થીઓ અને વિવિધ વિદ્યાર્થી સંગઠનોએ પરીક્ષા પ્રક્રિયામાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવાની માગ કરી હતી.

આ સમગ્ર મામલાને ધ્યાનમાં રાખીને NTA દ્વારા આંતરિક સ્તરે જવાબદારી નક્કી કરવા માટે કાર્યવાહી કરવામાં આવી છે. ૫૦થી વધુ કર્મચારીઓને હટાવવાનો નિર્ણય પરીક્ષા વ્યવસ્થામાં મોટા વહીવટી સુધારાનો સંકેત માનવામાં આવી રહ્યો છે.

પરીક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવા NTA દ્વારા ૧૦ મહત્વના પદો પર નવા વ્યાવસાયિકોની ભરતી શરૂ કરવામાં આવી છે. તેમાં મુખ્ય પ્રૌદ્યોગિકી અધિકારી (CTO), મુખ્ય નાણાં અધિકારી (CFO), મુખ્ય માહિતી સુરક્ષા અધિકારી (CISO), પરીક્ષા સુરક્ષાના મહાપ્રબંધક ઉપરાંત રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ અને સાયકૉમેટ્રિક્સ જેવા ક્ષેત્રોના નિષ્ણાતોનો સમાવેશ થાય છે.

NTA હવે સાયબર સિક્યોરિટી, પ્રશ્નપત્ર તૈયાર કરવાની પ્રક્રિયા અને પરીક્ષા મૂલ્યાંકન સાથે જોડાયેલી સાયકૉમેટ્રિક્સ વ્યવસ્થામાં ખાનગી ક્ષેત્રના નિષ્ણાતોની મદદ પણ લેવાની તૈયારીમાં છે.

જૂન ૨૦૨૬ની UGC-NET પરીક્ષા ૨૨થી ૩૦ જૂન દરમિયાન કુલ ૮૭ વિષયો માટે યોજાઈ હતી. પ્રશ્નપત્ર સંબંધિત ખામીઓને ધ્યાનમાં રાખીને અંગ્રેજી અને કોમર્સ વિષયની પુનઃપરીક્ષા ૯ સપ્ટેમ્બરે જ્યારે સોસિયોલોજીની પુનઃપરીક્ષા ૧૦ સપ્ટેમ્બરે યોજાશે.

પુનઃપરીક્ષાના નિર્ણય બાદ વિવિધ વિદ્યાર્થી સંગઠનોએ દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કર્યા હતા. વિપક્ષે પણ NTAની કામગીરી પર સવાલ ઉઠાવી પરીક્ષા પ્રક્રિયામાં થયેલી ગેરરીતિ માટે જવાબદારી નક્કી કરવાની માગ કરી હતી.

સરકારે NTAને પરીક્ષા પ્રક્રિયાનું વ્યાપક ઓડિટ કરવા, પ્રશ્નપત્રો માટે વધુ સુરક્ષિત વ્યવસ્થા ઉભી કરવા, એર-ગેપ્ડ કમ્પ્યુટર સિસ્ટમનો ઉપયોગ વધારવા અને પરીક્ષા સાથે સંકળાયેલા કર્મચારીઓ દ્વારા ઈલેક્ટ્રોનિક ઉપકરણો જમા કરાવવાની વ્યવસ્થાને વધુ કડક બનાવવા સૂચના આપી છે.

# વિદ્યાર્થીઓની માગ આગળ ઝૂકી હેમંત સોરેનની સરકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાંચી, તા.૧૮**

ઝારખંડમાં જેપીએસસી-જેએસએસસી આંદોલનમાં સામેલ છાત્રોની માગોને લઈ રાજયના મુખ્યમંત્રી હેમંત સોરેનની અધ્યક્ષતામાં ત્રણ કલાકથી વધારે બેઠક ચાલી. મંત્રાલયના મંત્રીઓ સાથે થયેલી આ બેઠક બાદ મોટો નિર્ણય લીધો છે. આ મોટા નિર્ણય અંતર્ગત સરકારે સીજીએલ-એસએસી પરીક્ષાને રદ કરવાનો નિર્ણય લીધો છે. ટીડીપીએલ દ્વારા લેવામાં આવેલી આ પરીક્ષા રદ કરી દેવામાં આવી છે. આ દરમ્યાન સીએમ હેમંત સોરેને પણ નિવેદન આપ્યું છે. મંત્રીઓ સાથે ત્રણ કલાકથી વધારે સમય સુધી ચાલેલી આ બેઠક બાદ સીએમ હેમંત સોરેને મીડિયા સામે કહ્યું કે, સરકાર કેટલાય મુદ્દાને લઈ ચિંતિત છે. સમસ્યાનું સમાધાન કરવાને લઈ ચિંતિત છે. છાત્રો આંદોલન કરી રહ્યા છે. તેમની માગને લઈ વાતચીત પણ થઈ છે. અમારી સામે કેટલીય વાતો સામે આવી છે.

હેમંત સોરેને કહ્યું કે, મજબૂત અને કડક કાયદો પણ અમે બનાવ્યો છે અને તેને લાગુ કરવાનો ઈરાદો પણ ધરાવીએ છીએ. જે કડક નિર્ણય સાથે આગળ વધીએ છીએ, તે વિશ્વાસમાં અમારા નૌજવાન પણ છે. જેપીએસસી અને જેએસએસસી દ્વારા નૌજવાનોની નિયુક્તિ પણ થાય છે. કેટલીય નિયુક્તિઓની તપાસ એજન્સીઓ પણ કરી રહી છે. તેમણે કહ્યું કે, તાજેતરના દિવસોમાં આપણા નવયુવાન જયપાલ સિંહ સ્ટેડિયમમાં પોતાની માગોને લઈ બેઠા છે. તમામ નૌજવાન એક સમાન છે. હેમંત સોરેને કહ્યું કે, અમારા મંત્રીના વાર્તાથી કેટલીય માગોનું સમાધાન લાવ્યું હતું. રિફોર્મમાં સરકાર પારદર્શિતા સાથે કામ કરશે. પરીક્ષા કેવી રીતે થવી જોઈએ, પરીક્ષા કેવી હોવી જોઈએ. એસઓપીના નિયમ અંતર્ગત પરીક્ષા થતી તો ગરબડ ન થાત. રિફોર્મ માટે પોર્ટલ બનાવ્યા છે. તેમાં વાલીઓને પણ જોડવામાં આવશે. રિફોર્મને લઈ આઈએએસ અધિકારી અમિતાભ કૌશલની અધ્યક્ષતામાં કમિટી બનાવી છે.

જંતર મંતર પર ફરી એકવાર આંદોલન

# E20ના વિરોધમાં પૂનાવાલાએ ધરણાની કરી જાહેરાત




**પૂનાવાલાએ ૨૨ અને ૨૩ ઓગસ્ટના રોજ દિલ્હીમાં ધરણા વિરોધ અને ભૂખ હડતાળની જાહેરાત કરી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૮**

દિલ્હી જંતર મંતર ખાતે પહેલા નીટ પેપર લીક અને હવે E20 પેટ્રોલના વિરોધમાં આંદોલન થવાની જાહેરાત કરી છે. E20નો વિરોધ કરી રહેલા તહસીન પૂનાવાલાએ દિલ્હીના જંતર-મંતર પર બે દિવસના વિરોધ અને ભૂખ હડતાળની જાહેરાત કરી છે.

તેઓએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ માહિતી શેર કરતા તેમણે જણાવ્યું હતું કે, 'ટીમ ભારત' ૨૨ અને ૨૩ ઓગસ્ટના રોજ જંતર-મંતર પર જનતા દરબારનું આયોજન કરશે. આ વિરોધમાં મોટી સંખ્યામાં લોકોને ભાગ લેવા અપીલ કરવામાં આવી છે.

તહસીન પૂનાવાલાના જણાવ્યા અનુસાર, ૨૨ ઓગસ્ટના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે જંતર-મંતર પર ધરણા વિરોધ પ્રદર્શન શરૂ થશે અને ત્યારબાદ ચાલુ રહેશે. ત્યારબાદ, ૨૩ ઓગસ્ટના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે વિરોધ પ્રદર્શન અને ભૂખ હડતાળ પણ યોજાશે. તેમનો દાવો છે કે દરરોજ ૫,૦૦૦ થી વધુ લોકો વિરોધ પ્રદર્શનમાં જોડાઈ શકે છે, જેમાં વિરોધીઓની કુલ સંખ્યા ૧૦,૦૦૦ સુધી પહોંચી શકે છે.

આ વિરોધ પ્રદર્શન દ્વારા સરકાર સમક્ષ E20 સંબંધિત અનેક માંગણીઓ મૂકવામાં આવી છે.

પૂનાવાલાની પહેલી માંગ એ છે કે E10 પેટ્રોલ એવા જૂના વાહનો માટે ઉપલબ્ધ કરાવવું જોઈએ જે E10 ઈંધણનું પાલન કરે છે. તેમનો દલીલ છે કે જૂના વાહનો જે E20 ઈંધણ માટે ડિઝાઈન કરવામાં આવ્યા નથી તેના માલિકો પાસે E10 પેટ્રોલનો ઉપયોગ કરવાનો વિકલ્પ હોવો જોઈએ, કારણ કે E20 ઈંધણ આ વાહનો પર પ્રતિકૂળ અસર કરી રહ્યું છે. તે માત્ર માઈલેજમાં ઘટાડો જ નહીં પરંતુ વાહનના ઘટકોને પણ નુકસાન પહોંચાડી રહ્યું છે.

બીજી માંગ E20 પેટ્રોલની કિંમત ઘટાડવાની છે. વધુમાં, E20 સંબંધિત તમામ દસ્તાવેજો જાહેર કરવાની માંગ છે. પૂનાવાલાએ ભારપૂર્વક જણાવ્યું છે કે E20 સંબંધિત આવશ્યક દસ્તાવેજો અને માહિતી સામાન્ય લોકો સમક્ષ જાહેર કરવી જોઈએ જેથી આ ઈંધણ નીતિ અંગે સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થાય.

E20 વિરોધી વિરોધ પ્રદર્શનની મુખ્ય માંગણીઓમાંની એક કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીને તેમના પદ પરથી હટાવવાની છે. પૂનાવાલાએ જાહેર કરેલી માંગણીઓમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે નીતિન ગડકરીએ તેમના પદ પરથી રાજીનામું આપવું જોઈએ. તહસીન પૂનાવાલાએ "નો ચોઇસ, નો વોટ" નારા પણ લગાવ્યા હતા. આ પોસ્ટ સ્પષ્ટ કરે છે કે જો લોકોને ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલનો વિકલ્પ આપવામાં નહીં આવે, તો તેઓ તેને ચૂંટણીના મુદ્દામાં ફેરવી દેશે.

આ સંદર્ભમાં, ૨૨ અને ૨૩ ઓગસ્ટના રોજ જંતર-મંતર પર આયોજિત વિરોધ પ્રદર્શન ફરી એકવાર E20 ઈંધણની આસપાસ ચાલી રહેલી ચર્ચાને રાજકીય અને જાહેર ચર્ચામાં મોખરે લાવી શકે છે. તાજેતરમાં, દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી (AAP) ના સંયોજક અરવિંદ કેજરીવાલે પણ E20 પેટ્રોલના વિરોધમાં વડા પ્રધાનના નિવાસસ્થાન તરફ કૂચનું નેતૃત્વ કર્યું હતું, જોકે માર્ચને ફિરોઝ શાહ રોડ પર અધવચ્ચે જ અટકાવવામાં આવી હતી.

વિદ્યાર્થીઓના વિરોધની આશંકાને પગલે મુંબઈ સ્થિત TISS નો નિર્ણય

# CJIનું નામ ચીફ ગેસ્ટની લિસ્ટમાંથી ડિલીટ થયું

**૨૨ ઓગસ્ટે યોજાનાર આ સમારોહમાં ટાટા મેમોરિયલ હોસ્પિટલના નિયામક ડો. સી. એસ. પ્રમેશ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૮**

મુંબઈ સ્થિત ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશિયલ સાયન્સિસ (TISS)ના ૮૬મા દીક્ષાંત સમારોહમાં ચીફ જસ્ટિસ સૂર્યકાંત હવે મુખ્ય અતિથિ નહીં હોય. ૨૨ ઓગસ્ટે યોજાનાર આ સમારોહમાં ટાટા મેમોરિયલ હોસ્પિટલના નિયામક ડૉ. સી. એસ. પ્રમેશ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. અગાઉ ૨ ઓગસ્ટના રોજ CJI સૂર્યકાંતની હાજરીમાં આયોજિત કાર્યક્રમ 'અણધાર્યા સંજોગો'ને કારણે સ્થગિત કરાયો હતો. સૂત્રો મુજબ, CJIની 'કોકરોચ' ટિપ્પણીને કારણે વિરોધની આશંકા હતી.

મુંબઈ સ્થિત ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સિસ (TISS)ના ૮૬મા દીક્ષાંત સમારોહમાં હવે ભારતના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંત ચીફ ગેસ્ટ તરીકે હાજર રહેશે નહીં. સંસ્થાએ છેલ્લી ઘડીએ ચીફ ગેસ્ટના નામમાં ફેરફાર કર્યો છે. હવે ટાટા મેમોરિયલ હોસ્પિટલના નિયામક ડૉ. સી. એસ. પ્રમેશ આ દીક્ષાંત સમારોહમાં ચીફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત રહેશે. આ સમારોહ ૨૨ ઓગસ્ટે યોજવામાં આવશે. TISSનો ૮૬મો દીક્ષાંત સમારોહ અગાઉ ૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યોજાવાનો હતો. આ કાર્યક્રમમાં CJI સૂર્યકાંતને ચીફ ગેસ્ટ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા, જ્યારે બોમ્બે હાઈકોર્ટના કાર્યકારી ચીફ જસ્ટિસ, જસ્ટિસ રવિન્દ્ર ઘુગેને સ્પેશિયલ ગેસ્ટ બનાવવામાં આવ્યા હતા. જોકે, કાર્યક્રમના માત્ર ૪૮ કલાક પહેલાં TISS દ્વારા ઈમેલ મોકલીને દીક્ષાંત સમારોહ સ્થગિત કરવાની માહિતી આપવામાં આવી હતી અને તેની પાછળ 'અણધાર્યા સંજોગો'નું કારણ રજૂ કરવામાં આવ્યું હતું.

કેમ્પસ સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, TISS પ્રશાસનને સમારોહ દરમિયાન વિરોધ પ્રદર્શન કે અન્ય કોઈ અડચણ ઊભી થવાની આશંકા હતી. જસ્ટિસ સૂર્યકાંત દ્વારા બેરોજગાર યુવાનો માટે કરવામાં આવેલી 'કોકરોચ'વાળી ટિપ્પણીને તાજેતરના મોટા વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનો સાથે જોડવામાં આવી રહી હતી. હવે આ દીક્ષાંત સમારોહ શનિવાર, ૨૨ ઓગસ્ટે મુંબઈના દેઓનાર સ્થિત સંસ્થાના નૌરોજી કેમ્પસમાં યોજાશે, જેમાં દેશભરના TISS કેમ્પસમાંથી ગ્રેજ્યુએટ થતા વિદ્યાર્થીઓ ભાગ લેશે.

આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે CJI સૂર્યકાંતને યુનિવર્સિટીઓના દીક્ષાંત સમારોહમાં આમંત્રિત કરવા અંગે દેશભરમાં ચર્ચા ચાલી રહી છે. અગાઉ હૈદરાબાદની NALSAR યુનિવર્સિટીમાં ૨૦૨૬ બેચના ૪૫૦થી વધુ વિદ્યાર્થીઓએ CJI સૂર્યકાંતને મુખ્ય અતિથિ બનાવવા સામે વિરોધ નોંધાવ્યો હતો. NALSARના આ પ્રકરણ બાદ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI)ની કાર્યવાહી અને નિર્ણયોમાં થયેલા ફેરફારોને લઈને પણ ભારે વિવાદ સર્જાયો હતો.

ભારતના વૈશ્વિક વેપાર માટે ખુલ્યો નવો ગેટવે:

# વિઝિન્ઝમ પોર્ટ પર સંપૂર્ણ નિકાસ-આયાત (EXIM) કામગીરીનો પ્રારંભ

**વિદેશી બંદરો પરની નિર્ભરતા, લોજિસ્ટિક્સ ખર્ચ અને સમય બચાવશે**





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**અમદાવાદ, તા.૧૮**

ભારતના દરિયાઈ વેપાર ક્ષેત્રે એક મહત્ત્વપૂર્ણ સીમાચિન્હરૂપ ઘટના તરીકે વિઝિન્ઝમ ઈન્ટરનેશનલ સીપોર્ટે સંપૂર્ણ નિકાસ-આયાત (EXIM) કામગીરીનો પ્રારંભ કર્યો છે. આ સાથે વિઝિન્ઝમ માત્ર ટ્રાન્સશિપમેન્ટ હબ પૂરતું મર્યાદિત ન રહી, ભારતીય નિકાસકારો અને આયાતકારોને વૈશ્વિક બજારો સાથે સીધું જોડતું મહત્ત્વપૂર્ણ ગેટવે બની ગયું છે.

કેરળના મુખ્યમંત્રી શ્રી વી.ડી. સતીશન, ઉદ્યોગ મંત્રી શ્રી પી.કે. કુંહાલિકુટ્ટી, ધારાસભ્ય શ્રી એમ. વિન્સેન્ટ, ભારત સરકારના મેરિટાઈમ એડમિનિસ્ટ્રેશના ડાયરેક્ટર જનરલ શ્રી શ્યામ જગન્નાથ (IAS), મેરિટાઈમ ક્ષેત્રના ભાગીદારો અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ કામગીરી શરૂઆત કરવામાં આવી. EXIM કામગીરીથી હવે આંતરરાષ્ટ્રીય શિપિંગ સેવાઓ વચ્ચે ટ્રાન્સશિપમેન્ટ ઉપરાંત, ભારતમાં આવતા અને ભારતમાંથી જતા કાર્ગોનું પણ સીધું સંચાલન શક્ય બનશે.

આ પ્રસંગે કેરળના મુખ્યમંત્રી શ્રી વી.ડી. સતીશને જણાવ્યું હતું કે, "આ અમારા માટે ગર્વની ક્ષણ છે અને વિઝિન્ઝમ હવે વિશ્વ માટે એક ગેટવે છે. મિશન સમુદ્ર, મજબૂત રોડ-રેલ કનેક્ટિવિટી અને મોટા ખાનગી રોકાણો દ્વારા આ તકનો મહત્તમ લાભ લેવાનો સમય આવી ગયો છે. સરકાર રિંગ રોડ માટે જમીન સંપાદન કરવા ₹૩,૨૦૦ કરોડ ફાળવશે, જ્યારે ખાનગી રોકાણ લાવવા માટેની ચર્ચાઓ પણ શરૂ થઈ ગઈ છે."

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ)ના CEO અને હોલ-ટાઈમ ડાયરેક્ટર શ્રી અશ્વિની ગુપ્તાએ જણાવ્યું હતું કે, "વિઝિન્ઝમ કેરળની પ્રતિભા, ભારતના સાહસ અને લાખો લોકોની આકાંક્ષાઓને વૈશ્વિક બજારો સાથે જોડતો નવો ગેટવે છે." તેમણે જણાવ્યું કે, આ પોર્ટ માત્ર કાર્ગો હેન્ડલિંગ માટે નથી, પરંતુ આત્મનિર્ભરતા, વૈશ્વિક સ્પર્ધાત્મકતા અને દરિયાઈ ક્ષેત્રે ભારતના નેતૃત્ત્વને મજબૂત બનાવવાનો પ્રયાસ છે.

વિઝિન્ઝમમાં અદાણી ગ્રૂપનું રોકાણ કેરળના ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધારિત વિકાસ પ્રત્યેની તેની લાંબા ગાળાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. બીજા તબક્કાના રોકાણ સાથે આ પ્રોજેક્ટમાં ગ્રૂપનું સંચિત રોકાણ ₹૩૦,૦૦૦ કરોડ સુધી પહોંચશે, જે કેરળમાં કોઈપણ બિઝનેસ હાઉસ દ્વારા કરવામાં આવેલું સૌથી મોટું રોકાણ માનવામાં આવે છે.

હાલમાં ભારતનો ૭૫ ટકાથી વધુ કન્ટેનર ટ્રાન્સશિપમેન્ટ કાર્ગો વિદેશી બંદરો મારફતે હેન્ડલ થાય છે, જેના કારણે સમય અને લોજિસ્ટિક્સ ખર્ચ બંને વધે છે. વિઝિન્ઝમની EXIM કામગીરી આ નિર્ભરતા ઘટાડવામાં અને ભારતને પોતાના દરિયાઈ વેપારમાંથી વધુ મૂલ્યુ જાળવી રાખવામાં મદદરૂપ થશે.

મુખ્ય પૂર્વ-પશ્ચિમ શિપિંગ રૂટ્સની નજીક આવેલું વિઝિન્ઝમ વૈશ્વિક સ્તરે કામ કરવાની તેની ક્ષમતા અગાઉ જ સાબિત કરી ચૂક્યું છે. ૩ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ તેની વ્યાપારી કામગીરી શરૂ થઈ હતી અને ત્યારથી આ બંદરે ૨.૨૮ મિલિયનથી વધુ TEUs કન્ટેનર અને ૧,૧૦૦ થી વધુ જહાજોનું સંચાલન કર્યું છે, જેમાં ૮૦ થી વધુ અલ્ટ્રા લાર્જ કન્ટેનર વેલ્સ (ULCVs) શામેલ છે. આ પોર્ટે માત્ર ૧૦ મહિનામાં ૧ મિલિયન TEUs અને ૧૮ મહિનામાં ૨ મિલિયન TEUs નો આંકડો પાર કર્યો હતો. તેણે ભારતમાં આવનારા સૌથી મોટા કન્ટેનર જહાજ 'MSC Irina' (૩૯૯.૯૯ મીટર લાંબુ અને ૨૪,૩૪૬ TEUs ક્ષમતા ધરાવતું) નું પણ સફળ સંચાલન કર્યું હતું.

શરૂઆતમાં આ EXIM કામગીરીનો લાભ કેરળ, તમિલનાડુ અને કર્ણાટકને મળશે, જેનાથી દક્ષિણ ભારતના ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય શિપિંગ નેટવર્કની સીધી પહોંચ મળશે. આ બંદર બેંગલુરુ, કોઈમ્બતુર અને તિરુપ્પુર જેવા ઉત્પાદન અને વ્યાપારી કેન્દ્રોની સ્પર્ધાત્મકતા વધારશે, જ્યારે લોજિસ્ટિક્સ, વેરહાઉસિંગ, ફ્રેટ ફોરવર્ડિંગ અને સંબંધિત સેવાઓની માંગને વેગ આપશે. આ વિકાસથી દરિયાઈ અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે ૫,૦૦૦ થી વધુ નવી પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો પણ ઊભી થશે.

આગામી તબક્કો વિઝિન્ઝમની ક્ષમતા અને સહાયક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વધુ વિસ્તાર કરશે. ₹૧૬,૦૦૦ કરોડના બીજા તબક્કાના વિસ્તરણથી વાર્ષિક ક્ષમતા વધીને ૫.૭ મિલિય TEUs થશે, જેમાં ૧,૨૦૦ મીટરની નવી કન્ટેનર બર્થ ઉમેરાશે. આ ઉપરાંત કાયમી રેલ કનેક્ટિવિટી બહેતર રોડ કનેક્ટિવિટી, લોજિસ્ટિટ્સ પાર્ક, વેરહાઉસિંગ અને અન્ય સહાયક સુવિધાઓ લાવવામાં આવશે. ડિસેમ્બર ૨૦૦૮ સુધીમાં આ સંપૂર્ણ તબક્કાના વિકાસને પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

વિઝિન્ઝમનું EXIM ગેટવે તરીકેનું રૂપાંતર ભારતના વૈશ્વિક વેપાર માટે નવી દિશા ખોલે છે. આ વિકાસ દક્ષિણ ભારતના ઉધ્યોગોને વધુ ઝડપી, કાર્યક્ષમ અને સ્પર્ધાત્મક શિપિંગ વિકલ્પો આપશે, સાથે જ કેરળને ભારતના મેરિટાઈમ અને લોજિસ્ટિક્સ નકશા પર વધુ મજબૂત સ્થાન અપાવશે.

બિહાર વિદ્યાર્થી પ્રદર્શન પર ફાયરિંગ

# સુપ્રીમ કોર્ટમાં સરકારનો ખુલાસો; સિવાન અને હાથી ચોકની ઘટનાઓની તપાસ તેજ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**પટણા, તા.૧૮**

બિહારમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ કાર્યવાહી અને કથિત ફાયરિંગનો મામલો હવે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો છે. રાજ્ય સરકારે કોર્ટમાં રજૂ કરેલા સોગંદનામામાં જણાવ્યું છે કે ૨૨થી ૨૫ જુલાઈ દરમિયાન અનેક સ્થળોએ વિરોધ પ્રદર્શન હિંસક બન્યા હતા. આ દરમિયાન પોલીસકર્મીઓ, વહીવટી અધિકારીઓ તેમજ કેટલાક પ્રદર્શનકારીઓ ઘાયલ થયા હતા.

બિહાર સરકારના જણાવ્યા મુજબ, સમગ્ર ઘટનાક્રમને લઈને ૬૯ FIR નોંધવામાં આવી હતી અને આશરે ૫૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જોકે, અગાઉ કોઈ ગુનાહિત રેકોર્ડ ન ધરાવતા ૨૨૨ વિદ્યાર્થી પ્રદર્શનકારીઓને જામીન પર મુક્ત કરવામાં આવ્યા હોવાનું સરકારના સોગંદનામામાં જણાવાયું છે. સગીરોને પણ નિયમ મુજબ બોન્ડ પર છોડવામાં આવ્યા હતા.

છપરામાં થયેલી હિંસક ઘટનામાં અનેક પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. સરકારના જણાવ્યા મુજબ, એક અધિકારીની આંખને ગંભીર નુકસાન થયું હતું, જ્યારે અન્ય એક અધિકારીને માથામાં ઈજા થઈ હતી. સરકારના સોગંદનામા મુજબ, સિવાનમાં ભીડ વચ્ચે ફસાયેલા એક પોલીસ કોન્સ્ટેબલે પોતાની AK-47 રાઈફલથી હવામાં ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ ઘટનામાં કોઈ વ્યક્તિને ઈજા થઈ નહોતી. ઘટના બાદ સંબંધિત કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો અને વિભાગીય તપાસ શરૂ કરાઈ હતી.

બીજી તરફ, હાથી ચોક વિસ્તારમાં એક પોલીસકર્મીએ પોતાની સર્વિસ પિસ્તોલથી બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હોવાનું સોગંદનામામાં જણાવાયું છે. આ ઘટનામાં ત્રણ પ્રદર્શનકારીઓને સામાન્ય ઈજા થઈ હોવાનું સરકારનું કહેવું છે. ફાયરિંગ અંગે બેલેસ્ટિક તપાસ પણ હાથ ધરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટે સમગ્ર ઘટનાક્રમ સાથે જોડાયેલા વીડિયો ફૂટેજ અને અન્ય ડિજિટલ રેકોર્ડ સુરક્ષિત રાખવા નિર્દેશ આપ્યો છે. સાથે જ પ્રદર્શનકારીઓની અંગત માહિતી, ડિજિટલ ડેટા અથવા ઓળખ સોશિયલ મીડિયા કે અન્ય જાહેર માધ્યમો પર જાહેર ન કરવા અંગે પણ સૂચના આપવામાં આવી છે.

સરકાર દ્વારા પ્રદર્શન દરમિયાન પોલીસ દ્વારા કરવામાં આવેલા બળપ્રયોગને યોગ્ય ગણાવતા જણાવાયું છે કે અનેક સ્થળોએ સ્થિતિ કાબૂ બહાર ગઈ હતી. હવે સુપ્રીમ કોર્ટમાં રજૂ થયેલા દસ્તાવેજો અને ઉપલબ્ધ વીડિયો પુરાવાના આધારે સમગ્ર ઘટનાની હકીકત સામે આવવાની શક્યતા છે.

# ઈન્ડોનેશિયાના સનો ન્ગોઆંગ તળાવમાં ૭.૭ના ભૂકંપ બાદ તળાવમાં રહસ્યમય કાળો પદાર્થ નિકડ્યો

**આ ઘટનાની ચોક્કસ હકીકત જાણવા માટે તળાવના પાણી અને કાંપના નમૂનાઓનું વૈજ્ઞાનિક પરીક્ષણ જરૂરી બનશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ફ્લોરેસ આઈલેન્ડ, તા.૧૮**

ઈન્ડોનેશિયામાં આવેલા ૭.૭ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ બાદ કુદરતી વાતાવરણમાં અસામાન્ય ફેરફાર જોવા મળ્યો છે. ફ્લોરેસ આઈલેન્ડના પશ્ચિમ મંગગારાઈ વિસ્તારમાં આવેલા સનો ન્ગોઆંગ તળાવમાં રહસ્યમય કાળો પદાર્થ દેખાયો હોવાના વીડિયો સામે આવ્યા છે. તળાવના પાણીમાં આવેલા આ અચાનક ફેરફારને લઈને સ્થાનિક લોકોમાં ચર્ચા અને ચિંતા જોવા મળી રહી છે.

ભૂકંપ બાદ તળાવના કેટલાક વિસ્તારોમાં પાણીનો રંગ બદલાયેલો જોવા મળ્યો હોવાના અહેવાલો સામે આવ્યા છે. સ્થાનિક લોકો દ્વારા બનાવવામાં આવેલા ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. સ્થાનિક સ્તરે આ ઘટનાને 'તાઈ સનો' તરીકે ઓળખવામાં આવી રહી છે.

નષ્ણાતોના મતે, ૭.૭ની તીવ્રતાનો ભૂકંપ જમીનની સાથે તળાવના તળિયે રહેલા કાંપ, માટી અને અન્ય જમા થયેલા કણોને પણ હચમચાવી શકે છે. આવી સ્થિતિમાં તળિયે રહેલો કાંપ પાણીમાં ભળી જવાથી પાણીનો રંગ ઘેરો, કાળો અથવા કાદવવાળો દેખાઈ શકે છે.

સનો ન્ગોઆંગ તળાવ પ્રાચીન જ્વાળામુખી વિસ્તારમાં આવેલું હોવાથી તેની ભૂગર્ભ રચના પણ વિશેષ મહત્વ ધરાવે છે. તળાવનો વિસ્તાર અંદાજે ૨.૫ બાય ૩.૫ કિલોમીટર જેટલો હોવાનું જણાવાય છે અને તેની ઊંડાઈ આશરે ૫૦૦ મીટર સુધી હોવાનો ઉલ્લેખ મળે છે.

આ વિસ્તારમાં ભૂગર્ભ પ્રવૃત્તિના કારણે ગરમ પાણી અને ગેસ બહાર આવવાની પ્રક્રિયા પણ જોવા મળે છે. તળાવનું પાણી એસિડિક હોવાનું પણ વૈજ્ઞાનિક અભ્યાસોમાં નોંધાયું છે.

તળાવના પાણીમાં સલ્ફેટ અને હાઈડ્રોજન સલ્ફાઈડ જેવા રસાયણોની હાજરી તથા આસપાસ સલ્ફરની ગંધ ભૂગર્ભ પ્રવૃત્તિ તરફ સંકેત આપી શકે છે. જોકે, માત્ર કાળા પદાર્થના દેખાવને આધારે જ્વાળામુખી પ્રવૃત્તિ સક્રિય થઈ હોવાનું માનવું યોગ્ય નથી.

વૈજ્ઞાનિકો માટે હાલ મુખ્ય પ્રશ્ન એ છે કે ભૂકંપના આંચકાથી તળાવના તળિયે શું પરિવર્તન થયું અને પાણીમાં દેખાયેલો કાળો પદાર્થ કાંપ, ખનિજ, જૈવિક પદાર્થ કે અન્ય કોઈ ભૂગર્ભ પ્રક્રિયાનું પરિણામ છે.

આ ઘટનાની ચોક્કસ હકીકત જાણવા માટે તળાવના પાણી અને કાંપના નમૂનાઓનું વૈજ્ઞાનિક પરીક્ષણ જરૂરી બનશે. ત્યાં સુધી ભૂકંપ અને કાળા પદાર્થ વચ્ચે સીધો સંબંધ હોવાનો દાવો કરવો વહેલું ગણાશે.

## તીસ્તા જળ વિવાદ ફરી ગરમાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઢાકા, તા.૧૮**

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે તીસ્તા નદીના પાણીની વહેંચણીનો દાયકાઓ જૂનો વિવાદ ફરી ચર્ચામાં આવ્યો છે. બાંગ્લાદેશના જળ સંસાધન મંત્રી શહીદુદ્દીન ચૌધરીએ જણાવ્યું છે કે ઢાકા ભારત સાથેના સંબંધો બગાડવા ઈચ્છતું નથી, પરંતુ ભારતે પણ મિત્ર દેશ તરીકે બાંગ્લાદેશની જરૂરિયાતો અને હિતોને ધ્યાનમાં લેવા જોઈએ.

ઢાકામાં આયોજિત એક સેમિનારમાં મંત્રીએ કહ્યું કે, ભારતની પોતાની પાણીની જરૂરિયાતો છે અને બાંગ્લાદેશની પણ પોતાની જરૂરિયાતો છે. તેથી બંને દેશોએ પરસ્પરના હિતોને સમજવા જોઈએ. તીસ્તા નદી ભારતના સિક્કિમ અને પશ્ચિમ બંગાળમાંથી પસાર થઈ બાંગ્લાદેશમાં પ્રવેશે છે. બાંગ્લાદેશના ઉત્તર ભાગમાં ખેતી અને લોકોની આજીવિકા માટે આ નદીનું પાણી અત્યંત મહત્વપૂર્ણ છે. બીજી તરફ, પશ્ચિમ બંગાળમાં પણ સિંચાઈ સહિતની જરૂરિયાતો માટે તીસ્તાનું પાણી મહત્વ ધરાવે છે. તીસ્તા વિવાદ વચ્ચે બાંગ્લાદેશ ચીનના સહયોગથી તીસ્તા રિવર કોમ્પ્રિહેન્સિવ મેનેજમેન્ટ એન્ડ રિસ્ટોરેશન પ્રોજેક્ટ આગળ વધારી રહ્યું છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ પૂર, નદીના ધોવાણ અને સૂકી ઋતુમાં પાણીની અછત જેવી સમસ્યાઓનો સામનો કરવાનો છે. બાંગ્લાદેશના જણાવ્યા અનુસાર, ઉત્તરીય વિસ્તારના પાંચથી છ જિલ્લાના લોકો વર્ષોથી આ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ભારત-બાંગ્લાદેશ વચ્ચે તીસ્તાના પાણીની વહેંચણી અંગે લાંબા સમયથી કોઈ અંતિમ કરાર થઈ શક્યો નથી. ૧૯૮૩માં વચગાળાની વ્યવસ્થા હેઠળ ભારત માટે ૩૯ ટકા અને બાંગ્લાદેશ માટે ૩૬ ટકા પાણીની ફાળવણીનો પ્રસ્તાવ આવ્યો હતો. ત્યારબાદ ૨૦૧૧માં નવા વચગાળાના કરારનો મુસદ્દો તૈયાર થયો, પરંતુ પશ્ચિમ બંગાળના વાંધાઓને કારણે તે આગળ વધી શક્યો નહોતો.

ભારતનું વલણ રહ્યું છે કે, તીસ્તા અંગેના કોઈપણ ઉકેલમાં પશ્ચિમ બંગાળ સહિત સંબંધિત પક્ષો સાથે ચર્ચા જરૂરી છે. બીજી તરફ, બાંગ્લાદેશ તીસ્તાના પાણીની ન્યાયી વહેંચણીની માંગ સતત ઉઠાવતું રહ્યું છે.

## કોકરોચ પાર્ટીના આંદોલન બાદ દારૂડિયા પ્રિન્સિપાલ સસ્પેન્ડ, ૪ નવા શિક્ષકની પણ ભરતી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**પ. બંગાળ, તા.૧૮**

દેશના વિવિધ ભાગોમાં Gen-Alpha નું 'સ્કૂલ ઠીક કરો' અભિયાન વ્યાપક બની રહ્યું છે. કોકરોચ જનતા પાર્ટી(CJP)ના સ્થાપક અભિજિત દીપકે હિંગોળી જિલ્લાના સંતુક પિંપરી ગામની જિલ્લા પરિષદ શાળાની મુલાકાત લીધી હતી. શાળાના પ્રિન્સિપાલ દારૂના નશામાં રહેતા હોવાનો આરોપ લગાવીને તેમણે સસ્પેન્શનની માગ કરી હતી. ગ્રામજનોના વિરોધ અને અનશન બાદ વહીવટીતંત્રે માગણીઓ સ્વીકારી નશાખોર પ્રિન્સિપાલને સસ્પેન્ડ કરી દીધા છે. આ સાથે શાળામાં તાત્કાલિક ૪ નવા શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે અને બાળકો માટે બેન્ચની વ્યવસ્થા પણ પૂરી પાડવામાં આવી છે.

અભિજિત દીપકે જણાવ્યું હતું કે આ ઝુંબેશ સમગ્ર દેશમાં આગળ વધી રહી છે ત્યારે સરકાર શાળાઓની સાચી સ્થિતિ છુપાવવાનો પ્રયાસ કરી રહી છે. અભિયાન અંતર્ગત અબ્દુલ ઉર્ફે શેખ અબ્દુલ હફીઝ (રિક) પશ્ચિમ બંગાળની શાળાઓના નિરીક્ષણ માટે ગયા હતા. ૧૩ ઑગસ્ટના રોજ ઈન્દાસના કરીસુંડા પશ્ચિમપાડા પ્રાથમિક શાળાની તપાસ કર્યા બાદ તેમના ઘર પર કેટલાક લોકોએ હુમલો કર્યો હતો. આ દરમિયાન બચાવ કરવા આવેલા રિકના પિતા શેખ મોહમ્મદ મફીક ઈજાગ્રસ્ત થયા હતા અને બાદમાં હૉસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. આ ઘટના અંગે પશ્ચિમ બંગાળ અને બાંકુરા પોલીસે 'X' પર પોસ્ટ કરીને સ્પષ્ટતા કરી છે કે મફીકનું મૃત્યુ હુમલાને કારણે નહીં પરંતુ બ્લડ પ્રેશરમાં ભારે ઉતાર-ચઢાવને કારણે બર્ધમાન મેડિકલ કૉલેજમાં થયું હતું. હુમલાથી મૃત્યુ થયાની વાત તથ્યહીન અફવા છે. જોકે પોલીસે એફઆઈઆર નોંધીને તપાસ હાથ ધરી છે અને અત્યાર સુધીમાં ૮ આરોપીઓની ધરપકડ કરી તેમને ૮ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલ્યા છે. ફરાર ૨ આરોપીઓની શોધખોળ ચાલુ છે અને રિકના ઘર પર પોલીસ સુરક્ષા ગોઠવી દેવાઈ છે.

**હુમલાખોરે લાઈવ સ્ટ્રીમિંગ કર્યુ હોવાની શંકા**

## ઝામ્બોઆંગાની હાઈસ્કૂલમાં વિદ્યાર્થીએ કર્યુ ફાયરિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ફિલિપાઈન્સ, તા.૧૮**

મંગળવારે દક્ષિણ ફિલિપાઈન્સના ઝામ્બોઆંગા શહેરની એક હાઈ સ્કૂલમાં ગોળીબારની ભયાનક ઘટના સામે આવી છે.

એટેનિયો ડી ઝામ્બોઆંગા યુનિવર્સિટી કેમ્પસમાં આવેલા હાઈસ્કૂલ વિભાગમાં સાતમાં ધોરણના એક વિદ્યાર્થીએ બે બંદૂકો સાથે અચાનક હુમલો કરી દીધો હતો. આ ગોળીબારમાં એક સાથી વિદ્યાર્થીનું મોત નીપજ્યું હતું, જ્યારે હુમલાખોરે પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી. આ દુર્ઘટનામાં અન્ય બે લોકો પણ ઘાયલ થયા છે, જેને લઈને સમગ્ર શાળા પરિસરમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો.

સ્થાનિક મેયર ખૈમર અદાન ઓલાસોના જણાવ્યા અનુસાર, હુમલાખોર વિદ્યાર્થીએ આ ભયાનક કૃત્યનું લાઈવ સ્ટ્રીમિંગ કરવા માટે બોડી કેમેરા પહેર્યો હોવાની પ્રબળ શંકા છે.

ઘટનાની જાણ થતાં જ પોલીસ અને સુરક્ષા દળો તાત્કાલિક હરકતમાં આવ્યા હતા અને કેમ્પસમાં ફસાયેલા સેંકડો વિદ્યાર્થીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. થોડા કલાકોની જહેમત બાદ પોલીસે પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં લઈ લીધી હોવાની જાહેરાત કરી હતી.

રાષ્ટ્રીય પોલીસ વડાએ વિદ્યાર્થીઓ અને વાલીઓને શાંતિ જાળવવા અપીલ કરી છે તેમજ અફવાઓથી દૂર રહેવા જણાવ્યું છે.

સત્તાવાળાઓ હાલમાં આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરી રહ્યા છે કે આ પાછળનું ચોક્કસ કારણ શું હતું. ફિલિપાઈન્સમાં લાઈસન્સ વિનાના હથિયારોના કારણે હિંસાની ઘટનાઓ અવારનવાર બનતી હોય છે, પરંતુ શાળાઓની અંદર આ પ્રકારે ગોળીબાર થવાની ઘટનાઓ પ્રમાણમાં ખૂબ જ દુર્લભ છે. આ ઘટનાએ દેશની શૈક્ષણિક સંસ્થાઓમાં સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે, અને સરકારે શાળાઓમાં સુરક્ષા વધારવાની ખાતરી આપી છે.

## જન્મદિવસના પાંચ દિવસ પહેલાં ૩૬ વર્ષની અભિનેત્રીએ દુનિયાને કરી અલવિદા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૧૮**

હજુ ગઈકાલે બોલીવુડની ઉભરતી અભિનેત્રીના નિધનના સમાચારને ૨૪ કલાક થયા નથી ત્યાં હોલીવુડની જાણીતી અભિનેત્રીના નિધને દુનિયાને ચોંકાવી છે. 'હીરોઝ' અને 'નેશવિલ' જેવી જાણીતી સિરીઝથી લોકપ્રિય બનેલી હોલીવુડની અભિનેત્રી હેડન પેનેટિયેરનું ૩૬ વર્ષની વયે નિધન થયું છે. તેના નિધનના સમાચાર ૧૬ ઓગસ્ટે સામે આવ્યા હતા, જ્યારે તેનો ૩૭મો જન્મદિવસ માત્ર પાંચ દિવસ બાદ ૨૧ ઓગસ્ટે આવવાનો હતો. તેના નિધનની સત્તાવાર પુષ્ટિ તેમના પિતા સ્કિપ પેનેટિયેરે કરી હતી. તેના મૃત્યુનું કારણ હાલમાં જાહેર કરવામાં આવ્યું નથી. હેડનના પિતાએ પત્રકારો સાથે વાત કરતાં પરિવાર વતી ઊંડું દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, અત્યંત દુઃખ સાથે તેઓ પોતાની પ્રિય હેડનના નિધનની જાણ કરી રહ્યા છે. તેમના જણાવ્યા અનુસાર હેડન એક અદભુત વ્યક્તિ હતી અને તેણે પોતાના જીવનમાં મળેલા લોકો ઉપરાંત પડદા પર તેને જોનારા લાખો લોકોના જીવનમાં પ્રેમ અને ખુશીઓ ભરી હતી. પરિવારે આ મુશ્કેલ સમયમાં લોકો તેમના ખાનગી જીવનનું સન્માન કરે અને ગોપનીયતા જાળવે તેવી અપીલ પણ કરવામાં આવી છે.


હેડન પેનેટિયેરનું મનોરંજન જગત સાથેનું જોડાણ બાળપણથી જ શરૂ થઈ ગયું હતું. માત્ર ૧૧ મહિનાની ઉંમરે તેઓ એક રમકડાની જાહેરાતમાં જોવા મળ્યાં હતાં. ત્યાર બાદ તેમણે બાળ કલાકાર તરીકે અનેક જાહેરાતોમાં કામ કર્યું હતું.

વર્ષ ૧૯૯૮માં 'ધ ઑબ્જેક્ટ ઑફ માય અફેક્શન' ફિલ્મથી તેમણે ફિલ્મી દુનિયામાં પ્રવેશ કર્યો હતો. આ ફિલ્મમાં તેમનો નાનો રોલ હતો. ત્યારબાદ તેમણે ટેલિવિઝન અને ફિલ્મોમાં સતત કામ કર્યું અને વર્ષ ૨૦૦૬માં આવેલી ટેલિવિઝન સિરીઝ 'હીરોઝ'થી તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે મોટી ઓળખ મળી. 'હીરોઝ'માં ક્લેર બેનેટના પાત્રે તેમને ઘર-ઘરમાં લોકપ્રિય બનાવ્યાં હતાં.




**આટલા દેશોમાં કરી જોરદાર કમાણી**

## ઓવરસીઝમાં ઇમરાન હાશમીની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની 'આવારાપન ૨'




ફિલ્મ 'આવારાપન ૨' એ ઓવરસીઝમાં શરૂઆતના સપ્તાહમાં ૧૯.૩૧ કરોડની કમાણી કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ઈમરાન હાશ્મી અને દિશા પટનીની જોડીએ બોક્સઓફિસ પર ધમાલ મચાવી દીધી છે. બંનેની જોડી ફિલ્મ 'આવારાપન ૨' દ્વારા સ્ક્રીન પર છવાઈ છે. ફિલ્મ 'આવારાપન ૨' દર્શકોને ખૂબ પસંદ આવી રહી છે. જેનો સીધો ફાયદો બોક્સઓફિસ પર જોવા મળી રહ્યો છે. આ ફિલ્મે ફર્સ્ટ વીકેન્ડમાં ૭૦ કરોડથી વધુ કલેક્શન કર્યું છે આ સાથે જ ઓવરસીઝ માર્કેટમાં પણ તેનો દબદબો જોવા મળ્યો હતો.

ઈમરાન હાશ્મીની ફિલ્મ 'આવારાપન ૨'ને રજાનો ભરપૂર ફાયદો મળ્યો હતો. આ મૂવીએ બોક્સઓફિસ પર બે દિવસમાં જ રેકોર્ડબ્રેક કમાણી કરી લીધી હતી. જો કે શનિવારની તુલનામાં રવિવારે કમાણી ૨૩.૦ ટકા જેટલી ઘટી હતી, પરંતુ છતાં ૩ દિવસોમાં ૧૦૦ કરોડના ક્લબમાં એન્ટ્રી મારી લીધી છે. રવિવારે આ ફિલ્મે ૨૬ કરોડનું કલેક્શન કર્યું હતું. ત્યાર બાદ ઈન્ડિયા નેટ કલેક્શન ૮૧.૭૫ કરોડ રૂપિયા થઈ ગયું હતું. ઓવરસીઝમાં ૧૯.૩૦ કરોડ રૂપિયા અને વર્લ્ડવાઈડ ૧૧૭.૪૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું હતું. ફિલ્મ ક્રિટીકએ એક્સ પર પોસ્ટ શેર કરી જાણકારી આપી હતી કે ફિલ્મ ઓવરસીઝ માર્કેટમાં રેકોર્ડ બ્રેક કમાણી કરી રહી છે. ફિલ્મે પોતાના ઓપનિંગ વીકેન્ડમાં ૫૦% બિઝનેસ દુબઈ અને ગલ્ફ દેશોમાં કર્યું હતું.

એક પોસ્ટ અનુસાર ફક્ત ઓપનિંગ વીકેન્ડમાં જ 'આવારાપન ૨' ઈમરાન હાશ્મીની સોલો ઓવરસીઝમાં હાઈએસ્ટ ગ્રોસિંગ ફિલ્મ બની ચુકી છે. ફિલ્મ 'આવરાપન ૨' એ ઓવરસીઝમાં શરૂઆતના સપ્તાહમાં ૧૯.૩૧ કરોડની કમાણી કરી હતી, જેમાં યુએઈ, યુએસએ, કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે. 'આવારાપન ૨' એ બોક્સઓફિસ પર એક પછી એક રેકોર્ડ્સ બનાવ્યા છે. હવે આ ફિલ્મ ૨૦૨૬ ની ત્રીજી હાઈએસ્ટ વીકેન્ડ ઓપનર બની ચુકી છે. જેમાં પ્રથમ અને બીજા સ્થાને 'ધુરંધર ૨', 'બોર્ડર ૨', છે. આ ફિલ્મે અન્ય ફિલ્મોને પછાડી દીધી છે.

## 'તારક મહેતા કા ઉલ્ટા...' શોની અભિનેત્રી સાથે બળજબરી?

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

એક્ટ્રેસ નેહલ વડોલિયા આજે કોઈ ઓળખની મોહતાજ નથી. ભૂતકાળમાં લોકપ્રિય કોમેડી શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' માં બબીતાજીની મિત્ર 'નેહા' નો રોલ કરીને ચર્ચામાં આવેલી આ અભિનેત્રી આજે પોતાની બોલ્ડ અને ગ્લેમરસ ઈમેજ માટે જાણીતી છે.

તાજેતરમાં એક પોડકાસ્ટ ઈન્ટરવ્યુમાં નેહલે મનોરંજન ઈન્ડસ્ટ્રીની કાળી સચ્ચાઈ અને એક લોકપ્રિય વ્યક્તિની ગંદી હરકતોનો પર્દાફાશ કરીને સનસનાટી મચાવી દીધી છે. લોકોની ખોટી માનસિકતા: નેહલે જણાવ્યું કે, ઈન્ડસ્ટ્રીમાં લોકો તેના ઓન-સ્ક્રીન કામને જોઈને તેને રિયલ લાઈફમાં પણ જજ કરે છે. લોકો એવું માની લે છે કે તે જે કંઈ રીલ કે કેમેરા સામે કરે છે, તે વાસ્તવિક જીવનમાં પણ તેવું જ વર્તન કરશે, અને તેને ખોટી નજરે જુએ છે.

'ચશ્મા અને મફલરવાળા સર' નું આમંત્રણ: નેહલે નામ લીધા વિના એક અત્યંત જાણીતી અને પ્રતિષ્ઠિત વ્યક્તિનો ખુલાસો કર્યો. તેણે કહ્યું, "ઈન્ડસ્ટ્રીમાં એક 'ચશ્મા અને મફલરવાળા સર' છે. હું તેમના મેનેજરની પાર્ટીમાં ગઈ હતી, ત્યારબાદ તેમણે મને પોતાના ઘરે આમંત્રિત કરી હતી." બાલકનીમાં લઈ જઈને કરી અજીબ વાતો: "જ્યારે હું તેમના ઘરે ગઈ ત્યારે તેમણે મને ડ્રિંક આપ્યું. ત્યારબાદ મુંબઈ બતાવવાના બહાને તેઓ મને બાલકનીમાં લઈ ગયા. ત્યાં તેઓ મારી સ્માઈલ અને મારા કામના વખાણ કરવા લાગ્યા. એક આધેડ ઉંમરના માણસના મોઢે આવી વાતો સાંભળીને હું દંગ રહી ગઈ હતી." બળજબરીથી કિસ કરવાનો પ્રયાસ: નેહલે જણાવ્યું કે, "લોકોની નજરમાં તેમની ખૂબ જ ઈજ્જત છે, તેથી એક પળ માટે તો મને તેમની વાતો પર વિશ્વાસ જ ન આવ્યો. મારો ટાર્ગેટ ત્યાંથી કોઈ પણ રીતે બચવાની નીકળવાનો હતો. હું ત્યાંથી ભાગું તે પહેલાં જ તેમણે મને હોઠ પર કિસ કરવાનો પ્રયાસ કર્યો. મેં તરત જ મારો ગાલ આગળ કરી દીધો, જેથી તેમનું થૂંક મારા ગાલ પર લાગ્યું અને હું માંડ ત્યાંથી બચીને નીકળી શકી." બોલ્ડ ઈન્ડસ્ટ્રીને કહી દીધું છે અલવિદા: આપને જણાવી દઈએ કે, નેહલ હવે બોલ્ડ કન્ટેન્ટ વાળી ઈન્ડસ્ટ્રીને સંપૂર્ણપણે છોડી ચૂકી છે. હાલમાં તે ઈન્સ્ટાગ્રામ અને પોતાની એક પર્સનલ એપ દ્વારા કમાણી કરે છે. આ એપ પર તે પોતાની ગ્લેમરસ તસવીરો શેર કરે છે અને ફેન્સ સાથે વાતચીત કરવા માટે ચાર્જ વસૂલે છે.

**કરોડો રૂપિયા મળશે પણ પાનમસાલાની એડ નહીં કરું**

## શાહરૂખ-અજય દેવગણને FDA નોટિસ વચ્ચે સની દેઓલનો જૂનો વીડિયો વાયરલ






(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા 'વિમલ ઈલાયચી'ની જાહેરાતને લઈને શાહરૂખ ખાન, અજય દેવગણ અને ટાઈગર શ્રોફને કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી છે. બીજી તરફ સની દેઓલે હાલમાં જ કહ્યું હતું કે તેમને કરોડો રૂપિયા મળે છતાં પાન-મસાલા અને ઈલાયચી જેવી બ્રાન્ડની જાહેરાતો કરશે નહીં. જોકે, આ સાથે જ ઈન્ટરનેટ પર લોકોએ સની દેઓલની જૂની જાહેરાત શોધી લીધી હતી, જેમાં તે આ વસ્તુઓને સલંગ્ન જાહેરાતમાં દેખાયો હતો.

ઈન્ટરનેટના યુગમાં જૂની વસ્તુઓ પણ છુપાયેલી રહેતી નથી. કંઈક એવું જ સની દેઓલ સાથે ઘટિત થયું હતું. અક્ષય કુમાર, શાહરુખ ખાન, અજય દેવગણ અને ટાઈગર શ્રોફ જેવા દિગ્ગજ કલાકારો આ બ્રાન્ડ્ઝનો પ્રચાર કરી ચુક્યા છે, જેથી તેમને ઘણીવાર ટીકાઓનો સામનો કરવો પડે છે. એક પોડકાસ્ટમાં સની દેઓલે સ્પષ્ટપણે કહ્યું હતું કે, તેઓ કરોડોની ઓફર મળ્યા બાદ પણ ટોબેકોની જાહેરાત નહીં કરે. તેણે કહ્યું કે, 'હું પાન-મસાલાની જાહેરાત કરતો નથી અને કરીશ પણ નહીં. હું ગુટકા જેવી વસ્તુઓનો પ્રચાર નહીં કરું. મને ઓફર્સ આવે છે પણ હું કરીશ નહીં. હું એવી કોઈ વસ્તુ કરવા નથી માંગતો જેમાં મને વિશ્વાસ ન હોય, મને નથી લાગતું કે આવી વસ્તુઓનો પ્રચાર કરવો સારી વાત છે. કેટલીક એવી વસ્તુઓ છે જે હું નથી કરતો કારણ કે મારો અંતરાત્મા એમાં માનતો નથી અને મારે જે કરવા જેવી લાગતી હોય તે કરી લઉ છું.

## ગોવિંદાનો ક્લબમાં ડાન્સ કરતો વીડિયો વાયરલ : ગોવિંદા પત્ની સાથેના વિવાદ વચ્ચે ચાહકોની નારાજગીનો બન્યો ભોગ

(સંપૂર્ણ સમાચાર સેવા) **બેંગકોક/પટાયા**

બોલીવુડના જાણીતા અભિનેતા ગોવિંદા અભિનેત્રી કોમલ રાની સ્વર્ણકાર સાથે સમગ્ર દુનિયા સામે નજર આવ્યા બાદ ચર્ચામાં છે. અભિનેતાની પત્ની સુનિતા આહુજાએ ઘણીવાર તેમની ફિલ્મની નવી અભિનેત્રી સાથે તેમના કથિત અફેરની વાત કરી છે. સુનીતાની સાથે ચાલી રહેલા ઝઘડા વચ્ચે ગોવિંદા હાલમાં જ થાઈલેન્ડના પટાયામાં એક ક્લબમાં પરફોર્મ કરતા જોવા મળ્યા હતા. આ પહેલા તે સ્કૂલના સ્ટેજ પર પણ નાચતા જોવા મળ્યા હતા.

સોશિયલ મીડિયા પર પટાયાના એક ક્લબમાં ગોવિંદાના ડાન્સનો વિડિયો વાયરલ થઈ રહ્યો છે. ક્લબમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન અભિનેતાને બેકગ્રાઉન્ડ ડાન્સર્સ સાથે પોતાના અમુક પ્રખ્યાત ગીતો પર નાચતા જોવા મળ્યો હતો. ગોવિંદાએ ૯૦ ના દસકામાં પોતાની હિટ ફિલ્મોના ગીતો પર ડાન્સ કર્યો, જેમાં 'સોની દે નખરે' જેવા ગીતો સામેલ હતા. કાળા અને સફેદ રંગના સૂટમાં જોવા મળેલા ગોવિંદાએ પોતાના સિગ્નેચર ડાન્સ મૂવ બતાવ્યા હતા.

ગોવિંદાની પરફોર્મન્સ પર ચાહકોને મિશ્ર પ્રતિક્રિયા મળી હતી, જેમાં ઘણા લોકોએ અભિનેતાનો ડાન્સ જોવાનું પસંદ કર્યું હતું. તો અમુક લોકોને લાગ્યું કે એક ક્લબમાં પરફોર્મ કરવું તેમના સુપરસ્ટારવાળા સ્ટારડમના હિસાબે યોગ્ય નહોતું. એક જણે તો કમેન્ટમાં લખ્યું હતું 'આ સુપરસ્ટાર માટે ખરાબ લાગી રહ્યું છે, ક્લબમાં પરફોર્મ કરી રહ્યા છે.'

ગોવિંદાનો બચાવ કરતા એક ચાહકે લખ્યું હતું કે, 'પૈસા કમાવવામાં કંઈ ખોટું નથી, કમસે કમ તે પોતાના બળે પરત તો ફરી રહ્યા છે.' એક સોશિયલ મીડિયા યુઝરે આ પરફોર્મન્સની તુલના શાહરુખ ખાન અને અજય દેવગણ જેવા સુપરસ્ટારની પાન મસાલા બ્રાન્ડ્સને પ્રમોટ કરવાથી જોડાયેલા વિવાદથી કરતા લખ્યું કે, 'પાન મસાલાની જાહેરાત કરતા ઉત્તમ છે.' અન્યએ લખ્યું કે, 'સુપર સેલિબ્રિટી ગોવિંદા'. હાલમાં જ એરપોર્ટ પર ગોવિંદા અને કોમલ રાની સ્વર્ણકારને એક સાથે જોયા બાદ સુનિતા આહુજાએ ગોવિંદને કોમલના 'સુગર ડેડી' કહ્યું હતું. સુનીતાએ કહ્યું 'પહેલા ફિલ્મ બનવી જોઈએ. ફિલ્મ બન્યા બાદ પ્રમોશન થાય છે. પ્રમોશન વગર.. હવે હું શું કહું? તે પોતાની દીકરીની ઉંમરની છોકરી સાથે ફરી રહ્યો છે. તેને શરમ આવવી જોઈએ. તેનું કોઈ સ્ટાન્ડર્ડ હોવું જોઈએ. તમારા સુગર ડેડી એટલા અમીર છે. કપડાં તો વ્યવસ્થિત પહેરો. અમને જુઓ અમે કેટલા સ્ટાઈલિશ કપડા પહેરીએ છીએ. તેમનું મગજ ખરાબ થઈ ગયું છે.'

### અમેરિકાના એટલાન્ટા ખાતે

# ‘ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા’માં ભારતના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

ભારતના ૮૦માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે અમેરિકાના એટલાન્ટા શહેરમાં ‘ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિ, રાષ્ટ્રપ્રેમ અને એક્તાના સંદેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભારતીય મૂળના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમના આયોજનમાં IACA Festival of India ની ચેરવુમન પેડી શર્માની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી. કાર્યક્રમ દરમિયાન IACAના પ્રમુખ શ્રી ધનંજય ગુપ્તા દ્વારા આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે આમંત્રિત વાપી સલવાવ સંત પૂજ્ય કપિલ સ્વામીજીનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પેડી શર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં IACAના ભૂતપૂર્વ પ્રમુખ વિસ ગાંટી સહિત અનેક આગેવાનો અને ભારતીય સમુદાયના પ્રતિનિધિઓ જોડાયા હતા. ભારતના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સાથે ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓને વિદેશની ધરતી પર ઉજાગર કરવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે એકલ વિદ્યાલયની સ્વયંસેવિકા તથા એટલાન્ટા ચેપ્ટરની કાર્યક્રમ સંચાલિકા શ્રીમતી નીતુ સિંહ ચૌહાણએ પણ પોતાની સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો અને ઉપસ્થિત ભારતીયોએ ગૌરવભેર સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરી હતી.

વિદેશની ધરતી પર યોજાયેલા આ પ્રકારના કાર્યક્રમો ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને રાષ્ટ્રભાવનાને નવી પેઢી સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# વલસાડ જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના અધ્યક્ષસ્થાને સંકલિત બાળ વિકાસ યોજના શાખાની ત્રિમાસિક સમીક્ષા બેઠક યોજાઈ

## બાળકોના સર્વાંગી વિકાસ અને સગર્ભા તેમજ ધાત્રી માતાઓના આરોગ્યલક્ષી માપદંડો અંગે ધ્યાન કેન્દ્રિત કરવા સૂચના અપાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૮**

વલસાડ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં કલેક્ટર નીતિન સાંગવાનના અધ્યક્ષસ્થાને સંકલિત બાળ વિકાસ યોજના શાખાની ત્રિમાસિક સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત ચાલી રહેલી વિવિધ કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. ખાસ કરીને બાળકોના સર્વાંગી વિકાસ, પોષણ અને આરોગ્યની સ્થિતિ તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓના આરોગ્યલક્ષી માપદંડો અંગે સવિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

બેઠક દરમિયાન આંગણવાડી કેન્દ્રો મારફતે બાળકો અને માતાઓને આપવામાં આવતી વિવિધ સેવાઓની ગુણવત્તા, પોષણની સ્થિતિ, આરોગ્ય તપાસ, વૃદ્ધિ નિરીક્ષણ સહિતના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી. બાળકોમાં કુપોષણનું પ્રમાણ ઘટાડવા તેમજ કુપોષિત બાળકોની સમયસર ઓળખ કરી તેમને જરૂરી પોષણ અને આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે વધુ સઘન કામગીરી હાથ ધરવા કલેક્ટર દ્વારા સૂચના આપવામાં આવી હતી.

બેઠક દરમિયાન સગર્ભા અને ધાત્રી માતાઓને નિયમિત આરોગ્ય તપાસ, પોષણયુક્ત આહાર, જરૂરી માર્ગદર્શન અને સમયસર આરોગ્ય સેવાઓ મળી રહે તે સુનિશ્ચિત કરવા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, આંગણવાડી કેન્દ્રોમાં બાળકો માટે સલામત, સ્વચ્છ અને અનુકૂળ વાતાવરણ ઉપલબ્ધ રહે તે માટે કેન્દ્રોની માળખાગત સુવિધાઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

આંગણવાડી કેન્દ્રોમાં જરૂરી મકાન, પીવાનું શુદ્ધ પાણી, શૌચાલય, વીજળી, રસોડું, સ્વચ્છતા સહિતની મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ છે કે નહીં તેની ચકાસણી કરી, જ્યાં કોઈ ખામી જણાય ત્યાં સમયબદ્ધ ધોરણે જરૂરી કાર્યવાહી કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી.

બેઠકમાં સરકારની બાળ વિકાસ અને માતા-બાળ આરોગ્યલક્ષી યોજનાઓનો લાભ છેવાડાના લાભાર્થી સુધી અસરકારક રીતે પહોંચે અને યોજનાઓના અમલીકરણમાં ગુણવત્તા જળવાઈ રહે તે માટે વિભાગીય અધિકારીઓ તથા આંગણવાડી કાર્યકરો દ્વારા સંકલિત અને પરિણામલક્ષી કામગીરી કરવા પર ભાર મૂકાયો હતો. બેઠકમાં સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાપી આર.કે. દેસાઈ કોલેજ ઓફ કોમર્સ મેનેજમેન્ટમાં એન્ટી રેગિંગ સેમિનાર યોજાયો






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

હાલના સમયમાં રેગિંગનું પ્રમાણ ખૂબ વધી રહ્યું છે. જેના પરિણામ રૂપ રેગિંગના ભોગ બનનાર ક્યાં તો આપઘાત કરે છે યા માનસિક તાણ અનુભવે છે. તો આજના યુવા વર્ગને રેગિંગ શું છે એના પરિણામો કેવા હોય છે તેમજ એમાંથી બચવા તેમજ એને અટકાવવા માટે તથા કાયદો શું કરી શકે એનાથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવા વાપી ખાતેના એડવોકેટ મુક્તિ દેસાઈ દ્વારા અલગ અલગ ઉદાહરણો દ્વારા સમજણ આપવામાં આવી હતી. જેમણે બી.કોમ અને બી.બી.એ.ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને રેગિંગ અટકાવવા માટે કાયદેનું જ્ઞાન ખૂબ જ સરળતાથી પૂરું પાડ્યું. સેમિનારમાં ‘‘Say no to ragging’’ નો સંદેશો પણ આપવામાં આવ્યો હતો. આ સેમિનારનું આયોજન કોમર્સ વિભાગના હેડ તેમજ એન્ટી રેગિંગ કમિટીના કન્વેનર ચિત્રા શેઠ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. ‘‘રેગિંગ મુક્ત કેમ્પસ’’ નો હેતુ સફળતા પૂર્વક પૂરો પાડવા બદલ કોલેજના ચેરમેન શ્રી મિલન દેસાઈ અને કેમ્પસ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ તેમજ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ ડો.શિતલ ગાંધી તેમજ અધ્યાપક મિત્રોએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની દ્વારા વાંસદા તાલુકાની મુલાકાત લઈ કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યું

## દિવ્યાંગજનો તથા વયોવૃદ્ધજનો માટે આયોજિત ALIMCO એસેસમેન્ટ કેમ્પની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યુંઃ ઝરી ગ્રામ પંચાયતમાં ગ્રામજનોના પ્રશ્નો સાંભળ્યા તથા સ્થળ નિરીક્ષણ કરી જરૂરી સૂચનો કર્યા







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૧૮**

નવસારી જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાની દ્વારા વાંસદા તાલુકાની મુલાકાત લઈ વાંદરવેલા ગામની પ્રાથમિક શાળામાં આયોજિત ALIMCO એસેસમેન્ટ કેમ્પ તથા ઝરી ગ્રામ પંચાયતની મુલાકાત લઈ કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીશ્રી કાર્તિક જીવાણી તથા વાંસદા પ્રાયોજના વહીવટદારશ્રી સ્વપ્નીલ સિસેલ ઉપસ્થિત રહ્યા હતા.

વાંસદા તાલુકાના વાંદરવેલા ખાતે દિવ્યાંગજનો તથા વયોવૃદ્ધજનોને સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવાના હેતુસર આયોજિત ALIMCO એસેસમેન્ટ કેમ્પની જિલ્લા કલેક્ટરશ્રીએ મુલાકાત લીધી હતી. આ દરમિયાન કેમ્પ ખાતે લાભાર્થીઓની નોંધણી, દસ્તાવેજોની ચકાસણી તથા એસેસમેન્ટની કામગીરીનું નિરીક્ષણ કરી સંબંધિત અધિકારીઓ પાસેથી જરૂરી વિગતો મેળવી હતી.

તા.૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૦૦ કલાક સુધીમાં કેમ્પમાં કુલ ૧,૧૩૧ વયોવૃદ્ધજનો તથા ૨૮૪ દિવ્યાંગજનો મળી કુલ ૧,૪૧૫ લાભાર્થીઓએ નોંધણી કરાવી હતી. જેમાંથી ૭૪૧ વયોવૃદ્ધજનો તથા ૧૯૧ દિવ્યાંગજનો મળી કુલ ૯૩૨ લાભાર્થીઓનું એસેસમેન્ટ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. એસેસમેન્ટ દરમિયાન કેટલાક લાભાર્થીઓના દસ્તાવેજોમાં ક્ષતિ અથવા જરૂરી દસ્તાવેજોની અછત જણાઈ આવતાં, તેમની દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરાવી આગામી તબક્કે પાત્રતા મુજબ લાભ મળી રહે તે માટે જિલ્લા કલેક્ટરશ્રીએ વાંસદા પ્રાંત અધિકારીશ્રી તથા સંબંધિત અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

ત્યારબાદ જિલ્લા કલેક્ટરશ્રીએ વાંસદા તાલુકાના ઝરી ગામની ગ્રામ પંચાયતની મુલાકાત લઈ ઉપસ્થિત ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો. ગ્રામજનોના પ્રશ્નો તથા રજૂઆતો સાંભળી તેમના યોગ્ય અને સમયબદ્ધ નિરાકરણ માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રીએ તલાટી-કમ-મંત્રી તથા સરપંચશ્રી પાસેથી ગામમાં આવેલા જર્જરિત સરકારી મકાનો અંગેની વિગતો મેળવી હતી અને જર્જરિત તથા જોખમી મકાનો અંગે નિયમોનુસાર જરૂરી કાર્યવાહી કરી વહેલી તકે ડિમોલિશનની કામગીરી હાથ ધરવા કડક સૂચના આપી હતી.

જિલ્લા કલેક્ટરશ્રીની આ મુલાકાત દરમિયાન વાંસદા પ્રાંત અધિકારીશ્રી ભાર્ગવ માહાલા સહિત વહીવટી તંત્રના સંબંધિત અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિથ રહ્યા હતા.

# આજથી વલસાડ જિલ્લાના ખેડૂતો એપ્લિકેશનના માધ્યમથી ખાતર ખરીદી શકે તે માટે તાલીમનો પ્રારંભ થશે

## જે તે ગામની ગ્રામ પંતાયત ખાતે સેજા પ્રમાણે ગ્રામ સેવકો દ્વારા ખેડૂતોને તાલીમ આપવામાં આવશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૮**

વલસાડ જિલ્લામાં “FSAS - Fertilizer Sale Application System” અંગે માર્ગદર્શન અને એપ્લિકેશનનાં માધ્યમથી ખેડૂતોને ખાતરની ખરીદી કરી શકે તે હેતુથી તા.૧૮ થી તા.૩૧ ઓગસ્ટ સુધી તાલીમ/કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે મુજબ જે તે ગામની ગ્રામ પંચાયત ખાતે ગ્રામ સેવક દ્વારા સેજા અનુસાર ખેડૂતોને તાલીમ આપવામાં આવશે.

ભારત સરકાર દ્વારા ખાતર વેચાણ વ્યવસ્થાને વધુ પારદર્શક અને સુવ્યવસ્થિત બનાવવા માટે રાજ્યમાં Fertilizer Sale Application System (FSAS) અમલીકરણમાં મુકવામાં આવ્યું છે. હાલ બનાસકાંઠા અને નવસારી જિલ્લામાં તા.૧૫.૦૬.૨૦૨૬થી પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલ શરૂ કરાયો છે. ભારત સરકાર દ્વારા આપેલી સુચના અનુસાર રાજ્યના બાકી જિલ્લાઓમાં પણ રાજ્યમાં Fertilizer Sale Application System (FSAS) અમલીકરણ કરવા સુચના આપવામાં આવી છે.

આ એપ્લિકેશનનાં અમલીકરણ સુચારુ રૂપે થાય તે માટે ગ્રામ્ય કક્ષાએ દરેક ગામદીઠ ડેડીકેટેડ VCE/VLE, તલાટી, ગ્રામ સેવક, કૃષિ સખી/CRP, આત્મા સ્ટાફ, બાગાયત મદદનીશને ગામ વાઈઝ જવાબદારી સોંપવાની થાય છે. જે અન્વયે કર્મચારી પોતાના સેજાના ગામોમાં Fertilizer Sale Application System (FSAS) અંગે માર્ગદર્શન અને આ એપ્લિકેશનનાં માધ્યમથી ખેડૂતોને ટોકન/QR CODE કેવી રીતે મેળવી સરળતાથી ખાતરની ખરીદી કરી શકે તે હેતુથી તાલીમ/કેમ્પનું આયોજન આગામી તા.૧૯/૦૮/૨૦૨૬ થી ૩૧/૦૮/૨૦૨૬ દરમ્યાન કરવામાં આવ્યું છે.

સાથે જ જે ખેડૂતોનું ફાર્મર રજીસ્ટ્રેશન (ખેડૂત નોંધણી) બાકી છે તે તમામ ખેડૂતોએ ખેડૂત નોંધણી VCE/CSC અથવા જાતે કરવાની થાય છે, વધુમાં ગ્રામસેવકનો સંપર્ક કરી ખેડૂત નોંધણી કરાવી શકાય છે. ખેડૂત નોંધણી કરાવેલ ખેડૂતો ખાતર એડવાન્સમાં બુક કરાવી શકાશે. સરકારની વિવિધ યોજનાનો લાભ લેવામાં સરળતા રહેશે. પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે માટે ખાસ ઝૂંબેશ ચલાવવામાં આવનાર છે જેમાં ખેડૂતો બહોળી સંખ્યામાં લાભ લે તે જરૂરી છે. ખેડૂત ઉપયોગી ‘‘કૃષિ પ્રગતિ એપ’’ ડાઉનલોડ કરી તેમાં પાકોની વિગત અને કાળજી લેવાની થાય તેનું માર્ગદર્શન મળી રહે છે, જેથી વધુમાં વધુ કૃષિ પ્રગતિ એપ ડાઉનલોડ કરવાની ખેડૂતોને અપીલ છે. આ નવીન પધ્ધતિની જાણકારી અર્થે વધુમાં વધુ ખેડૂતો ભાગ લે એવુ જિલ્લા ખેતીવાડી અધિકારી, વલસાડ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો.
સંજય તાડા : 99244 66899

# વલસાડના રાબડાની સાર્વજનિક માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓને સ્પોર્ટ્સ ડ્રેસનું વિતરણ કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૮**

વલસાડ તાલુકાના રાબડા ગામમાં આવેલી સાર્વજનિક માધ્યમિક શાળા ખાતે બાલદા ગામના નિવાસી વિમલભાઈ ઠાકોરભાઈ પટેલ તથા જિજ્ઞેશભાઈ ઈશ્વરભાઈ પટેલ તરફથી શાળાના ધોરણ-૯ના આશરે ૩૩ જેટલા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્પોર્ટ્સ ડ્રેસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓ રમતગમત ક્ષેત્રે ઉત્સાહપૂર્વક ભાગ લે, પોતાની પ્રતિભાને નિખારે અને રમતગમતના ક્ષેત્રે આગળ વધીને શાળા તથા ગામનું નામ રોશન કરે તેવા શુભ આશયથી આ સુંદર સહયોગ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાલદા ગામના નિવાસી જિજ્ઞેશભાઈ, મિતુલભાઈ, મનીષભાઈ, હિતેશભાઈ, સંદીપભાઈ તથા ચિંતનભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય મિતેશભાઈએ શાળા પરિવાર વતી આભારવિધિ કરી દાતાઓના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના તેમના સેવાભાવી અભિગમને બિરદાવ્યો હતો.

# વાપી ડુંગરા સ્થિત નેશનલ ગર્લ્સ હાઈ સ્કૂલ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

નેશનલ ગર્લ્સ હાઈ સ્કૂલમાં ૧૫મી ઓગસ્ટે ભારતના સ્વતંત્રતા દિવસની ઉજવણી અત્યંત ઉત્સાહ અને દેશભક્તિની ભાવનાથી કરવામાં આવી હતી.

રાષ્ટ્રધ્વજની ધ્વજારોહણ વિધિ ટ્રસ્ટી જનાબ હાજી યાકુબ સય્યદના હસ્તે કરવામાં આવી હતી. તેમણે આ પ્રસંગે હાજર લોકોને સંબોધન પણ કર્યું હતું.

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ નર્સરી, જુનિયર કે.જી. અને સિનિયર કે.જી.ના નાના બાળકો હતા. તેઓ મહાન રાષ્ટ્રીય નેતાઓ અને સ્વતંત્રતા સેનાનીઓના વેશમાં આવ્યા હતા. તેમના રંગબેરંગી પોશાક અને આત્મવિશ્વાસભર્યા પ્રસ્તુતિથી દેશભક્તિની ભાવના સુંદર રીતે વ્યક્ત થઈ હતી.

કાર્યક્રમમાં અતિથિઓની હાજરીથી વધુ શોભા વધી. તેમણે બાળકોને પ્રોત્સાહન આપ્યું અને તેમની પ્રશંસા કરી હતી. વિદ્યાર્થીઓ અને અતિથિઓમાં મીઠાઈઓ પણ વહેંચવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આનંદ, ગૌરવ અને રાષ્ટ્રીય ભાવનાનો માહોલ છવાયો હતો. નાના બાળકોને ભારતના મહાન નેતાઓ અને તેમના યોગદાન વિશે જાણવાની સુંદર તક મળી હતી. સમગ્ર કાર્યક્રમે હાજર સૌને ઊંડી છાપ છોડી અને વિદ્યાર્થીઓમાં દેશભક્તિના મૂલ્યો વધુ મજબૂત બનાવ્યા હતા.

**CHANGE OF NAME**
**OLD NAME:** AKEN SHARDA VITTHAL
**NEW NAME:** **VAISHALI BALKRISHNA ANDYAL**
**ADDRESS:** 15-41/A/F-1 A, Khariwad, Nani Daman, Daman 396210, District Daman.

**CHANGE OF NAME**
I HAVE CHANGED MY NAME FROM SAILESH CHAMPAK LAL SHAH TO **SHAILESH CHAMPAKLAL SHAH** AS PER DOCUMENT
**ADDRESS:** H. NO.1057, HOTEL RITZ, NR GOVT BUS DEPO, TOKARKHADA, SILVASSA-396230

**CHANGE OF NAME**
I HAVE CHANGE OF MY NAME FROM DINESHKUMAR JETHMAL SHRISHRIMAL TO **NEW NAME DINESH JETHMAL SHAH**
**ADD.** J B PALACE, TIRUPATI NAGAR, TOKARKHADA, SILVASSA- 396230, UT OF DNH&DD

**CHANGE OF NAME**
I HAVE CHANGED MY NAME FROM VINITKUMAR MUNDRA TO **VINITKUMAR KALURAM MUNDRA** AS PER DOCUMENT
**ADDRESS:** 01, MADI SADAN, VRUNDAVAN SOCIETY,SILVASSA - 396230

સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન
જાહેર બાંધકામ વિભાગ – દીવ
**ટેન્ડર આમંત્રિત કરવાની સુચના**
પદ્મ ભૂષણ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ - દીવ અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ઘોઘલા ખાતે ટેનિસ કોર્ટ ફેન્સિંગનું વધારાનું કામ તથા સમારકામ અને ફિલ્ટરેશન સિસ્ટમ સહિતના અન્ય પરચુરણ સિવિલ કામો.
For details please scan
https://ddtenders.gov.in
eepwd-diu-dd@nic.in
02875-252294

| | | |
|---|---|---|
| ટેન્ડર સુચના નં. તથા ઓળખ નં. | : | 40/2026-2027 (2026_DIUDT_4925_1) |
| પ્રી-બીડ મીટીંગ ની તારીખ | | -- |
| ડાઉનલોડ ની છેલ્લી તારીખ | : | 25/08/2026 |
| ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ | : | 25/08/2026 |
| બીડ ખોલવાની તારીખ | : | 25/08/2026 |

કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.
No. IP/DMN/2/5/2026-27/438, Dated: 18/08/2026

વર્તમાન પ્રવાહ
વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વલસાડના કેવાડાના રહેણાંક વિસ્તાર અને ખેતીની જમીન પર કેમિકલ અને પેપર મિલ ફેક્ટરીનો વિરોધ, ગ્રામજનો આકરા પાણીએ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૮**

વલસાડ તાલુકાના કેવાડા ગામમાં રહેણાક વિસ્તાર નજીક ખેતીલાયક જમીન પર કેમિકલ અને પેપર મિલ (પલ્પ ઉદ્યોગ) સ્થાપવાની હિલચાલ સામે ગ્રામજનોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. કેવાડા ગામના આહીર ફળિયું વોર્ડ નં.૦૮ના રહીશો તેમજ સમગ્ર ગ્રામજનોએ એકસૂરે આ ઔદ્યોગિક એકમનો સખત વિરોધ નોંધાવ્યો હતો અને આ અંગે ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆત કરી છે.

મળતી માહિતી મુજબ, કેવાડા ગામના સર્વે નંબર ૦૧, બ્લોક નંબર ૮૪ ના ખાતેદાર પરષોતભાઈ પરભૂભાઈ પટેલ દ્વારા તેમની માલિકીની ખેતીલાયક જમીન પર છેલ્લા થોડા દિવસોથી પેપર મિલ બનાવવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે. સ્થળ પર પેપર મિલના મોટા મશીનો પણ લાવીને મુકી દેવામાં આવ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે આ જમીન નજીકના ભવિષ્યમાં પેપર મિલના માલિકોને ભાડાપટ્ટે અથવા વેચાણથી આપીને ગેરકાયદેસર રીતે ઔદ્યોગિક પ્રવૃત્તિ શરૂ કરવાનો ઈરાદો સેવવામાં આવી રહ્યો છે.

આહીર ફળિયાના રહીશોનો મુખ્ય વ્યવસાય પશુપાલન અને ખેતી છે. આ વિસ્તારમાં દાયકાઓથી વસવાટ કરતા લોકોનું કહેવું છે કે, રહેણાક વિસ્તારની સાવ નજીક કેમિકલ યુક્ત પેપર મિલ શરૂ થવાથી પ્રદૂષણ વધશે, જેનાથી પશુપાલન અને ગ્રામજનોના આરોગ્ય પર ગંભીર વિપરીત અસર પડશે.

કંપનીના માલિકો દ્વારા સ્થાનિકોને રોજગારી આપવાનું બહાનું બતાવવામાં આવી રહ્યું છે. પરંતુ ગ્રામજનોનું સ્પષ્ટ કહેવું છે કે કેવડા ગામથી માત્ર ૧ કિલોમીટરના અંતરે 'ગુંદલાવ જીઆઈડીસી આવેલી છે, જ્યાં તમામ લોકો માટે પૂરતી રોજગારીની તકો ઉપલબ્ધ છે. તેથી રોજગારીના નામે ગામમાં પ્રદૂષણ ફેલાવતી ફેક્ટરી લાવવાની કોઈ જરૂર નથી.

આ સમગ્ર મામલે ગ્રામજનો, આહીર ફળિયાના રહીશો તથા ગ્રામ પંચાયતના તમામ સભ્યોની સહીઓ સાથેનું આવેદનપત્ર તૈયાર કરી પ્રાંત અધિકારી (વલસાડ), મામલતદાર (વલસાડ) અને કેવાડા ગ્રામ પંચાયતને રવાના કરવામાં આવ્યું છે.

માનવતાના ધોરણે આ ખેતીલાયક જમીન પર કેમિકલ કે પેપર મિલ સ્થાપવાની મંજૂરી ન આપવા અને હાલમાં ચાલી રહેલી પ્રવૃત્તિઓનું તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરી યોગ્ય કાનૂની પગલાં ભરવા ગ્રામજનોએ તંત્ર પાસે ઉગ્ર માંગ કરી છે. જો સમયસર યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં આંદોલન વધુ તેજ બનવાની શક્યતા છે.

### ભગવાનની ભક્તિ માટે ઘર કે મંદિરની જરૂર નથી હોતીઃ આપણાંમાં સાચી શ્રદ્ધા હોવી જોઈએ એનુ એક ઉત્તમ ઉદાહરણ

# ચીખલી ચાર રસ્તા હાઈવે ઓવરબ્રિજ નીચે કાદવ કીચડમાં શ્રમજીવી પરિવારની દશામાં પ્રત્યે અડગ આસ્થા



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૧૮**

જ્યાં ભક્તિ હોય ત્યાં શક્તિ આપોઆપ પ્રગટે છે. આ કહેવતને સાર્થક કરતુ દ્દશ્ય ચીખલી ચાર રસ્તા ઓવરબ્રિજ નીચે જોવા મળ્યું હતું. રોજીરોટી માટે શહેરે શહેર ભટકતું અને જ્યાં પડાવ પડે ત્યાં મજૂરી કરીને પરિવારનું ગુજરાત ચલાવતું એક શ્રમજીવી પરિવાર મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે પણ માતાજી પ્રત્યની પોતાની અડગ શ્રદ્ધા જાળવી રહ્યું છે.

મૂળ અમદાવાદના ભાઈપુરા વિસ્તારના રહેવાસી સોનલબેન વિજયભાઈ દંતાણી છેલ્લા ઘણા વર્ષોથી પરિવાર સાથે અલગ-અલગ શહેરોમાં જઈ પડાવ નાંખી છૂટક મજૂરી કરીને જીવનનિર્વાહ કરતા આવ્યા છે. આ પરિવાર માટે જીવનમાં સંઘર્ષ નવો નથી. રોજનું કામ મળે તો ચૂલો સળગે અને મહેનતના પરસેવાથી પરિવારની જરૂરિયાતો પૂરી થાય તેવી પરિસ્થિતિ વચ્ચે પણ માતાજી પ્રત્યેની આસ્થા ક્યારેય ઓછી થઈ નથી.

ચીખલી ચાર રસ્તા હાઈવે ઓવરબ્રિજ નીચે હાલ પડાવ નાંખેલા આ પરિવારે નાની એવી જગ્યામાં દશામાંની મૂર્તિની સ્થાપના કરી બાળકી અને તેની માતા દ્વારા શ્રદ્ધાભેર માતાજીની પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. આ પરિવાર છેલ્લા ૨૯-વર્ષથી દશામાંની સ્થાપના કરવાની પરંપરા જાળવી રાખી છે. જ્યાં જ્યાં પરિવારનો પડાવ પડે છે. ત્યાં ત્યાં તેઓ પોતાની સાથે માતાજીની ભક્તિ અને શ્રદ્ધા-ભાવથી દશામાંની આરાધના કરે છે. એક તરફ દશામાંની શણગારેલી મૂર્તિ સામે દીવા, પ્રસાદ અને પૂજાની સામગ્રીથી ભક્તિનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

સોનલબેનના પતિ શારીરિક રીતે અસ્વસ્થ રહેતા હોવા છતાં આવી વિકટ પરિસ્થિતિમાં પરિવારની જવાબદારીનો મોટો હિસ્સો સોનલબેન અને તેમની દીકરીના ખભા પર આવી ગયો છે. માતા-દીકરી દિવસ દરમિયાન મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. જીવનની મુશ્કેલીઓ વચ્ચે પણ માતાજી પ્રત્યેની તેમની શ્રદ્ધા અને પરંપરા પ્રત્યેની નિષ્ઠા અડગ રહી છે.

આ દ્દશ્ય માત્ર ધાર્મિક આસ્થાનું નહીં પરંતુ સંઘર્ષ સામે હિંમતથી ઊભા રહેવાની પ્રેરણાનું પણ પ્રતીક બની રહ્યું છે. સુખ-સગવડથી દૂર, મજૂરીના પરસેવાથી જીવન ચલાવતું આ પરિવાર બતાવી રહ્યું છે કે ભક્તિ માટે ભવ્ય મંદિર કે મોટી વ્યવસ્થા જરૂરી નથી સાચી શ્રદ્ધા હોય તો નાની ઝૂંપડીથી લઈને ઓવરબ્રિજ નીચેનો પડાવ પણ આસ્થાનું સ્થાન બની શકે છે.

દશામાંની આરાધના કરતા આ પરિવારે મુશ્કેલીઓ ભલે ગમે તેટલી મોટી હોય પરંતુ શ્રદ્ધા અને હિંમત મનુષ્યને જીવનના સંઘર્ષ સામે લડવાની શક્તિ આપે છે. ૨૯-વર્ષથી જળવાતી આ પરંપરા તેમના માટે માત્ર ધાર્મિક વિધિ નથી. પરંતુ જીવનના કપરા રસ્તે આશા અને વિશ્વાસનો આધાર બની છે.


# વાપી છરવાડા નજીક બિલખાડીના ગંદા પાણીમાં દેશની આન બાન શાન સમાન તિરંગા ઝંડા મળી આવ્યા

### સ્વતંત્રતા દિવસની ઉજવણી કર્યા બાદ આ કુચેષ્ઠા કોણે કરી? ઘટના સામે કઠોર કાર્યવાહીની ઉઠેલી માંગ









**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

તાજેતરમાં વાપી સહિત જિલ્લાભરમાં ૮૦માં સ્વતંત્રતા દિવસની ઉજવણી હર્ષોલ્લાસ ઉમંગથી કરવામાં આવી હતી. ઠેર ઠેર ધ્વજવંદન કાર્યક્રમ યોજાયા હતાં. તિરંગાને સલામી આપવામાં આવી હતી. તેવા દેશની આન બાન અને શાન એવા તિરંગાના અપમાનની નિંદનીય ઘટના ઘટી છે. વાપી છરવાડા નજીક બિલખાડીના ગંદા પાણીમાં તિરંગાનો જથ્થો વહેતો મળી આવતા ઘટનાએ ભારે ચકચાર મચાવી છે.

વાપી બિલખાડીમાં ગંદા પાણીમાં તરતા સ્થાનિકોને જોતા જ અગ્રણી દેશપ્રેમીઓએ પાણીમાં વહેતા તિરંગાને બહાર કાઢવાની તજવીજ હાથ ધરી હતી. તિરંગો રાષ્ટ્રધ્વજ છે. તિરંગાનું અપમાન એ રાષ્ટ્રના અપમાન સમાન છે. ત્યારે આ રાષ્ટ્રનું અપમાન કોણે કર્યું તે હવે તપાસનો વિષય ચોક્કસ બને છે. દેશ વિરોધી બુદ્ધિહીન આ કુચેષ્ટા કોણે કરી તેની તળીયા ઝાટક તપાસ હાથ ધરીને જવાબદાર વિરુદ્ધ કઠોર કાર્યવાહી કરવાની સ્થાનિકોએ માંગ કરી છે.

### સંત નિરંકારી મિશન દ્વારા મુક્તિ પર્વનાં દિવસે રક્તદાન શિબિરનું આયોજન

# સેલવાસ અને ઉમરગામમાં ૬૩૭ નિરંકારી ભક્તોએ કર્યું રક્તદાન



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજ અને નિરંકારી રાજપિતાજીના પાવન આશીર્વાદથી સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન (SNCF) દ્વારા ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સેલવાસ અને ઉમરગામમાં બે રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૬૩૭ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ શિબિરો દ્વારા મિશન નિઃસ્વાર્થ સેવા અને માનવ કલ્યાણ કાર્યો પ્રત્યે પોતાની અટલ પ્રતિબદ્ધતાને ફરી એક વખત મજબૂત કરી છે. આ અવસરે અનેક ગણમાન્ય અતિથિઓએ શિબિરમાં ઉપસ્થિતિ આપીને મિશનના આ માનવીય સેવા કાર્યની પ્રશંસા કરી હતી.

**સેલવાસમાં ૨૭૫ યુનિટ રક્તદાનઃ** ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ સરકારી કોલેજ હોલ, ડોકમરડી ખાતે આયોજિત રક્તદાન શિબિરમાં સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશનનાં નેજા હેઠળ ૨૭૫ નિરંકારી ભક્તોએ ભારે ઉત્સાહ સાથે રક્તદાન કર્યું હતું. આ શિબિરમાં સંત નિરંકારી મિશનની સેલવાસ, ગલોંડા અને કરજગામ બ્રાન્ચોના શ્રધ્ધાળુઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો, જેમાં રેડ ક્રોસ રક્તદાન કેન્દ્ર સેલવાસ દ્વારા રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.

**ઉમરગામમાં ૩૬૨ યુનિટ રક્તદાનઃ** ઉમરગામ ખાતે ગુજરાતી કુમારશાળામાં આયોજિત રક્તદાન શિબિરમાં ૩૬૨ નિરંકારી શ્રદ્ધાળુઓએ ઉત્સાહ સાથે રક્તદાન કર્યું. આ શિબિરમાં ઉમરગામ સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં નિરંકારી ભક્તો તેમજ આજુ-બાજુ વિસ્તારનાં લોકોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો જેમાં વલસાડ રક્તદાન કેન્દ્ર અને GMERS મેડિકલ કોલેજ અને હોસ્પિટલ વલસાડ દ્વારા આ શિબિરમાં રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.

આ બન્ને શિબિરોને સ્થાનિક સંયોજકની દેખરેખ હેઠળ સેવાદળ સ્વયંસેવકોના સમર્પિત પ્રયાસોથી સુવ્યવસ્થિત અને સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

### ધોડીપાડા ખાતે ભાગવત કથાના છઠા દિવસે કૃષ્ણ-રૂક્ષ્મણી વિવાહ પ્રસંગ ઉજવાયો

# "વિષયાનંદી જીવને પરમાનંદ અનુભવાતો નથી": વિશ્વપ્રસિદ્ધ કથાકાર પ.પૂ. પ્રફુલભાઈ શુકલ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ધોડીપાડા, તા.૧૮**

ઉમરગામ તાલુકાના ધોડિપાડા સાંસ્કૃતિક હોલમાં ધારાસભ્યશ્રી રમણલાલ પાટકર અને કથા કન્વીનર શ્રી વિજયભાઈ પાટકર દ્વારા આયોજિત વિશ્વ પ્રસિદ્ધ કથાકાર પ.પૂ. શ્રી પ્રફુલભાઈ શુક્લની અષ્ટોતર સત સમૂહ ભાગવત કથામાં આજે છઠા દિવસે શ્રી કૃષ્ણ વિરહની કરુણ કથા અને રૂક્ષ્મણી કૃષ્ણ વિવાહ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો હતો. આ પૂર્વે નિત્ય ક્રમ અનુસાર દશાંશ યજ્ઞ સંપન્ન થયો હતો. સમસ્ત પાટકર પરિવાર દ્વારા પિતૃ પૂજન, વ્યાસપૂજન અને પોથી પૂજન કરવામાં આવ્યું હતું.

આજે ભગવાનના ગોકુળ વિદાયની કથા પ્રસંગે વિશાળ સંખ્યામાં ભાવિક ભક્તો સજળ નેત્રે ભાવુક બન્યા હતા. કથાકાર પ.પૂ. શ્રી પ્રફુલભાઈ શુક્લએ વ્યાસપીઠ પરથી ભાવવાહી શૈલીમાં વણવ્યું હતું કે, 'જે આકર્ષે છે એ શ્રી કૃષ્ણ છે.' આ જગતમાં જીવ હંમેશા પોતાનાઓથી હેરાન થયો છે, ભરોસો એજ ભગવાન છે, વિશ્વાસ આખા વિશ્વનો શ્વાસ છે, રૂક્ષ્મણી વિવાહ એ જીવ અને ઈશ્વરનું મિલન છે, વિષયાનંદી જીવને પરમાનંદ અનુભવાતો નથી.'

આજના કૃષ્ણ-રૂક્ષ્મણી વિવાહ પ્રસંગે શ્રી કિકુભાઈ પટેલ અને એમનો પરિવાર ભગવાન શ્રી કૃષ્ણ પરમાત્માની જાન લઈને પધાર્યા હતા, જ્યારે વિજયભાઈ પાટકર અને એમના પરિવારે માં રૂક્ષ્મણી પક્ષે રહીને કન્યાદાન કર્યું હતું. શ્રી દિનેશભાઈ (કલગામ) અને એમના પરિવારે મોસાળ પક્ષે રહીને મોસાળુ ભર્યું હતું. મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ભગવાન શ્રી કૃષ્ણની જાનમાં કીર્તનમાં ઝુમ્યા હતા. ગંધર્વ વૃંદ શ્રી જયાનંદ મહારાજ, શ્રી પ્રતીક પટેલ, શ્રી હરેશ જાની, શ્રી બંટી પટેલ, શ્રી કિશન દવે દ્વારા લગ્ન ગીત ગાવામાં આવ્યા હતા.

આજની કથામાં ખાસ ઉપસ્થિત રહેલા શ્રી મિલનભાઈ દેસાઈ, શ્રી યોગેશભાઈ, પંકજભાઈ બોરલાઈ વાલા, શ્રી અનિલભાઈ, શ્રી પંકજભાઈ, શ્રી પરભુભાઈ પાટકર, શ્રી રઘુભાઈ (અંકલાસ), શ્રી દિલીપભાઈ ભંડારી, શ્રી શૈલેષભાઈ વાશી, શ્રી દિનેશભાઈ ધોળીનું કથાના આયોજકો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

આવતી કાલે સાતમા દિવસે કથામાં સુદામા ચરિત્રની કથાના વર્ણન સાથે કથાને વિરામ આપવામાં આવશે.

# ટુકવાડા હાઈવે ઉપર જઈ રહેલી ચાલું કારમાં આગ લાગી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

વાપી નજીક ટુકવાડા નેશનલ હાઈવે નં.૪૮ ઉપર જઈ રહેલી ચાલુ કારમાં અચાનક ભીષણ આગ લાગી આગમાં કાર આખી જ્વાળાઓની લપેટમાં આવી ગઈ હતી. ઘટનાને લઈ હાઈવે ટ્રાફિક પ્રભાવિત થયો હતો.

# વલસાડમાં વેતન વધારાની માંગ સાથે આંગણવાડી બહેનોએ રેલી યોજી-કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું

**બહેનોને માત્ર ૪૫૦૦ રૂપિયા વેતન અપાય છે. અન્ય યોજનાઓમાં પણ ફરજો અપાય છે. બહેનોના આર્થિક શોષણનો મામલો ઉઠ્યો**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૮**

વલસાડ જિલ્લામાં આંગણવાડીમાં ફરજ બજાવતી બહેનોએ આજે વેતન વધારા સહિતની માંગણીઓ સાથે શહેરમાં રેલી યોજી હતી. રેલી કલેક્ટર કચેરીએ પહોંચીને આવેદનપત્ર આપ્યું હતું. કાર્યક્રમમાં આશા વર્કર બહેનો પણ જોડાઈ હતી.

જિલ્લામાં વિવિધ આંગણવાડીમાં ફરજ બજાવતી બહેનોએ આજે પગાર વધારાની માંગણી સહિત ટીએડીએ મળતુ નહી હોવાથી તેમની માંગણીઓ પુરી કરવા માટે વિરોધ સાથે રેલી યોજી હતી. આંગણવાડી બહેનોના અગ્રણી કાર્યકર સંધ્યાબેન ફરફરીયાએ જણાવ્યું હતું કે, બહેનોને મહિને માત્ર ૪૫૦૦ નો પગાર અપાય છે. તેમજ સરકારની અન્ય યોજનાઓમાં ફરજ બજાવાય છે. આઠ-દશ કલાક મહેનતનું પુરતુ વળતર મળતું નથી. મધ્યાહન ભોજન લાવવાનું ભાડું પણ આપવામાં આવતું નથી. કેટલીક આંગણવાડી સ્કૂલ બે બે કિલોમીટર દૂર હોય છે તેનું જવા આવવાનું ટીએડીએ પણ ચુકવાતું નથી. બહેનોને ગુજરાન ચલાવવાની ભારે મુશ્કેલી પડી રહી છે તેથી અમે વેતન વધારવાની માંગણી કરી છે. જો વેતન વધારવામાં નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરીશું. રેલી શહેરમાં ફરીને કલેક્ટર કચેરી પહોંચી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.